ગૂજરાતી ચોથી સાહિત્યપરિષદમાં રજુ થયેલ નિબંધ.

# શ્રીમદ્ યશોવિજયજીનું જીવન

અને તેમનું

# ગૂજરાતી સાહિત્ય,


લેખક,

યોગાનષ્ઠ મુનિ શ્રીમદ્ બુદ્ધિસાગરજી.


'શનિ-'


ચૈત્ર માસ—વીર સંવત ૨૪૩૮.

પ્રસિદ્ધ કર્ત્તા,

અમદાવાદ

શ્રીજૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બૉર્ડીંગ તરફથી

શંકરલાલ ડાહ્યાભાઇ કાપડીયા.

સુપ્રીન્ટેન્ડન્ટ.

કીંમત. ૦-૩-૦. બુદ્ધિપ્રભાના ગ્રાહકોને ૦-૨-૦.

અમદાવાદ શ્રી "સત્યવિજય" પ્રિન્ટીંગ પ્રેસમાં શા. સાંકળચંદ હરીલાલે છાપ્યો.

ગૂજરાતી ચોથી સાહિત્ય પરિષદમાં રજુ થયેલ નિબંધ.

# શ્રીમદ્ યશોવિજયજીનું જીવન

અને તેમનું

# ગૂજરાતી સાહિત્ય.

લેખક,

યોગનિષ્ઠ મુનિ શ્રીમદ્ બુદ્ધિસાગરજી.

ચૈત્ર માસ—વીર સંવત ૨૪૩૮.

પ્રસિદ્ધ કર્ત્તા,

અમદાવાદ.

શ્રીજૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગ તરફથી

શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીયા.

સુપ્રીન્ટેન્ડન્ટ.

કીંમત. ૦-૩-૦. બુદ્ધિપ્રભાના ગ્રાહકોને ૦-૨-૦.

અમદાવાદ શ્રી "સત્યવિજય" પ્રિન્ટીંગ પ્રેસમાં શા. સાંકળચંદ હરીલાલે છાપ્યો.

# શુદ્ધિપત્ર.

| પાનું | લીટી | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|
| ૧ | ૧ | જન | જૈન |
| ,, | ૮ | ઉપાપ | ઉપાય |
| ૨ | ૯ | સૂરી | સૂરિ |
| ,, | ૨૫ | મુનીવર | મુનિવર |
| ૩ | ૩૧ | સ્વિકારશો | સ્વીકારશો |
| ,, | ૩૬ | દિક્ષા | દીક્ષા |
| ૪ | ૫ | લાભાવજયજી | લાભવિજયજી |
| ૫ | ૧ | પ્રસંગોપાત | પ્રસંગોપાત્ત |
| ,, | ૭ | **न्यायविशारद्** | **न्यायविशारद** |
| ,, | ૧૨ | ઉધાર્થ | ઉદ્ધોતાર્થ |
| ,, | ૧૩ | અન્તર્ધાન્ | અન્તર્ધાન |
| ,, | ૩૨ | બિરૂદ્ | બિરૂદ |
| ૬ | ૮ | પબળ | પ્રબળ |
| ,, | ૯ | પરિક્ષા | પરીક્ષા |
| ,, | ૧૧ | વિધમાન | વિદ્યમાન્ |
| ,, | ૧૫ | સ્વિકારી | સ્વીકારી |
| ,, | ૧૮ | પરિક્ષા | પરીક્ષા |
| ,, | ૨૪ | પરૂપણા | પ્રરૂપણા |
| ,, | ૩૬ | વિદ્વાન | વિદ્વાન્ |
| ૭ | ૪ | ,, | ,, |
| ,, | ૭ | વાંચકોના | વાચકોના |
| ,, | ૧૨ | વાંચકો | વાચકો |
| ,, | ૩૫ | ભગતતી | ભગવતી |
| ૮ | ૬ | ઉપાધ્યાય | ઉપાધ્યાયે |
| ,, | ૨૯ | સ્વિકાર | સ્વીકાર |
| ૧૦ | ૧૦ | સરલ | સરસ |
| ,, | ૨૯ | ઈત્યાદિ | અષ્ટપદીનાં |
| ૧૧ | ૪ | પરિક્ષા | પરીક્ષા |
| ,, | ૫ | સડસટ | સડસઠ |
| ૧૨ | ૩૫ | વિધિવાદ્ | વિધિવાદ |
| ૧૩ | ૨૮ | વિરસ્તુતી | વીરસ્તુતિ |
| ૧૪ | ૨૩ | પ્રસંગોપાત | પ્રસંગોપાત્ત |
| ,, | ,, | પ્રષલિત | પ્રચલિત |
| ,, | ૩૬ | ગગા | ગંગા |

| પાનું | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૫ | ૫ | સ્વિકારીને | સ્વીકારીને |
| ,, | ૧૧ | સ્મરણુ | સ્મરણુ |
| ૧૬ | ૧ | આધિન | આધીન |
| ,, | ૧૪ | તુંમ | તુમ |
| ,, | ૧૬ | અણુ માંહે | અણુમાંહે |
| ,, | ,, | તુ | તું |
| ,, | ૨૧ | અજરિજ | અચરિજ |
| ,, | ,, | સિંધુરે | સિંધુરે |
| ,, | ૨૫ | સહજાન્દ | સહજાનન્દ |
| ,, | ૨૯ | શુન | શૂન |
| ૧૮ | ૭ | પરિણુતીમાં | પરિણુતિમાં |
| ,, | ૩૩ | ચક્રવાતની | ચક્રવર્તિની |
| ૧૯ | ૨૧ | તત્વજ્ઞાની | તત્ત્વજ્ઞાની |
| ૨૦ | ૧૪ | ગાભત | ગર્ભિત |
| ૨૨ | ૪ | કુંચ્ચન | કંચન |
| ,, | ૧૦ | વપ્રાવજય | વપ્રવિજય |
| ,, | ૩૬ | તેહ થકી | તેહથકી |
| ૨૩ | ૨૯ | તુ સત્ર | તુસમાત્ર |
| ૨૪ | ૯ | અબંબ | અબંભ |
| ,, | ૧૧ | ઘણ્ાું | ઘણું |
| ૨૫ | ૩૫ | રહેય છે | રહેપછે |
| ૨૬ | ૨૦ | પમાણિકતા | પ્રમાણિકતા |
| ,, | ૨૯ | તજ્વાર્થી | તજ્યાર્થી |
| ,, | ૩૨ | શુધ | શુદ્ધ |
| ૨૭ | ૨૨ | ાનન્દાનો | નિન્દાનો |
| ,, | ,, | ટાળ | ઢાળ |
| ,, | ૨૪ | જ્ઞાન તણો | જ્ઞાનતણો |
| ૨૮ | ૯ | વિશોષતઃ | વિશેષતઃ |
| ૨૯ | ૧ | ધડવાકર | ધડવાકર |
| ,, | ૩ | બ્રહ્મદ્રય | બ્રહ્મઅદ્વય |
| ,, | ૭ | વિમણા વલીસમી | વિમણાવલીસમી |
| ,, | ,, | મંચાતિ મંચની | મંચાતિમંચની |
| ,, | ૨૩ | કર માંહે | કરમાંહે |
| ,, | ૨૬ | વ્યતિ કરે | વ્યતિકરે |

| પાનું | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૩૧ | ૩ | હુઆં | હુઆ |
| ,, | ૬ | સુભટ્ | સુભટ |
| ,, | ૧૮ | રણુ મૂંઝે | રણુ ન મૂંઝે |
| ,, | ૨૪ | અસિચ્છિન્ય | અસિચ્છિન્ન |
| ,, | ૨૮ | અતરિત | અંતરિત |
| ,, | ૩૨ | ચુલે | પુલે |
| ,, | ૩૪ | અધ્રૂરી | અધૂરી |
| ૩૨ | ૨૨ | નરપતી | નરપતિ |
| ,, | ૩૬ | સસનેણેરે | સસનેહેરે |
| ૩૩ | ૨૨ | ક્રોધજળ ન | ક્રોધજલન |
| ,, | ૨૫ | મારોરે | પારોરે |
| ૩૪ | ૭ | શણુધારે | શણગારે |
| ,, | ,, | જબુ | જંબુ |
| ,, | ૧૫ | કંચન્ | કંચન |
| ,, | ૧૭ | મદ્ | મદ |
| ,, | ૩૧ | લાડુ આસમ | લાડુઆસમ |
| ,, | ,, | લાડુ આ | લાડુઆ |
| ,, | ૩૩ | ગાટ | ગાઢ |
| ૩૬ | ૩૨ | તનુમળ | તનુમલ |
| ,, | ૩૩ | મમકર આદિક | મમકારાદિ |
| ૩૭ | ૧૪ | ષોડ શકે | ષોડશકે |
| ,, | ૩૫ | બ્રુહત્કલ્પ | બૃહત્કલ્પ |
| ૩૯ | ૪ | ભાવે | ભાખે |
| ,, | ૯ | વ્યવહાર ધર્માચાર્ય- | વ્યવહાર ધર્માચાર |
| ,, | ૨૫ | અવિરતી | અવિરતિ |
| ,, | ૨૬ | ખિલ | ખીલ |
| ૪૧ | ૫ | અનીરવિષ | અન્તરવિષ |
| ,, | ૬ | એકદપાયોહિ | એકપ્યાયોહિ |
| ૪૨ | ૬ | પરિપુર્ણુ | પરિપૂર્ણ |
| ,, | ૩૨ | પામસે | પામશે |
| ૪૩ | ૮ | સ્વીકારી | સ્વીકારી |
| ,, | ૯ | ચાલ | કાલ |
| ,, | ૧૯ | યુવરાજના | યુવરાજનો |
| ૪૪ | ૨૮ | સ્વિકારીને | સ્વીકારીને |
| ૪૫ | ૨ | સુરિશ્વર | સૂરીશ્વર |

### મહામહોપાધ્યાય ન્યાયવિશારદ જૈન કવિ

# "શ્રીમદ્ યશોવિજયજી."

## તેમનું જીવન અને તેમનું ગુજરાતી સાહિત્ય.

( લેખકઃ—યોગનિષ્ઠ મુનિ શ્રી બુદ્ધિસાગરજી. )

" તુજ મુજ રીઝની રીત, અટપટ એહ ખરીરી;
" લટપટ નાવે કામ, ખટપટ ભાંજ પરીરી. ૧.
" મલ્લિનાથ તુજ રીત, જન રીજે ન હુએરી;
" હોય રીજણુને ઉપાપ, સાહમું કાંઇ ન જુએરી. ૨.
" દુરારાધ્ય છે લોક, સહુને સમ ન શશીરી;
" એક દુહવાએ ગાઢ, એક જો બોલે હસીરી. ૩.
" લોક લોકોત્તર વાત, રીજવે દોય જુઇરી;
" તાત ચક્રધર પૂજ્ય, ચિન્તા એહ હુઇરી. ૪.
" રીજવવો એક સાંઇ, લોક તે વાત કરેરી;
" શ્રી નયવિજય સુશિષ્ય, એહિજ ચિત્ત ધરેરી. ૫.

**શ્રીમદ્ યશોવિજયજીકૃત શ્રી મલ્લિનાથ સ્તવન.**

સામાન્ય દિગ્દર્શન-શ્રીમદ્નું જીવન ચરિત્ર જાણવાનાં સાધન.

આ મહા પુરૂષના જીવન ચરિત્રની રૂપરેખા તેઓના ગ્રન્થોમાં તેઓએ કાઢેલા વાણીના ઉદ્ગારથી દોરી શકાય છે. આ શ્વેતામ્બર જૈન ધર્મના મહાન્ ઉપદેષ્ટા અને જૈન ધર્મરક્ષક ગીતાર્થ મુનિવર હતા. આ મહાપુરૂષનો જન્મ ગુર્જર દેશમાં અમદાવાદમાં વિક્રમ સંવતના ૧૭ મા સૈકામાં થયો હતો એમ કેટલીક કિંવદન્તીઓથી તથા કેટલાક અનુમાનોથી કહી શકાય છે. આ જૈન તત્ત્વજ્ઞાની મહાન્ કવિનું ચરિત્ર કોઇ ઠેકાણેથી જોઇએ તેવા રૂપમાં લખેલું ઉપલબ્ધ થતું નથી. તેમના સમાનકાલીન પન્યાસ સત્યવિજય, વાચક વિનયવિજય, માનવિજય વગેરે સમર્થ વિદ્વાનો હતા, તેમ છતાં તેમનું જીવનચરિત્ર કોઇએ સાહિત્યમાં જળવાઈ રહે એવા પ્રબન્ધ તરીકે રચ્યું હોય એમ અદ્યાપિ પર્યન્ત નિર્ણય થયો નથી. જૈન દર્શનના મહાત્માઓમાં પોતાનું ચરિત્ર પોતાની મેળે તે વખતે આત્મપ્રશંસાદિ કેટલાક કારણોથી નહિ લખવાની પ્રણાલીકા હોવાથી તેઓના જીવન ચરિત્રની હકીકત તેમના શ્રીમુખથી વા લેખિનીથી કથં પ્રગટી શકે? તેઓ આચાર્ય પરંપરાની પાટ ઉપર થયા હોત તો કેટલીક હકીકત પટ્ટ પરંપર થનાર આચાર્યોની પેઠે જાણી શકાત. તેમના શિષ્યો જ્ઞાની થયા હોત તો તેઓએ પોતાના ગુરૂનું જીવન ચરિત્ર લખ્યું હતું; પણ તેમ દેખવામાં આવતું નથી. પૂર્વાચાર્યોની પાછળ થનાર તેમના શિષ્યો

વા તેમના ગુણાનુરાગીઓ પૂર્વાચાર્યોનું ઐતિહાસિક મુદ્દાઓ આદિથી મિશ્ર જીવનચરિત્ર લખી શકે છે. તેમના રચિત ખાદ્યખંડન, પ્રતિમાશતક, અને બત્તીસા બત્તીસી વગેરે ગ્રન્થોની પ્રશસ્તિથી કેટલુંક જીવનચરિત્ર જાણી શકાય તેમ છે. તેમના સંસ્કૃત ભાષામય ગ્રન્થો વા ગુર્જર ભાષાના ગ્રન્થોથી હૃદય વિચારોના અવલોકનદ્વારા આચારઆદિ બાહ્યચરિત્ર અને તે પ્રસંગના બનાવોને આલેખી શકાય. પણ તેવી રીતે જીવનચરિત્રનું આલેખન કરતાં તેમના ગ્રન્થોનું ઘણું પરિશીલન કરવું જોઇએ.

શ્રીમદ્‌નો જન્મ. સ્થળ અને સાલ.

શ્રીમદ્‌નો જન્મ સત્તરમા સૈકામાં થયો હતો. સંવત ૧૬૭૦ પૂર્વે તેમનો જન્મ હોય એમ અનુમાન કરી શકાય છે. અધ્યાત્મ મત પરિક્ષા ગ્રંથમાં તેમણે પાર્શ્વનાથને નમસ્કાર કરી વિજયદેવ સૂરીને પણ મંગલાચરણમાં નમસ્કાર કર્યો છે. તેમણે જો શ્રી વિજયદેવ સૂરિના ધર્મ રાજ્યમાં તે ગ્રંથ બનાવ્યો હોય તો તેમનો જન્મ લગભગ ૧૬૬૩ માં થવો જોઇએ. ઉપાધ્યાયજીએ જે આચાર્યના રાજ્યમાં ગ્રંથ બનાવ્યા છે તે આચાર્યનું નામ તેમના ગ્રંથમાં છેવટે લખ્યું છે ઇત્યાદિ કારણોથી ઉપર્યુક્ત અનુમાન કરી શકાય છે. આ પ્રમાણે જો અનુમાન બંધ બેસતું હોય તો તેમના શરીર ત્યાગ સમયે તેમની ઉમર ૮૨ વર્ષની થઈ શકે, અને ૧૯ વર્ષની ઉમરે દીગંબરીઓના સામે જવાબ તરીકે તે ગ્રંથ બનાવ્યો હોય એમ કહી શકાય. કદાપિ ઉપરનો નિયમ કે ગ્રંથ બનાવતી વખતે જે સૂરિ હોય તેનું નામ નહિ લખતાં અન્ય સૂરિનું પણ મંગલાચરણ કરી શકાય એવી તે સમયની પદ્ધતિ હોય તો શ્રી વિજયસિંહસૂરિના વખતમાં તે ગ્રંથ રચેલો હોય એમ અનુમાન કરી શકાય. ગમે તેમ હોય પણ જન્મ તો તેમનો સંવત ૧૬૭૦ લગભગમાં થયો હોય એમ અનેક દલિલોથી સિદ્ધ થાય છે તેમની ભા' ગુજરાતી જન્મનીજ હોય એમ ઉચ્ચ સંસ્કારીત ગુર્જર ભાષાના શબ્દો આદિવડે અનુમાન થવાથી તેઓ ગુર્જર દેશમાં જન્મ્યા હોય એમ લાગે છે. તેમની ગુર્જર ભાષામાં કેટલાક મારવાડી ભાષાના શબ્દો દેખાય છે તેનું કારણ એ છે કે તેઓ મારવાડ દેશમાં વિચર્યા હતા; તેથી જે દેશમાં વિચર્યા હોય તે દેશની ભાષાના કેટલાક શબ્દોની સંમિશ્રતા ગુર્જર ભાષામાં થાય એમ બનવા યોગ્ય છે. આ પૂજ્ય કવિનો વિહાર ગુર્જર દેશમાં વિશેષ હતો. આ મહાન્ મુનીવરનો સ્વર્ગવાસ સંવત ૧૭૪૫ ના માગશર શુદિ એકાદશીના રોજ નામદાર ગાયકવાડ સરકારના રાજ્યના ડભોઈ ગામમાં થયો હતો. ડભોઇ ગામની દક્ષિણ દિશાએ તળાવ પાસે તેમની દેરી છે. અનેક મુનિવરો અને શ્રાવકો તેમની પાદુકાનાં દર્શન કરવા માટે ડભોઇ ગામે જાય છે. તેમણે સંવત ૧૭૪૪ ની સાલનું છેલ્લું ચોમાસું સુરતમાં કર્યું હતું; ત્યાંથી ચોમાસું ઉતર્યા બાદ ભરૂચ, નીકોરા, અને શીનોર થઇને ડભોઇ આવ્યા હશે અને મૌન એકાદશી કરવાને માટે ત્યાંના જૈનોના આગ્રહથી ત્યાં રહ્યા હશે. ડભોઇમાં સાગરગચ્છના યતિઓ ઘણા રહેતા હતા, ત્યાં સાગરગચ્છના યતીઓની ઘણી દેહેરીઓ છે.

શ્રીમદ્‌ની બાલ્યાવસ્થા અને અદ્‌ભૂત સ્મરણશક્તિ.

તેઓ જાતે ઓસવાળ હતા. તેમની બાલ્યાવસ્થામાં તેમના પિતાશ્રી મૃત્યુ પામ્યા હતા, અને તેમનાં માતુશ્રી વિધવા થયાં હતાં. ભવિષ્યમાં તેઓ એક મહા ચમત્કારિક મહાત્મા નીવડવાનાં ચિન્હો તેમનામાં બાલ્યાવસ્થાથીજ માલુમ પડતાં હતાં. તેમનાં માતુશ્રીને દરરોજ ગુરૂની પાસે જઇને ઉપાશ્રયમાં "ભક્તામર સ્તોત્ર" સાંભળવાનો નિયમ હતો. ચોમાસાના એક દિવસમાં ઘણા વરસાદની હેલી થવાથી તેમજ પોતાનું શરીર નરમ હોવાથી ગુરૂ પાસે

જઈ ભક્તામર સ્તોત્ર સાંભળી શક્યાં નહિ. એમનો નિયમ એવો હતો કે ભક્તામર સ્તોત્ર સાંભળ્યા સિવાય ભોજન લેવું નહિ; તેથી ઉપરના કારણથી ત્રણ દિવસના ઉપવાસ થયા. યશોવિજયજીનું તે વખતનું સાંસારિક નામ જશો હતું, અને તેમની ઉમર આ પ્રસંગે ૭ વર્ષની હતી. ચોથા દિવસે જશાએ પોતાની માતુશ્રીને પૂછ્યું કે હે માતુશ્રી! તમે કેમ એ ત્રણ દિવસથી ખાતાં નથી? માતાએ જવાબ આપ્યો કે હે પુત્ર! હું ભક્તામર સ્તોત્ર સાંભળ્યા સિવાયા ભોજન લેતી નથી. જશાએ વિનયથી કહ્યું કે તમારી ઇચ્છા હોય તો હું તમને ભક્તામર સ્તોત્ર સંભળાવું. માતા આશ્ચર્ય પામી બોલ્યાં કે તને ક્યાંથી ભક્તામર સ્તોત્ર આવડે? પુત્રે કહ્યું કે હે માતુશ્રી! તમે મને તમારી સાથે ગુરૂની પાસે ઉપાશ્રયમાં દર્શન કરવાને તેડી ગયાં હતાં તે વખતે મેં પણ ભક્તામર સ્તોત્ર સાંભળ્યું હતું તે મને યાદ રહ્યું છે. માતાએ સંભળાવવાનું કહ્યાથી પુત્રે ભક્તામર સ્તોત્ર સંપૂર્ણ અને એક પણ ભૂલ સિવાય સંભળાવ્યું, તેથી માતાને બહુ આનંદ થયો અને ભોજન કર્યું. ત્રણ ચાર દિવસ સુધી ભક્તામર સ્તોત્ર પુત્રની પાસેથી સાંભળ્યું. વરસાદની હેલી સમાપ્ત થતાં શરીર આરોગ્ય થવાથી જશાનાં માતુશ્રી ગુરૂની પાસે ઉપાશ્રયમાં ભક્તામર સ્તોત્ર સાંભળવા ગયાં. ગુરૂએ પૂછ્યું કે હે સુશ્રાવિકા! તને ભક્તામર સ્તોત્ર સાંભળ્યા વિના સાત દિવસના ઉપવાસ થયા હશે. શ્રાવિકાએ બે હાથ જોડીને કહ્યું કે આપના પસાયથી મેં ભક્તામર સ્તોત્ર મારા પુત્રના મુખેથી સાંભળ્યું છે. ગુરૂ આશ્ચર્ય પામ્યા અને પૂછ્યું કે તારો પુત્ર શી રીતે ભક્તામર સ્તોત્ર સંભળાવી શકે? શ્રાવિકાએ કહ્યું કે હે ગુરૂ મહારાજ! આપની પાસે એક દિવસ હું તે પુત્રને દર્શન કરાવવા તેડી લાવી હતી, તે વખતે આપ ભક્તામર સ્તોત્ર બોલતા હતા, તે તેને યાદ રહ્યું હતું તેથી તેણે મને સંભળાવ્યું. ગુરૂએ તેણીના ૭ વર્ષની ઉમરના પુત્ર જશાને બોલાવ્યો અને તેની સ્મરણશક્તિ જોઇ બહુ આશ્ચર્ય પામ્યા. તેને કેટલુંક પૂછ્યું અને તેના પ્રત્યુત્તર તેમને સંતોષકારક મળવાથી ગુરૂ બહુ ખુશી થયા. પુત્ર અને માતા ઘેર ગયા બાદ ગુરૂના મનમાં એક વિચાર સ્ફુરી આવ્યો કે જો આ પુત્ર દિક્ષા લે તો જૈન ધર્મનો ઉદ્ધાર કરી શકે. ગુરૂ કે જેમનું નામ શ્રી નયવિજયજી હતું, તેમણે ગામના આગેવાન જૈનોને એકઠા કર્યા, અને પોતાનો વિચાર પ્રદર્શીત કર્યો. આગેવાન જૈનોનું મંડળ જશાની માતાની પાસે ગયું અને કહ્યું કે હે શ્રાવિકા! તારો પુત્ર બહુ બુદ્ધિશાળી છે. આવી બાલ્યાવસ્થાથી ધર્મશાસ્ત્રોનો અને ભાષાશાસ્ત્રોનો અભ્યાસ કરશે તો ભવિષ્યમાં એક મહાન્ જૈન ધર્મોદ્ધારક પ્રભાવક થશે, અને તત્ત્વવેત્તા થશે. ગૃહસ્થાવાસમાં રહેશે તો અલ્પ જીવોને ઉપકાર કરી શકશે અને પોતાના ગુણોનો લાભ આપવાને માટે સાધુના જીવનની પેઠે સ્વતંત્ર પ્રયત્ન કરી શકશે નહિ. આવા એક પુત્રને જૈન ધર્મના ઉદ્ધારને માટે અને આખા જગતના ભલાને માટે બ્રહ્મચર્ય આશ્રમમાં સદાકાળ રહે એવી દીક્ષા અપાવવી એ તમારા નામને અમર કરવા જેવું સુકૃત્ય છે. તમારા પુત્રને ગુરૂને સોંપવા માટે સંઘ બિનંતિ કરે છે તે સ્વિકારશો. પુત્રની માતા અત્યંત હર્ષાયમાન થઇ અને તેને હર્ષાશ્રુ આવ્યાં, અને સંઘને કહેવા લાગી કે જેને તીર્થંકરો પણ નમસ્કાર કરે છે એવો શ્રી સંઘ મારી પાસે પુત્રરત્નની માગણી કરે છે, અને તે જગતના ભલાને માટે મહા પ્રભાવક થશે તો આના કરતાં અન્ય કાંઈ મને રૂડું જણાતું નથી, માટે મારા પુત્રને હું સંઘને સોંપું છું. સાત ઘર વચ્ચે એકનો એક પુત્ર હોવા છતાં પણ માતાએ ધર્મના ઉદ્ધારને માટે ગુરૂને સોંપ્યો, અને તેમણે દિક્ષા અંગીકાર કરી.

**કઇ પટ્ટપરંપરામાં શ્રીમદે દીક્ષા અંગીકાર કરી.**

શ્રી હીરવિજયસૂરિ.
- કલ્યાણવિજયજી
  - લાભવિજયજી
    - જીતવિજયજી
    - નયવિજયજી
      - **શ્રી યશોવિજયજી.**
- કીતવિજયજી.
  - વિનયવિજયજી.

શ્રી મહાવીર પ્રભુની પટ્ટપરંપરાએ ચાલતા આવેલા તપાગચ્છમાં ભારતમાં પ્રખ્યાત અકબર બાદશાહને ઉપદેશ દેનાર શ્રી હીરવિજયજીસૂરિ થયા. શ્રી હીરવિજયજીસૂરિના શિષ્ય ઉપાધ્યાય શ્રી કલ્યાણવિજયગણી, તેમના મુખ્ય શિષ્ય શ્રી લાભવિજયગણિ, તેમના મુખ્ય શિષ્ય શ્રી જીતવિજયગણિ, તેમના ગુરૂભ્રાતા શ્રી નયવિજયગણિ, અને તેમના શિષ્ય તપાગચ્છ ગગનમણિ શ્રી યશોવિજયજી થયા.

*શ્રીમદ્દના સમાનકાલીન જૈન સાક્ષર મુનિવરો.*

શ્રીમદ્ આનન્દઘનજી, જ્ઞાનવિમલસૂરિ, ઉદયરત્ન, માનવિજય ઉપાધ્યાય, જિનવિજય, શ્રીમદ્ વિનયવિજય, જયસોમ ઉપાધ્યાય, સકલચન્દ્ર અને મોહનવિજય વગેરે ગુર્જર ભાષાપોષક સાક્ષર મુનિઓ પ્રવર્તતા હતા. શ્રીમદ્દના સમાનકાલીન કોઇ પણ વિદ્વાન્ તેમના ગ્રન્થો સંબંધી ચર્ચા કરી હોય એવું જણાતું નથી.

*શ્રીમદ્દનો કાશીમાં વિદ્યાભ્યાસ.*

શ્રીમદે બાલ્યાવસ્થામાં બ્રહ્મચારી દશામાં દીક્ષા અંગીકાર કરી હતી. શ્રી સત્યવિજય પન્યાસ કે જેના યોગે પીતવસ્ત્રદ્વારા ક્રિયોદ્ધાર થએલો હતો તે, તથા શ્રી વિનયવિજય ઉપાધ્યાય, અને આનન્દઘનજી સમકાલીન હતા. તેમના વખતમાં શ્રી વિજયદેવસૂરિ, વિજયસિંહસૂરિ, અને વિજયપ્રભસૂરિ હતા, એમ ગ્રન્થોથી પુરવાર થાય છે. તેમના ગુરૂ નયવિજયજી અમદાવાદમાં વિશેષ રહેતા હતા. બાલ્યાવસ્થામાંજ તેમણે તથા શ્રી વિનવિજયજીએ જૈન ધર્મનાં ઘણાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. તે બન્નેની અપૂર્વ બુદ્ધિનું અવલોકન કરીને તે બન્નેને કાશીમાં વ્યાકરણ અને ન્યાયનો પરિપૂર્ણ અભ્યાસ કરવા મોકલાવ્યા. તે વખતે સંસ્કૃત ભાષાવિદ્યાની પીઠિકાભૂત કાશી હતું. તે બન્નેએ બ્રાહ્મણ વિદ્વાનની પાસે અધ્યયન શરૂ કર્યું. શ્રી વિનયવિજયજીએ વ્યાકરણનો મુખ્ય વિષય લીધો અને ન્યાયના વિષયને ગૌણપણે ગ્રહણ કર્યો. શ્રીમદ્ યશોવિજયજીએ ન્યાયના વિષયનું મુખ્યપણે અધ્યયન કર્યું; અને વ્યાકરણ સાહિત્યનું ગૌણપણે ગ્રહણ કર્યું. તે બન્નેએ બાર વર્ષ પર્યન્ત શાસ્ત્રોનું અધ્યયન કરીને અપૂર્વ વિદ્વતા પ્રાપ્ત કરી. તેમનો વિદ્યાગુરૂ બ્રાહ્મણ જૈનધર્મનો દ્વેષી છતાં, વિનયાદિથી તેને પ્રસન્ન કરીને તે પછી તેઓએ સંતોષપૂર્વક વિદ્યા ગ્રહણ કરી. તેમના ઉપર અધ્યાપક વિદ્યાગુરૂનો અપૂર્વ પ્રેમ થયો અને તેથી તેણે હૃદયથી સર્વ વિદ્યા શીખવી. તેમના ગુરૂ અધ્યાપકની પાસે એક અપૂર્વ ગ્રન્થ હતો, તે ગ્રન્થ કોઇને તે બતાવતા નહોતા. શ્રી યશોવિજયજીએ અને વિનયવજયજીએ પ્રસંગ પામીને અર્ધ

અર્ધ ગ્રન્થ જોઈ, મુખે કરી, બન્નેએ ભેગા મળી ઉતારી તેને પૂર્ણ કર્યો. પ્રસંગોપાત તે વાત પોતાના અધ્યાપકને જણાવીને માફી માગી, અને તેમની પ્રીતિ સંપાદન કરવાપૂર્વક પોતાની સ્મરણશક્તિનો અપૂર્વ ખ્યાલ ગુરૂને દર્શાવી આપ્યો. તે વખતમાં કાશીમાં એક મહાન્ વિદ્વાન્ દાક્ષિણાત્ય પંડિત આવ્યો અને તેણે ઘણી સભાઓ જીતી લીધી. આવા પ્રસંગે અધ્યાપક ગુરૂની આજ્ઞા માગીને યશોવિજયજી કાશીના પંડિતોની શોભાના રક્ષણાર્થે દાક્ષિણાત્ય પંડિતની સાથે વાદવિવાદ કરીને તેને જીતી લીધો; તેથી કાશીના પંડિતોએ પ્રસન્ન થઇને તેમને "**न्यायविशारद्**" ની ઉપાધિ અર્પી. કાશીમાં તેમણે અનેક શાસ્ત્રોનું અધ્યયન કર્યું.

**શ્રીમદ્‌ને સરસ્વતી દેવીએ સાક્ષાત્ દર્શન આપ્યાં.**

એક દિવસ શ્રીમદ્‌ના મનમાં સરસ્વતી દેવતાને પ્રત્યક્ષ કરવાનો વિચાર સ્ફુરી આવ્યો. તેમણે એકવીસ દિવસ પર્યન્ત ऐंકાર બીજપૂર્વક સરસ્વતી મંત્રનો જાપ કર્યો. એકવીસમા દિવસની રાત્રીમાં સરસ્વતી સાક્ષાત્ આવ્યાં. યશોવિજયજીને વર માગવાનું કહ્યું. યશોવિજયજીએ જૈનધર્મના ઉદ્ધાર્થે શાસ્ત્રો રચવામાં સહાયતા માગી. સરસ્વતીએ તે પ્રમાણે થાઓ એમ કહ્યું અને અન્તર્ધાન્ થઇ ગયાં. આ વાત તેમના રચેલા જંબુ સ્વામીના રાસમાંના મંગલાચરણના દુહામાંથી નીકળી આવે છે, તે દુહા અત્ર લખવામાં આવે છેઃ—

**દુહા.**

સારદ સાર દયા કરો, આપો વચન સુરંગ;
તું તૂઠી મુજ ઉપરે, જાપ કરત ઉપગંગ. ૧

તર્ક કાવ્યનો તેં તદા, દીધો વર અભિરામ;
ભાષા પણ કરી કલ્પતરૂ, શાખા સમ પરિણામ. ૨

હે માત નચાવે કુકવિ તુજ, ઉદર ભરણને કાજ;
હું તો સદ્‌ગુણ પદે ઠવી, પૂજું છું મત લાજ. ૩

**ભાવાર્થ:**—કાશીમાં ગંગા નદીના કાંઠા ઉપર મેં તારૂ આરાધન કર્યું અને તે વખતે તેં સાક્ષાત્ આવીને મારા ઉપર પ્રસન્ન થઇને તર્કકાવ્યનો સુંદર વર આપ્યો. હે માતર્ ! તને કુકવિઓ પેટ ભરવાને માટે ગમે તેની ખોટી સ્તુતિઓ કરીને અને જગતની અવનતિ જેવાં અને જેમાં અશુભ વિચારો રહ્યા છે એવાં કાવ્ય કરીને ત્હને નચાવે છે. હું તો તને સદ્‌ગુણ કાવ્યો બનાવીને તેમાં સ્થાપન કરીશ.

આ વાક્યો આ ઉત્તમ મુનિવરના મુખમાંથી નીકળે છે તેથી તેમને સરસ્વતીએ સાક્ષાત્ આવીને વરદાન આપ્યું હતું એમ સિદ્ધ થાય છે. એમના ગ્રન્થો વાંચતાંજ તેમાં દૈવી ચમત્કાર માલુમ પડી આવે છે.

**કાશીમાંથી શ્રીમદ્‌નો વિહાર.**

ન્યાયશાસ્ત્ર સંબંધી શ્રીમદે એકસો ગ્રંથો રચ્યા. અન્યમતના વિદ્વાનોએ "**न्यायाचार्य**" એવું બિરૂદ્ તેમને આપ્યું. આ બીના જૈન તર્કભાષા ગ્રન્થની પ્રશસ્તિ ઉપરથી માલુમ પડે છે. કાશીમાં પૂર્ણ વિદ્વતા સંપ્રાપ્ત કર્યા પશ્ચાત્ તેઓ ત્યાંથી નીકળ્યા. તેમણે નીકળતી વખતે અધ્યાપક બ્રાહ્મણ ગુરૂને કહ્યું હતું કે આપને કદી મારી જરૂર પડે તો ગુર્જર દેશમાં મને મળશો. ગુર્જરદેશમાં

આવતાં પહેલાં તેમણે આગ્રા વગેરે નગરોનું અવલોકન કર્યું હતું. ગદાધર નામનો એક પંડીત કે જે મહાન્ નૈયાયિક હતો. તેની શ્રીમદ્ યશોવિજય પર પ્રીતિ હતી. જેસલમેરનો જ્ઞાનભંડાર તેમણે દેખ્યો હતો. શ્રીમદ્ સમંતભદ્રગણિકૃત તત્વાર્થ સૂત્રપર ગંધ હસ્તિ મહાભાષ્ય પણ તેમણે તે પ્રદેશમાં વા અન્યત્ર જ્ઞાનભંડારમાંથી દેખ્યું હોય એવું તેમને આપેલી ગંધહસ્તિ મહાભાષ્યની સાક્ષીઓ ઉપરથી માલુમ પડે છે. હાલ તે ગ્રંથ દેખાવામાં આવતો નથી. કર્ણાટક દેશમાં તામિલ ભાષામાં તે ગ્રંથ હયાતી ભોગવે છે એમ કેટલાક દીગંબરીઓ તરફથી સાંભળવામાં આવ્યું છે. મારવાડમાં વિહાર કરીને તેઓએ ગુર્જર દેશ પ્રતિ વિહાર કર્યો. મધ્ય હિંદુસ્તાનમાં દિગંબરોનું પબળ હતું. તેમણે દીગંબરોને દિકપટ ચોરાશી બોલ અને અધ્યાત્મ મત પરિક્ષા વગેરે ગ્રન્થો લખીને સમજાવવા પ્રયત્ન કર્યો હતો. તેમના સમયમાં જૈન ધર્મમાં ઘણા પંથો ઉભા થયા હતા. દિગંબરોમાંથી પણ તેરાપન્થી અને સમયસારીઆ નામના મત નીકળ્યા હતા. પ્રતિમોત્થાપક અને કડવા પન્થ વગેરે મતો તે વખતમાં વિદ્યમાન હતા. તપાગચ્છના આચાર્યો પણ સાગરગચ્છના આચાર્યોની સાથે વિવાદમાં ઉતરતા હતા. તે વખતની પૂર્વે લગભગમાં થયેલા શાન્તિદાસ શેઠ સાગરગચ્છના આચાર્યની સ્થાપના કરનાર મુખ્ય શ્રાવક હતા. વિજયદેવસૂરિની પાછળ થનારા શિષ્યોમાં આચાર્યને પટ્ટે સ્થાપન કરવાની બાબતમાં મતભેદ પડયો. સત્યવિજય પન્યાસે વિજયસિંહસૂરિની આજ્ઞા સ્વિકારી હતી. અને પાછળથી વિજયપ્રભસૂરિની આજ્ઞા સ્વિકારી હતી એમ કેટલાંક અનુમાનોથી અવબોધાય છે. શ્રી સત્યવિજયના નિર્વાણરાસમાં શ્રી વિજયપ્રભસૂરિની આજ્ઞામાં તે હતા એમ લખ્યું છે શ્રી યશોવિજયજીએ અધ્યાત્મ પરિક્ષા રચવાના સમયમાં વિજયદેવસૂરિની આજ્ઞા ધારી હતી. અને પાછળથી શ્રી વિજયસિંહસૂરિ તથા વિજયપ્રભુસૂરિની આજ્ઞા સ્વીકારી હતી.

શ્રીમદ્દના વખતમાં ધર્મની સ્થિતિ.

તેમના વખતમાં જ્ઞાનનો ઉદય દેખાતો હતો. પણ ક્રિયારૂપ ચારિત્ર માર્ગમાં શિથિલતા દેખાતી હતી. તેમણે સત્યવિજય પન્યાસની સાથે ક્રિયોદ્ધાર કર્યા હતાં તેમ સાંભળવામાં આવ્યું છે. પણ તેના ચોક્કસ પુરાવા હજી પ્રાપ્ત થયા નથી. તેમણે પ્રથમ સત્યવિજય, જ્ઞાનવિમલનો પક્ષ લેઇ ઉત્કૃષ્ટાચાર માર્ગની પરૂપણા કરી હતી. અને તેથી આચાર્યને પણ ઘણું વેઠવું પડયું હતું એમ કેટલીક કહેણીઓથી જાણવામાં આવ્યું છે. શ્રી વિજયપ્રભુસૂરિએ કેટલાકના આગ્રહથી યશોવિજયની પંડિતાઇને અવલોકી તેમને ઉપાધ્યાય પદવી આપી હતી. તેમને કઈ સાલમાં ઉપાધ્યાય પદવી આપી તે ચોક્કસ જણાતું નથી.

શ્રીયશોવિજયજીની વ્યાખ્યાનકળા અને માનવિજયની વ્યાખ્યાનકળા.

એક સમય શ્રીમદ્ યશોવિજય પાટણથી વિહાર કરી અમદાવાદમાં આવ્યા તે વખતે, અમદાવાદમાં માનવિજય ઉપાધ્યાયનું વ્યાખ્યાન વખણાતું હતું. યશોવિજય ઉપાધ્યાયના વ્યાખ્યાનના શ્રોતાઓ કરતાં શ્રી માનવિજયના વ્યાખ્યાનના શ્રોતાઓ પાંચ છ ઘણા વધારે થતા હતા. ઉપાધ્યાય શ્રી યશોવિજયના વ્યાખ્યાનમાં એક હજાર મનુષ્યો થતાં હતાં અને શ્રીમાનવિજયના વ્યાખ્યાનમાં પાંચ છ હજાર મનુષ્યો ભેગા થતા હતા. શ્રી યશોવિજયજીનું વ્યાખ્યાન દ્રવ્યાનુયોગની પ્રરૂપણામય હોવાથી ઘણાઓને ઘણું સૂક્ષ્મ પડતું હતું. તેમજ યશોવિજયજી કરતાં ઉપદેશ આપવાની શૈલી શ્રી માનવિજયજીની ઘણી આકર્ષક હતી. એક વખત ઉપાધ્યાયના મનમાં વિચાર આવ્યો કે શું મારા કરતાં માનવિજયજી વધારે વિદ્વાન છે કે જેથી

તેની સભામાં ઘણા જૈનોની ઠઠ ભરાય છે. આ બાબતનો નિશ્ચય કરવાને તેઓ પોતે માનવિજયજીના વ્યાખ્યાનમાં ગયા. શ્રી માનવિજયજીએ તેમને બહુ માન આપી બેસાડયા. અને આવવાનું કારણ પુછયું. ઉપાધ્યાયે પોતાનો અભિપ્રાય દર્શાવ્યો. માનવિજયજીએ કહ્યું કે હું તમારા જેટલો વિદ્વાન નથી તોપણ ઉપાધ્યાયના આગ્રહથી માનવિજયજીએ વ્યાખ્યાન શરૂ કર્યું. માનવિજયજીની ઔપદેશિક કળાથી ઉપાધ્યાય પ્રસન્ન થયા અને માનવિજયજીની પ્રશંસા કરી. આ કહેણી ઉપરથી ઉપાધ્યાયના હૃદયનો ઉદારભાવ અને લઘુતા કેટલી હતી તે વાત વાંચકોના અભિપ્રાય ઉપર મૂકીએ છીએ. પ્રતિમા ઉત્થાપક ઢુંઢકોના સામા તેમણે જબરી બાથ ભીડી હતી અને તેમણે પ્રતિમા શતક વગેરે સંસ્કૃત ગ્રન્થોમાં :પણ પ્રતિમાની સારી રીતે સ્થાપના કરી છે. ગુર્જર ભાષાના સાડાત્રણસેં ગાથાના સ્તવનમાં તેમજ એક સજ્જાયમાં પ્રતિમા માનવાના આગમોના ઉલ્લેખો દર્શાવ્યા છે. તે વખતમાં પ્રવર્તતા યતિયોના શિથીલાચારનું ખંડન કરવાને માટે તેમણે જબરી બાથ ભીડી હતી. તેથી યતિયોએ તેમને અમદાવાદના એક ઉપાશ્રયમાં ગોંધી રાખ્યા હતા. આવી કિંવદન્તીમાં કેટલો સાર છે તે વાંચકો વિચારી લેશે. તેઓ એક વખત ગોધાએ ગયા હતા. ત્યાં તેમણે સમુદ્ર દેખ્યો. સમુદ્ર અને વહાણ દેખીને તેમના મનમાં સમુદ્ર વાહણ સંવાદ રચવાનું સ્ફુરી આવ્યાથી સમુદ્ર વહાણ સંવાદ નામનો વિનોદમય ગુર્જર ભાષામાં ગ્રન્થ રચ્યો. તેમણે લીંબડીના રહીશ દોશી મેઘજી વગેરેને ગુર્જર ભાષામાં પ્રતિબોધ દેવાના માટે વીરસ્તુતિ હુંડીરૂપ, ૧૫૦ ગાથાનું સ્તવન બનાવ્યું હતું.

અનેક મતવાદીઓની શંકાઓનું સમાધાન થાય તેવું ગુર્જર ભાષામાં સાડાત્રણસેં ગાથાનું સ્તવન બનાવ્યું. તેમજ શ્રી સીમંધરને સ્તુતિ કરીને એકાન્ત વ્યવહાર અને એકાન્ત નિશ્ચય મતવાળા યતિઓ વગેરેને ગુર્જર ભાષામાં, બોધવા માટે સવાસો ગાથાનું સ્તવન બનાવ્યું. તે સ્તવનોપરથી પદ્મવિજયજીએ ટબો પૂરેલો છે. સાડાત્રણસેં ગાથાના સ્તવનપર જ્ઞાનવિમળસૂરિએ ટબો પૂર્યો છે. એક લહીયાના મુખથી સાંભળવામાં આવ્યું છે કે અમદાવાદમાં વિમળના ઉપાશ્રયમાં જ્ઞાનવિમળ વગેરેના ઉપાધ્યાયના ગ્રન્થના સુડતાલીસ ગ્રન્થપર ટબા છે. આ વાતમાં પરિપૂર્ણ સત્યતા લાગતી નથી.

શ્રી સત્યવિજય પન્યાસની સાથે તેમણે ઉપદેશવડે ક્રિયોદ્ધાર કર્યો હતો એમ કિંવદન્તીથી જાણવામાં આવ્યું છે. તેમના ઉપર ઢુંઢકો તથા શિથિલ યતિયો દ્વેષ કરતા હતા, અને યતિયો તરફથી ઘણી ઉપાધિ થતી હતી.

ઉપાધ્યાયના સ્તવન વગેરે ગુર્જર ભાષાના ગ્રન્થોનો ફેલાવો દેખીને કેટલાક ઇર્ષ્યાળુ યતિઓ તથા સ્થાનકવાસીઓ કહેવા લાગ્યા કે ઉપાધ્યાય તો રાસડા જોડી જાણે છે. ઇર્ષ્યાળુઓનાં આવાં વચનોથી શ્રી ઉપાધ્યાયે દ્રવ્યગુણપર્યાયનો રાસ બનાવીને પોતાની અપૂર્વ વિદ્વતા દેખાડી.

એક વખત તેઓ ગુરૂની સાથે અમદાવાદમાં પ્રતિક્રમણ કરતા હતા. શ્રાવકોએ ભગવતી સૂત્રની સજ્જાય સંભળાવવાને માટે ઉપાધ્યાયને આદેશ આપવા ગુરૂને વિજ્ઞપ્તિ કરી. ઉપાધ્યાયને ભગવતીની સજ્જાય આવડતી નહોતી, તેથી મૌન રહ્યા. શ્રાવકોએ સ્થૂલ બુદ્ધિથી ઉપાધ્યાયને કહ્યું કે તમો કાશીમાં જઇને શું ભણી આવ્યા ? બીજા દિવસે ઉપાધ્યાએ, ભગતતી સૂત્રને બરાબર અવલોકીને, પ્રતિક્રમણ વખતે સજ્જાય કહેવાની આજ્ઞા માગી, ને ભગવતીની

સજ્ઝાય શરૂ કરી. ઘણો વખત થયો, તોપણ સજ્ઝાયનો પાર આવ્યો નહિ. શ્રાવકો અકળાવવા લાગ્યા, અને કહેવા લાગ્યા કે સજ્ઝાય કેટલી મોટી છે. ઉપાધ્યાયે જવાબ આપ્યો કે કાશીના અભ્યાસના મશ્કરી જેટલી મોટી છે.

ખંભાતમાં વાદવિવાદ.

અમદાવાદથી વિહાર કરતા કરતા ઉપાધ્યાય શ્રી ખંભાત બંદરમાં પધાર્યા. ખંભાત બંદરમાં ઉપાધ્યાયનું બહુ સન્માન થયું. તે વખતે ખંભાત નગરની વ્યાપારાદિકના યોગે પૂર્ણ ચઢતી હતી. ઉપાધ્યાય વ્યાખ્યાન વાંચીને સમાપ્ત કર્યું. એવામાં તેમના અધ્યાપક ગુરૂ કાશીથી આવી પહોંચ્યા. ઉપાધ્યાયે તેમનો સત્કાર કર્યો અને કરાવ્યો; ખંભાતના શ્રાવકોએ સીત્તેર હજાર રૂપૈયા ગુરૂદક્ષિણા તરીકે બ્રાહ્મણ પંડિતને આપ્યા. ભાષાના વિદ્યા ગુરૂ તે બ્રાહ્મણ હતા. પણ તે ધર્મગુરૂ નહોતા. સાધુઓના અને શ્રાવકોના ધર્મગુરૂ તો સાધુઓ હોય છે. ખંભાતમાં તે વખતમાં બ્રાહ્મણ પંડિતો ઘણા હતા. તેઓ સંપ કરીને ઉપાધ્યાયની સાથે વાદ કરવાને આવ્યા. અમુક વર્ગના અક્ષરો વિના કોઇ અક્ષરો ચર્ચામાં બોલવા નહિ એવી વ્યવસ્થા કરીને વિવાદ આરંભ્યો. તેમાં બ્રાહ્મણોથી બોલી શકાયું નહિ. અન્તે બ્રાહ્મણોના કહેવાથી ઉપાધ્યાયજીએ અમુક વર્ગોના શબ્દોદ્વારા કેટલાક કલાક પર્યન્ત સંભાષણ કર્યું તેથી બ્રાહ્મણો ધન્યવાદ આપવા લાગ્યા.

શ્રીમદ્‌નો છાણી ગામમાં વિહાર.

શ્રીમદ્ ઉપાધ્યાય ખંભાતથી વિહાર કરીને કાવી ગંધારની યાત્રા કરીને પાદરા થઈ છાણી ગયા. શ્રીમદ્ ષડ્દર્શનના શાસ્ત્રોમાં મહા વિદ્વાન હતા. તેથી સર્વે ધર્મના વિદ્વાનોની સાથે શાસ્ત્રાર્થ કરતા હતા. તેઓ થાપનાચાર્યની ઠવણીના ચાર છેડે ચાર ધ્વજાઓ રખાવતા હતા. તેનો સાર એ હતો કે ચારે દીશાના કોઈપણ પંડિત હોય તો મારી સાથે શાસ્ત્રાર્થ કરે. અને જો શાસ્ત્રાર્થ કોઇ નહિ કરે તો ચારે દિશાના દેશોના પંડિતો જીતાયા છે એમ નક્કી સમજવામાં આવતું. તે વખત છાણીમાં એક વૃદ્ધ શ્રાવિકા રહેતી હતી. તેણે ઘણા સિદ્ધાંતોનું શ્રવણ કર્યું હતું. અને તેની ધર્મચર્ચાના પ્રશ્નના નિવેડામાં સલાહ લેવામાં આવતી હતી. પેલી વૃદ્ધ શ્રાવિકાએ ઉપાધ્યાયજીનું વ્યાખ્યાન સાંભળ્યું, અને તે બહુ આનંદ પામી. વૃદ્ધ શ્રાવિકાના મનમાં એવો વિચાર આવ્યો કે ઉપાધ્યાયજી જ્ઞાનના અહંકારથી ઠવણીમાં ધ્વજાઓ રખાવે છે તે ઠીક રીવાજ નથી. માટે તેને દૂર કરાવવો જોઇએ. આમ વિચારી બીજે દીવસે તે ઉપાધ્યાયજીને વિધિપૂર્વક વંદન કરીને, પશ્ચાત્ તેમની આજ્ઞા માગીને પુછવા લાગી કે, ગૌતમસ્વામીની ઠવણીમાં કેટલી ધ્વજાઓ હશે? ઉપાધ્યાયજી વૃદ્ધ શ્રાવિકાનો પુછવાનો ભાવાર્થ સમજી ગયા અને ઠવણીમાંથી ધ્વજાઓ દૂર કરાવી. આ કિંવદન્તીમાંથી સાર એટલો લેવાનો છે ઉપાધ્યાયજી સત્યનો સ્વિકાર કરવામાં અને પોતાનું આચરણ અયોગ્ય હોય તેનો ત્યાગ કરવામાં કેટલા ઉદ્યમશીલ હતા તે આટલા દાખલાથી દેખાઇ આવે છે.

શ્રીમદ્‌નો જુદે જુદે સ્થળે વિહાર.

છાણીથી વડોદરા, મીયાગામ અને ભરૂચ થઇ તેઓ સુરત અને રાંદેર સુધી વિહાર કરતા હતા. વીસમા મુનિ સુવ્રત સ્વામીનું સ્તવન તેમણે ભરૂચમાં બનાવ્યું હતું, એમ તે સ્તવનના ઉદ્‌ગારોથી માલુમ પડે છે. સુરતમાં પન્યાસ સત્યવિજય અને જ્ઞાનવિમળસૂરિનો સમાગમ થયો હતો. તેઓનો વિહાર ઉપાધ્યાય વિનયવિજયની સાથે પણ થતો હતો. જ્ઞાનવિમળસૂરિને તે વખતના તપાગચ્છના આચાર્યની સાથે સારો સંબંધ નહોતો, અને તેઓ કેટલીક બાબતમાં આચાર્યથી જુદા વિચારના હતા. એમ

કેટલીક કિંવદન્તીઓના આધારે લખવામાં આવે છે. કેટલાક યતિઓના મુખથી સાંભળવા પ્રમાણે સત્યવિજયજીએ અને જ્ઞાનવિમળજીએ સુરતમાં પીતવસ્ત્ર ધારણ કરવાનો અને ક્રિયા ઉદ્ધાર કરવાનો ઠરાવ કર્યો હતો, અને દેવતાનું આરાધન કરીને તેમણે પોતાનો માર્ગ ચલાવવામાં સહાય મેળવી હતી. બીજી એક એવી કહેવત છે કે તે વખતમાં ઢુંઢીઆ સાધુઓની બાહ્ય દયા, તપશ્ચર્યા વગેરે ક્રિયાઓથી ઘણા અજ્ઞ જૈનો ઢુંઢક મતમાં દાખલ થવા લાગ્યા અને મૂર્તિ માનવાવાળી જૈનોની સંખ્યા કમી થવા લાગી. યતિયોમાં શિથિલાચાર વધવા લાગ્યો તેમજ પરસ્પર અદેખાઇ બહુ વધવા લાગી અને તેઓ એક બીજાની નિન્દા કરીને પોતેજ પોતાની મેળે હલકા પડવા લાગ્યા આથી તેઓ અજ્ઞ શ્રાવકોની આગળ ઉપદેશ દેવામાં ફાવવા લાગ્યા; ત્યારે લીંબડી વગેરેના સંઘે અમદાવાદમાં શ્રી વિજયસિંહસૂરિની આગળ પોકાર કર્યો. તે વખતે શ્રી વિજયસિંહસૂરિની પાસે અઢાર મોટા શિષ્યો હતા. યતિના વેષે ઢુંઢીયાઓને ઉપદેશ થઈ શકાશે નહિ એવું તે વખતમાં પ્રાયઃ કેટલાકના મનમાં આવ્યું. કારણ કે યતિઓએ પોતાની તે વખતમાં એ વેષે પ્રાયઃ શિથિલતા બતાવી હતી, તેથી ઢુંઢીયાઓના મનમાંથી બુરી છાપ ઉઠાવીને શુભ છાપ સ્થાપન કરવાની શ્રી સત્યવિજયજીના મનમાં જણાયું. આચાર્યે અઢાર શિષ્યો સામું જોયું પણ કોઇની હિમ્મત ઢુંઢીયાઓની સાથે બાથ ભીડીને સનાતન માર્ગની રક્ષા કરવાની જણાઈ નહિ. આ બીડું શ્રી સત્યવિજયજીએ ઝડપી લીધું. અને આચાર્યની આજ્ઞા માગીને પીતવસ્ત્ર ધારણ કરીને ક્રિયોદ્ધાર કર્યો. અને લીંબડી વગેરે ઠેકાણે ચોમાસું કરીને સ્થાનકવાસીઓને પુનઃ તપાગચ્છમાં લાવ્યા. શ્રી સત્યવિજયજીના આ કાર્યને ઉપાધ્યાયજીએ ટેકો આપ્યો હતો. એમ તેમણે લીંબડીમાં ચોમાસું કરીને પ્રથમ કહેલા શ્રાવકને બોધ દેવાને પ્રતિમાનું સ્થાપન જેમાં છે એવા સ્તવનથી સિદ્ધ થાય છે. સત્યવિજયજીને ઉપાધ્યાયે સહાય આપી હતી અને યતિયોના શિથિલાચાર હઠાવવાને પુસ્તકો રચીને ઘણો ઉપદેશ દીધો હતો. કેટલીક કિંવદન્તીના આધારે યશોવિજયજીએ, અને વિનયવિજયજીએ સુરત, રાંદેરમાં કાથીયાં વસ્ત્ર ધારણ કર્યાં અને પાછળથી દૂર કર્યાં હતાં એમ સાંભળવામાં આવે છે. પણ તેમણે પોતાના કોઈ ગ્રન્થમાં આ બાબતનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો નથી તેથી આ બાબતમાં કંઇ કહી શકાતું નથી. દશમતના સ્તવનમાં **मत करी मैंतो पडतो मूक्यो** આ વાક્ય આવે છે. તેથી જો તે શ્રીમદ્ ઉપાધ્યાયનું કરેલું સિદ્ધ થતું હોય તો યતિયોના કહેવા પ્રમાણે તેમણે અમદાવાદમાં પીતવસ્ત્ર ત્યજીને પુનઃ સ્વેતવસ્ત્ર ધારણ કર્યા એ વાત સિદ્ધ થઇ શકે છે. અથવા તેઓના વિચારો શ્રી આચાર્યના વિચારોથી બદલાયા હોય, અને તે વખતના આચાર્યને પ્રથમ નહિ માનવાનો મત હોય અને પાછળથી તેમને માન્યા હોય તેથી મત કરીને પડતો મૂક્યો હોય એમ કહેવાયું હશે. યતિઓના કહેવા પ્રમાણે પીતવસ્ત્ર ત્યાગ્યાં ત્યારે તેમને ઉપાધ્યાય પદવી અમદાવાદમાં આપવામાં આવી હતી. કેટલાક ચોક્કસ પુરાવા વિના યતિયોની ચાલતી આવેલી વાત ઉપર વિશ્વાસ મૂકી શકાય તેમ જણાતું નથી. આવા મહા પુરૂષ સંબંધીમાં કોઇ પણ અભિપ્રાય બાંધતા પહેલાં બહુ વિચાર કરવાની જરૂર છે. કેટલાક આધુનિક વિદ્વાનો કહે છે કે ઉપાધ્યાયનું બનાવેલું દશ મતનું સ્તવન નથી. આ બાબતમાં તેઓ એટલું કહે છે કે ઉપાધ્યાયજી જેવા મહાસમર્થ જ્ઞાની પુરૂષ, ખરતર આદિ ગચ્છોનું ખંડન કરવા પ્રયત્ન કરે નહિ. ઢુંઢક અને દિગંબરના ખંડન વિના તેમના અન્ય ગ્રન્થોમાં ખરતરાદિ ગચ્છોના ખંડનનો ઇસારો જણાતો નથી. માટે કોઈ અન્ય વિદ્વાને આ સ્તવન બનાવીને તેમનું નામ લખ્યું છે. ઉપાધ્યાયજીના વખતમાં પીતવસ્ત્રદ્વારા ક્રિયોદ્ધાર કરનાર પન્યાસ સત્યવિજય હતા.

પણ પન્યાસને આચાર્યની આજ્ઞામાં રહેવું પડતું હતું. તપાગચ્છના આચાર્યોની આજ્ઞા પ્રમાણે વિહાર વગેરે થતો હતો. શ્રી પદ્મવિજયજી, શ્રી રૂપવિજયજી અને શ્રી રત્નવિજયજી પન્યાસ પર્યન્ત પણ આ રીવાજ પણ કેટલેક અંશે શરૂ હતો, એમ સાંભળવામાં આવે છે. શ્રી ઉપાધ્યાયજીએ પીતવસ્ત્ર ગ્રહણ કર્યાં નહોતાં એમ કેટલાકનું માનવું છે. આ બાબતનો નિર્ણય થવા માટે વિદ્વાનોએ મધ્યસ્થ દૃષ્ટિથી ચર્ચા કરવી જોઇએ. અઢારમા સૈકામાં તપાગચ્છના ભાનુ સમાન શ્રી ઉપાધ્યાયજીએ ગામોગામ વિહાર કરીને જૈનધર્મની અપૂર્વ સેવા બજાવી છે. તેમની કલમમાં અપૂર્વ ધર્મ રસની ધારાનો પ્રવાહ વહે છે. આગામોના અનુસારે તેમનો ઉપદેશ હતો. કેટલાક દિગંબરીઓ તરફથી એમ કહેવામાં આવતું હતું કે અમારામાં જેવો શુભચંદ્રાચાર્યે જ્ઞાનાર્ણવ ગ્રંથ છે તેવો શ્વેતાંબરમાં નથી. આ વાત શ્રી ઉપાધ્યાયજીના મનમાં ખુંચવાથી, ઉપાધ્યાયજી એ **જ્ઞાનાર્ણવ** નામનો ગ્રંથ એવો સરલ બનાવ્યો કે જેથી દિગંબરીઓના જ્ઞાનાર્ણવ કરતાં, તેમણે બનાવેલો જ્ઞાનાર્ણવ ઉત્તમ શોભાને ધારણ કરવા લાગ્યો પણ શ્વેતાંબર જૈનોના કમભાગ્યે હાલ તેનો પત્તો લાગતો નથી. જ્ઞાનાર્ણવ ગ્રન્થ જોવાની સાક્ષીઓ તેમણે અન્ય ગ્રન્થોમાં લખી છે. આ ગ્રન્થની શોધ કરવાની ઘણી જરૂર છે. ઉપાધ્યાયજીના મનમાં જૈનધર્મની ઉન્નતિ કરવાની ઘણી ઇચ્છા હતી. એક કિંવદન્તીના આધારે અત્ર લખવામાં આવે છે કે ઉપાધ્યાયજીના

**શ્રીમદ્‌નો આનન્દઘનજી સાથે સમાગમ.**

મનમાં આનન્દઘનજીની મુલાકાત લેવાની ઇચ્છા થઇ. આબુની યાત્રા કરીને તેઓ તેઠલામાં આનન્દઘનજીની શોધ કરવા લાગ્યા. આનન્દઘનજી સાધુના વેષે હતા. ઉપાધ્યાયજીએ શોધ કરાવી તેમાં તે સફળતા પામ્યા. આબુની પાસેના ગામમાં એક વખત ઉપાધ્યાયજી કેટલાક યતિઓ અને શ્રાવકોની આગળ અધ્યાત્મની પ્રરૂપણા કરતા હતા. તે વાતને ખાનગીમાં આનન્દઘનજીને ખબર પડતાં તેઓ ગુપચુપ આવીને શ્રવણ વર્ગની પાછળ બેઠા. ઉપાધ્યાયજીનું અધ્યાત્મ વ્યાખ્યાન સાંભળીને સભાએ મુક્ત કંઠે પ્રશંસા કરી. પણ પેલા મહાત્માએ મૌન ધારણ કરેલું દેખીને ઉપાધ્યાયજીની તેમના તરફ દૃષ્ટિ ગઇ. મારા વ્યાખ્યાનની પ્રસન્નતા કેમ ન જણાવી એવો ઉપાધ્યાયજીના મનમાં વિચાર આવ્યો. ઉપાધ્યાયજીના કહેવાથી તેજ ગાથાનો અધ્યાત્મ અનુભવ પેલા મહાત્માએ પ્રરૂપ્યો, તેથી ઉપાધ્યાયનું મન ખુશ થયું. અને જાણ્યું કે અધ્યાત્મજ્ઞાનરસમાં ઝીલનાર આનન્દઘન વિના આવો ઉત્તમ અનુભવ અર્થ કોઇ કરી શકે નહિ. તેથી તેમને વધુ પૃચ્છા કરતાં તેજ પ્રસન્ન વદનવાળા આનન્દઘનજી છે એમ ઉપાધ્યાયના મનમાં નિશ્ચય થવાથી તેમનો બહુ સત્કાર કર્યો, અને તેમની અષ્ટપદી બનાવી. કેટલાક આનન્દઘનની નિન્દા કરતા હતા, અને આનન્દઘનનાં છિદ્ર દેખતા હતા. તે વાત ઉપાધ્યાયે સાંભળી હતી. ઇત્યાદિ વાક્યોવડે પોતાનો ગુણાનુરાગ દેખાડયો. શ્રીમદ્ આનન્દઘનજીએ પણ શ્રી ઉપાધ્યાયજીના ગુણાનુરાગની અષ્ટપદી તે વખતે બનાવી હતી એમ સાંભળવામાં આવ્યું છે. કેટલાક વખતના સહવાસથી આનન્દઘનજીના પાસેથી શ્રીમદ્ ઉપાધ્યાયે અધ્યાત્મજ્ઞાન સંબંધી પોતાના અનુભવની વૃદ્ધિ કરી. અને ત્યારથી તેમણે સમાધિશતક, અધ્યાત્મસાર, જ્ઞાનસાર, જશવિલાસ વગેરે ગન્થોમાં અધ્યાત્મજ્ઞાનની અપૂર્વ ભાવનાઓ લખી. શ્રીમદ્ આનન્દઘનજી પાસે જઇ કેટલાક શ્રાવકો હાલ ખરો ધર્મોપદેષ્ટા કોણ છે તે સંબંધી પ્રશ્નો પુછતા હતા, અને કોની પાસે ધર્મ વ્યાખ્યાન સાંભળવું ઇત્યાદિ પુછતા હતા. તેના ઉત્તરમાં શ્રીમદ્ આનન્દઘનજી કહેતા હતા કે હાલમાં શ્વેતાંબર માર્ગમાં જૈનશાસનમાં શ્રીમદ્ યશોવિજયજી ગીતાર્થ છે. અને તે જૈનાગમોના અનુસારે બોધ આપે છે. તેનું વ્યાખ્યાન

સાંભળો અને તે ખરો ધર્મોપદેષ્ટા છે એમ માનો. હું તો સંત છું અને તે તો જૈન શાસનનો રક્ષક–ગીતાર્થ અને જૈનધર્મનો પ્રવર્તક મહા આત્માર્થી પુરૂષ છે. આનન્દઘનજીનાં આવાં વચનોથી આનન્દઘનજીની દશા અને તેમની ગુણાનુરાગ દૃષ્ટિ, અને જૈન શાસનના રક્ષક ઉપાધ્યાયજીની પરિક્ષા સંબંધી ઘણું શિખવાનું મળે છે.

એક વખતે કોઈ પ્રતિપક્ષી શ્રાવકે યશોવિજયજીને ઉદ્દેશીને કહ્યું કે–સમકિતના સડસટ બોલની સજ્જાય તમે બનાવી છે, તેમાં વ્યવહાર પક્ષની ઘણી પુષ્ટી છે. ષટ્સ્થાનક સંબંધી વિશેષ વ્યાખ્યાન નથી માટે તે બાબતનો ઘણો અનુભવ નથી એમ લાગે છે. ઉપાધ્યાયજીએ આ વાતના ઉત્તર તરીકે ષટ્સ્થાનક ચોપાઇ નામનો ગુર્જર ભાષાનો ગ્રન્થ લખીને તેમાં ઘણો અનુભવ લખી દીધો તેથી પેલા પ્રતિપક્ષી શ્રાવકનું મુખ બંધ થયું. હાલના વિદ્વાનો પણ તેમના ગ્રન્થોનું અનુકરણ કરીને કેટલાક ગ્રન્થોને લખવા પ્રયત્ન કરે છે. એવી દંતકથા સાંભળવામાં આવી છે તે નીચે મુજબ:–" શ્રીમદ્ યશોવિજયજીની નસોનસમાં સવીજીવ કરૂં શાસન રસી " એવી ભાવના વર્તતી હતી. આનન્દઘનની પાસે સુવર્ણ સિદ્ધિ છે એમ તેમણે જાણ્યું હતું. તેમણે વિચાર કર્યો કે સુવર્ણ સિદ્ધિથી જૈનોનો ઉદય કરી શકાશે. ઘણા લોકોને જૈન ધર્મમાં લાવી શકાશે. મેડતા લગભગમાં આનન્દઘનજી રહેતા હતા. ઉપાધ્યાયે બહુ સત્કારથી આનન્દઘનજીને ગામમાં તેડાવ્યા, અને બહુ માનથી કહ્યું કે આપની પાસે સુવર્ણ સિદ્ધિ છે તેને લેવા મારી પ્રાર્થના છે. આનન્દઘનજીએ આ અયોગ્ય પ્રાર્થના છે એમ કહી ત્યાંથી ચાલી નીકળ્યા. ઉપાધ્યાયજીના મનમાં જૈન શાસનનો ઉદય કરવાની તીવ્રેચ્છા વર્તતી હતી. તેમને કેટલાક દ્વેષીઓ પજવતા હતા અને તેમની નિન્દા કરતા હતા તેથી કેટલીક વખત ઉપાધ્યાયજીનામાં તેઓના માટે કરૂણા પ્રગટ થતી હતી. આ બાબતના ઉભરા તેઓ સંખેશ્વર દર્શન કરવાને ગયા તે વખતે સંખેશ્વરનું સ્તવન રચીને તેમાં કાઢયા છે. અધ્યાત્મજ્ઞાનની પ્રરૂપણા અને અધ્યાત્મક ગ્રન્થો લખવાથી કેટલાક મૂઢ દ્વેષીઓ તેમની નિન્દા કરવા લાગ્યા. તે સંબંધીનો ઇશારો શ્રીમદ્ ઉપાધ્યાયે અધ્યાત્મસારના અન્તે કર્યો છે.

શ્રીમદે રચેલા ગ્રન્થો.

## શ્રીમદ્ ઉપાધ્યાયજીએ સંસ્કૃત ભાષામાં નીચે મુજબ ગ્રન્થો બનાવ્યા છે.

**લભ્ય ગ્રન્થો:—**

૧ અધ્યાત્મસાર.
૨ અધ્યાત્મોપનિષત્.
૩ અધ્યાત્મિક મતખંડન સટિક.
૪ અધ્યાત્મ મતપરીક્ષા સટિક.
૫ નયરહસ્ય.
૬ નયપ્રદીપ.
૭ નયોપદેશ. અમૃત તરંગગિણી ટીકા સહિત.
૮ ન્યાયાલોક.
૯ જૈન તર્ક પરિભાષા.
૧૦ જ્ઞાન બિન્દુ.
૧૧ ન્યાયખંડ ખાદ્ય ( મહાવીરસ્તવન પ્રકરણ ).

૧૨ માર્ગ પરિશુધિ.
૧૩ ઉપદેશ રહસ્યટીકા.
૧૪ વૈરાગ્ય કલ્પલતા.
૧૫ બત્રીશ બત્રીશી સટીક.
૧૬ જ્ઞાનસાર (અષ્ટક).
૧૭ દેવધર્મ પરીક્ષા.
૧૮ યતિ લક્ષણ સમ્મુચ્ચય.
૧૯ ગુરૂતત્વ નિર્ણય સટીક.
૨૦ સમાચારી.
૨૧ પ્રતિમા શતક સટીક.
૨૨ ભાષા રહસ્ય.

**અન્યાચાર્યો કૃત ગ્રન્થોપર તેમણે કરેલી ટીકાઓ:—**

૨૩ શાસ્ત્ર વાર્તા સમુચ્ચયની ટીકા.
૨૪. કર્મ પ્રકૃતિ ( કમ્મ પયડીની ટીકા. )
૨૫. ષોડષક વૃત્તિ.
૨૬. અષ્ટ સહસ્ત્રી વિવરણ.

**अलभ्य-दुर्लभ्य ग्रन्थोः—**

૨૭ અધ્યાત્મોપદેશ.
૨૮ સ્યાદ્વાદ રહસ્ય.
૨૯ પ્રમાણ રહસ્ય.
૩૦ સિદ્ધાન્ત તર્ક પરિષ્કાર.
૩૧ અનેકાન્ત મત વ્યવસ્થા.
૩૨ પાતંજલ યોગશાસ્ત્ર ચતુર્થ પાદવૃત્તિ.
૩૩ આત્મખ્યાતિ.
૩૪ ચતુર્વિંશતિ જિન (ઐન્દ્ર) સ્તુતિ.
૩૫ જ્ઞાનાર્ણવ.
૩૬ વિચારબિન્દુ.
૩૭ ત્રિસૂષ્યા લોકવિધિ.
૩૮ મંગલવાદ.
૩૯ શઠપ્રકરણ.
૪૦ જ્ઞાનસાર ચૂર્ણિ.
૪૧ છંદ ચૂડામણિ ટીકા.
૪૨ માર્ગશુદ્ધિ પૂર્વાર્ધ.
૪૩. લતાદ્વય.
૪૪ વિધિવાદ.
૪૫ તત્વ વિવેક.
૪૬ કુપના દૃષ્ટાન્તપર ગ્રન્થ.

રહસ્યનામ અંકિત એકસોને આઠ ગ્રન્થો લખ્યા છે.

## શ્રીમદ્દે ગુજરાતી ભાષામાં રચેલા ગ્રન્થો.

૧ શ્રીપાલ રાજાના રાસનો પાછલો ભાગ.
૨ દિગ્પટ ચોરાશી બોલ. ( કાશીથી આવતાં બનાવેલ ).
૩ જંબુ સ્વામીનો રાસ.
૪ દ્રવ્યગુણ પર્યાયનો રાસ.
૫ સમાધિશતક.
૬ સમતા શતક.
૭ તત્ત્વાર્થ સૂત્રનો ટબો.
૮ જ્ઞાનસારનો ટબો.
૯ અધ્યાત્મમત પરીક્ષાનો ટબો.
૧૦ જશવિલાસ. પદ ( ૭૫ ).
૧૧ આનન્દઘનજીની સ્તુતિરૂપ અષ્ટપદી.
૧૨ સમ્યક્શાસ્ત્ર વિચાર સારપત્ર.
૧૩ વિચાર બિન્દુ.

### સજ્ઝાયો.

૧૪ અઢાર પાપસ્થાનકની સજ્ઝાય.
૧૫ આઠ દૃષ્ટિની સજ્ઝાય.
૧૬ પ્રતિક્રમણ ગર્ભહેતુની સજ્ઝાય.
૧૭ સમકિતના સડસઠ બોલની સજ્ઝાય.
૧૮ પાંચ કુગુરૂની સજ્ઝાય.
૧૯ અગીઆર અંગની સજ્ઝાય.
૨૦ પાંચ મહાવ્રત ભાવનાની સજ્ઝાય.
૨૧ અમૃતવેલીની સજ્ઝાય.
૨૨ સંયમશ્રેણિની સજ્ઝાય.
૨૩ ચાર આહારની સજ્ઝાય.

### સ્તવનો.

૨૪ શ્રી સીમંધર સ્વામિનું સ્તુતિરૂપ ૩૫૦ ગાથાનું સ્તવન.
૨૫ શ્રી વિરસ્તુતી હુંડીનું ૧૫૦ ગાથાનું સ્તવન.
૨૬ સવાસો ગાથાનું સ્તવન.
૨૭ નિશ્ચય વ્યવહારનું સ્તવન.
૨૮ મૌન એકાદશીના દોઢસો કલ્યાણકનું સ્તવન.
૨૯ }
૩૦ } ત્રણ ચોવીશી.
૩૧ }
૩૨ વિહરમાન જિનવીશી.
૩૩ ષટ્સ્થાનક ચોપાઇ.
૩૪ દશમતનું સ્તવન.
૩૫ શઠપ્રકરણનો બાલાવબોધ.

૩૬ વિચારબિંદુનો બાલાવબોધ.
૩૭ કુમતિ ખંડન સ્તવન.
૩૮ સુગુરૂની સજ્ઝાય.
૩૯ ચડતા પડતાની સજ્ઝાય.
૪૦ યતિધર્મ બત્રીશી. (જૈનકાવ્ય સંગ્રહમાં પૃષ્ટ ૨૩૦ માં).
૪૧ સ્થાપના કલ્પની સજ્ઝાય. (બુદ્ધિપ્રભા માસિક ૧૯૬૫).
૪૨ સમુદ્ર વહાણ સંવાદ.
૪૩ પંચપરમેષ્ઠી ગીતા. (ભજનપદ સંગ્રહ. ભાગ ૪).
૪૪ બ્રહ્મ ગીતા. (ભ. પ. સં. ૪.)
૪૫ સમ્યકત્વ ચોપાઈ.
૪૬ સીમંધર ચૈત્યવંદન ( જૈનકાવ્ય પ્રકાશ પાન, ૧ ભીમશી માણેકે છપાવેલ).
૪૭ ઉપદેશમાળા.

એકંદરે શ્રીમદ્ યશોવિજયજીએ ન્યાયના વિષય ઉપર ૧૦૮ ગ્રન્થો લખ્યા છે એમ કહેવામાં આવે છે; અને ૨૦૦૦૦૦ ( બે લાખ ) શ્લોક બનાવ્યા છે.

શ્રીમદ્ જૈનકવિ છતાં ગુજરાતી સાહિત્યને કેવી રીતે પોષ્યું.

શ્રીમદે ગુજરાતી ભાષામાં ગ્રન્થો લખીને ગુર્જર બંધુઓ ઉપર મોટો ઉપકાર કર્યો છે. કોઈ એમ કહેશે કે તેમના ગ્રન્થો જૈન ધર્મને લગતા છે; તો આના ઉત્તરમાં કહેવું પડશે કે પ્રેમાનન્દના ગ્રન્થો જેમ વૈષ્ણવ વા હિન્દુ ધર્મને લગતા હતા તોપણ ગુર્જર ભાષાના પોષક હતા. તેમ શ્રીમદ્ યશોવિજયજીના ગ્રન્થો પણ જૈન ધર્મને લગતા હતા તોપણ ગુર્જર ભાષાના પોષક હતા. જૈન કવિઓના ગુર્જર ભાષાપોષક ગ્રન્થોમાં માગધી શબ્દો આવી જાય છે તેનું કારણ એ છે કે જૈન સાક્ષર મુનિઓને સંસ્કૃત ભાષા અને માગધી ભાષાનો અભ્યાસ કરવો પડે છે. માગધી ભાષા કે જેને પ્રાકૃત ભાષા કહેવામાં આવે છે તેમાં જૈનાચાર્યોએ હજારો ગ્રન્થો લખેલા છે તેથી પ્રાકૃત ભાષાના શબ્દો પ્રસંગોપાત આવી જાય એ બનવા યોગ્ય છે. અસલની પ્રચલિત ભાષા પ્રાકૃત ગણાય છે. ગુજરાતી ભાષા પણ વસ્તુતઃ પ્રાકૃત ભાષાજ ગણી શકાય છે. વડોદરાના કવિ પ્રેમાનન્દની સાથે શ્રીમદ્ યશોવિજયજીની મુલાકાત થઇ હશે કે કેમ તે નક્કી કહી શકાતું નથી. વડોદરામાં કવિરાજ પ્રેમાનન્દનું શરીર છૂટયું, અને ડભોઇમાં વૈષ્ણવીય કવિ દયારામ અને જૈનસાક્ષર કવિરાજ શ્રીમદ્ યશોવિજયજીનો દેહોત્સર્ગ થયો. આ ત્રણ કવિ માટે વડોદરા અને ડભોઇ ગામ સદાકાળ ગુજરાતી સાક્ષરોને સ્મરણીય રહેશે.

શ્રમદ્ યશોવિજયજીએ દેવની સ્તુતિ કરીને ભક્તિ માર્ગની પુષ્ટી કરી છે. ભક્તિના વિષયમાં યશોવિજયજી અપૂર્વ પ્રેમથી પરમાત્માની સ્તુતિ કરે છે.

શ્રીમદ્‌નો ભક્તિ પ્રેમ.

તેમનું હૃદય ભક્તિ રસથી ઉભરાઇ જાય છે તે નીચેના સ્તવન કાવ્યોથી માલુમ પડશેઃ—

### અજિતનાથ સ્તવન.

અજિત જિણંદશું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે,
માલતી ફુલે મોહીઓ, કિમ બેસે હો બાવલ તરૂ ભ્રંગ કે. અજીત ૧.
ગગા જળમાં જે રમ્યા, કિમ છિલ્લર હો રતિ પામે મરાલ કે;
સરોવર જલધર જલ વિના, નવિ ચાહે હો જગ ચાતક બાળ કે. અજીત ૨.
કોકિલકલ કૂજિત કરે, પામી મંજરી હો પંજરી સહકાર કે;
ઓછાં તરૂવર નવિ ગમે, ગિરૂઆ શું હો હોએ ગુણનો પ્યાર કે. અજીત ૩.

કમલિની દિનકર કર ગ્રહે, વળી કુમુદિની હો ધરે ચંદ શું પ્રીત કે;
ગોરી ગિરીશ ગિરિધર વિના, નવિ ચાહે હો કમલા નિજ ચિત્ત કે. અજીત ૪.
તિમ પ્રભુ શું મુજ મન રમ્યું, બીજા શું હો નવી આવે દાય કે;
શ્રી નયવિજય સુગુરૂતણો, વાચક જશ હો નિત નિત ગુણ ગાય કે. અજીત. ૫.

શ્રીમદ્ યશોવિજયજી પોતાના પ્રેમી તરીકે અજીતનાથને સ્વિકારીને પ્રેમીના સંબંધમાં જે જે દૃષ્ટાન્તો આપીને પોતાની પ્રીતિ શ્રી પ્રભુ ઉપર પૂર્ણ છે તેને હૃદયોદ્‌ગારથી જણાવે છે. પ્રેમાનન્દ કવિના સમાનકાલીન આ જૈન કવિરાજની ગુર્જર ભાષા સરળ અને રમ્ય છે. તેમના શબ્દોમાં પ્રભુ પ્રત્યેનો પ્રેમ ઝળકી ઉઠે છે. પ્રભુપર પ્રેમી બનેલ આ મહાપુરૂષ પોતાના હૃદયને પ્રેમ ઉભરાથી શબ્દો દ્વારા ખાલી કરીને પ્રભુની ભક્તિમાં ગુલતાન બને છે. અને અન્યોને તત્પ્રતિ આકર્ષે છે.

શ્રીમદ્ કવિરાજ પ્રભુની સાથે પ્રેમથી પરોક્ષ દશામાં સંબંધ બાંધીને પ્રભુનું સ્મરણ કરે છે. પ્રભુની વિરહ દશામાં પ્રભુની પ્રાપ્તિને અર્થે પોતાના પ્રેમનો શબ્દોદ્વારા અપૂર્વ રસ પ્રગટાવતા છતા નીચેના સ્તવનમાં આ પ્રમાણે કહે છેઃ—

**पद्मप्रभु स्तवन.**

પદ્મ પ્રભુ જિન જઇ અલગા રહ્યા, જિહાંથી નાવે લેખોજી;
કાગલને મસિ તિહાં નવિ સંપજે, ન ચલે વાટ વિશેષોજી;
સુગુણ સનેહારે કદીય ન વિસરે. ૧
ઇહાંથી તિહાં જઇ કોઈ આવે નહિ, જેહ કહે સંદેશોજી,
જેહનું મિલવું રે દોહિલું તેહશું, નેહ તે આપ કિલેસોજી. સુગુણ. ૨
વીતરાગ શું રે રાગ તે એક પખો, કીજે કવણ પ્રકારોજી;
ઘોડો દોડેરે સાહિબ કાજમાં, મન નાણે અસવારોજી. સુગુણ. ૩
સાચી ભક્તિરે ભાવન રસ કહ્યો, રસ હોય તિહાં દોય રીઝેજી;
હોડા હોડેરે બેહુ રસ રીઝથી, મનના મનોરથ સીજેજી. સુગુણ. ૪
પણ ગુણવંતારે ગોઠે ગાજીએ, મોટા તે વિશ્રામોજી;
વાચક જશ કહે એહજ આશરે, સુખ લહું ઠામો ઠામજી. સુગુણ. ૫

પ્રભુના વિરહે પરોક્ષદશામાં પ્રેમના સંબંધથી જે જે પ્રભુને મળવાના સુઝે છે તેનો વિચાર કરીને પાછા તેનો નિર્ણય કરીને કહે છે કે તમારી પાસે કોઇ આવી શકે તેમ નથી. હે સુગુણ સ્નેહી ! તમો એક ઘડી માત્ર પણ વિસરતા નથી. હે વીતરાગ ! હું તમારી સાથે રાગ કરૂં છું પણ આપ વીતરાગ હોવાથી મારા પ્રેમની કોણ કિંમત આંકી શકે. ઘોડો સ્વામિના કાર્ય માટે બહુ દોડે પણ સ્વામિના મનમાં તો તે બાબતનો વિચાર પણ ન હોય, તેમ તમારા ઉપર હું અત્યન્ત પ્રેમ ધારણ કરૂં છું અને તમારા તો હીસાબમાં ન હોઉં તો કેમ એવી એક પક્ષવાળી પ્રીતિ નભી શકે ? બે રસીલા હોય તો પ્રેમરસથી રીઝ પેદા થાય. આપ અનેક ગુણના ભંડાર છો અને મોટા એવા વિશ્રામભૂત છો. ઉપાધ્યાય કહે છે કે હે પ્રભુ ! તમારો આશ્રય પામીને હું ઠામોઠામ સુખ લહીશ. આપના વિના મારે કોઈ અન્ય વિશ્રામો નથી ઇત્યાદિ કહી અપૂર્વ ભક્તિભાવને પ્રગટ કરે છે.

ઉપાધ્યાયજીનું મન ભક્તિ અને પ્રેમથી લદ્‌બદ્ બની ગયું હતું. ભક્તિ એ પરમાત્માને મેળવવાનો અપૂર્વ માર્ગ છે. પ્રભુને મહાન્ માનવામાં આવે છે ત્યારે તેમના પ્રતિ પૂજ્યભાવ

પ્રગટ થાય છે. પ્રેમભક્તિના ઉદ્‌ગારો ખરેખર પરાભાષારૂપ હોવાથી ભક્તિના આધિન ભગવાન એવું જે કથવામાં આવે છે તે અક્ષરેઅક્ષર સત્ય ઠરે છે. પરાભાષાથી ઉઠતા ભક્તિના શબ્દોમાં એવી શક્તિ હોય છે કે તે ભક્તિના વિચારોને ફેલાવીને અપૂર્વ આનન્દ રસ પ્રગટાવી શકે છે. ભક્તિના રસમાં મસ્ત બનેલા ભક્ત પ્રભુને પોતાના હૃદયમાં લાવી શકે છે. યોગીઓ પણ જે પ્રભુને હૃદયમાં લાવવા અસમર્થ બને છે તે કાર્યને ભક્ત સહેજે સાધી શકે છે. ભક્ત પોતાના હૃદયમાં ધ્યેય પ્રભુની મૂર્તિને ભક્તિ બળથી ખડી કરે છે, અને ત્રણ ભુવનના નાથને પોતાના અણુ જેવા હૃદયમાં અર્થાત્ ન્હાના હૃદયમાં સ્થાપન કરવા સમર્થ થાય છે. અને તેની શાબાશી ભક્તને મળે છે. ભક્તિની ધૂનમાં મસ્ત બનેલા ભક્તો પ્રભુની સાથે જાણે સાક્ષાત્ વાત કરતા હોય એવો મનઃસૃષ્ટિનો દેખાવ અન્યોને આપે છે. આવી ઉત્તમ ભક્તિની ધૂનમાં સાત્વિક આનન્દ રસનું આસ્વાદ કરીને શ્રીમદ્ યશોવિજયજી સુવિધિનાથના સ્તવનમાં ઉપરના વિચારોને મળતા શબ્દોમાં પ્રભુને ભક્તિના માહાત્મ્યથી હૃદયમાં ધ્યેયરૂપે પ્રગટ કરીને નીચે પ્રમાણે કથે છે.

### સુવિધિનાથ સ્તવન.

લઘુ પણ હું તુમ મન નવિ માવુંરે, જગગુરૂ તુંમને દીલમાં લાવુંરે,
કુણને એ દીજે શાબાશીરે, કહો શ્રી સુવિધિ જીણંદ વિમાસીરે. લઘુ. ૧
મુજમન અણુ માંહે ભક્તી છે ઝાઝીરે, તેહ દરિનો તુ છે માજીરે;
યોગી પણ જે વાત ન જાણેરે, તે અચરિજ કુણથી હુઓ ટાણેરે. લઘુ. ૨
અથવા થિર માંહે અથિર નમાવેરે, મોટો ગજ દરપણમાં આવેરે;
જેહને તેજે બુદ્ધિ પ્રકાશીરે, તેહને દીજે એ શાબાશીરે. લઘુ. ૩
ઉર્ધ્વમૂલ તરૂવર અધ શાખારે, છંદ પુરાણે એહવી છે ભાષારે.
અજરિજ વાલે અચરિજ કીધુંરે, ભગતે સેવક કારજ સિંધુરે. લઘુ. ૪
લાડ કરી જે બાલક બોલેરે, માતપિતા મન અમિયને તોલેરે;
શ્રી નયવિજય વિબુધનો શિશોરે, જશ કહે એમ જાણો જગદિશોરે. લઘુ. ૫

સુવિધિનાથના સ્તવનમાં ભક્તિનું આકર્ષણ અને ભક્તિરસથી ભક્તના કાર્યની સિદ્ધિનો અપૂર્વ ભાવ દેખવામાં આવે છે. ધ્યેય પ્રભુને ધ્યાનમાં ધારીને ભક્તમહાત્મા પોતાના સહજાનન્દનો ભોક્તા બને છે. ભક્તિમય શબ્દોના આન્દોલનોથી જગતમાં ભક્તિના વિચારોથી વૃદ્ધિ થાય છે. અને તેથી દુનિયાને પ્રભુની ભક્તિનો અપૂર્વ લાભ સંપ્રાપ્ત થાય છે. ભક્તની પરાભાષાથી જે ભક્તિના ઉદ્‌ગારો નીકળ્યા હોય છે તે શબ્દદ્વારા ઉદ્‌ગારોને જાણવાથી અન્ય મનુષ્યોના હૃદયમાં પણ તેવા પ્રકારનો આનન્દ ખીલી ઉઠે છે. ભક્ત ખરેખર ભક્તિની ધુનમાં ચઢી જઇને કપટાદિ દોષોના સત્વર નાશ કરીને પોતાના હૃદયને ચન્દ્રની પેઠે નિર્મળ બનાવે છે. અને તે પ્રભુની આગળ ન્હાના બાળક જેવો બની જઇને પોતાના મનમાં જે જે આવે છે તે પ્રભુને કહે છે. શ્રીમદ્ આવી ભક્તિના પરિણામમાં પ્રભુના બાળક બની ગયા છે અને પોતાના હૃદયની શુદ્ધતા કરીને તેમાંથી અપૂર્વ ભક્તિ રસના ઝરાને વહેવરાવીને આત્માની શીતલતાને પ્રાપ્ત કરે છે. શ્રીમદ્ ઉપાધ્યાયજી પોતેજ ભક્તિના પાત્ર ભક્તરૂપ પોતે બનીને પોતાના હૃદયના ઉભરાઓ બહાર કાઢીને ભક્ત કવિના ખરા નામને દીપાવીને અન્યોને અનુકરણીય બને છે. શ્રીમદ્ શુદ્ધ ભક્તિરસના રસીલા થઇને પરમાત્માની સ્તુતિ કરીને પ્રભુને એમ કહે છે કે હે પ્રભુ તમોએ મારા ઉપર કંઇ કામણ કર્યું છે કે જેથી મારૂં મન આપના ઉપર લાગી રહ્યું છે. પ્રભુના ઉપર પોતે કામણ કરવાનું કહીને એમ પ્રકાશે છે કે.—હું પણ ભક્તિના કામણથી

તમને મારા હ્રદય રૂપ ઘરમાં રાખીશ. મારા મનરૂપ વૈકુંઠમાં અકુંઠિત એવી ભક્તિવડે તમો સ્થિર થઇને રહેશો, એમ શ્રીમદ્ નીચેના સ્તવનમાં જણાવે છે: **तथाच**

**वासुपूज्य स्तवन.**

સ્વામી તુમે કાંઈ કામણ કીધું, ચિત્તડું અમારૂં ચોરી લીધું;
અમે પણ તુમ શું કામણ કરશું, ભક્તિ ગ્રહી મન ઘરમાં ધરશું;
સાહેબા વાસુપૂજ્ય જીણંદા, મોહના વાસુપૂજ્ય જીણંદા. સા. ૧

મન ઘરમાં ધરી આ ઘર શોભા, દેખત નિત્ય રહેશો થિર થોભા;
મન વૈકુંઠ અકુંઠિત ભક્તે, યોગી ભાંખે અનુભવ યુક્તે. સા. ૨

ક્લેશે વાસિત મન સંસાર, ક્લેશ રહિત મન તે ભવપાર;
જો વિશુદ્ધ મન ઘર તુમે આવ્યા, પ્રભુ તો અમે નવનિધિ રૂદ્ધિ પાવ્યા. સા. ૩

સાતરાજ અલગા જઈ બેઠા, પણ ભક્તેં અમ મનમાંહિ પેઠા;
અલગાને વલગ્યા જે રહેવું, તે ભાણા ખડખડ દુઃખ સહેવું. સા. ૪

ધ્યાયક ધ્યેય ધ્યાન ગુણ એકે, ભેદ છેદ કરશું હવે ટેકે;
ખીર નીર પરે તુમશું મલશું, વાચક જશ કહે હેજે હલશું. સા. ૫

ઉપાધ્યાયજી કથે છે કે ક્લેશવડે વાસિત થએલું મન તેજ સંસાર છે. રાગ અને દ્વેષાદિ દોષથી મન જ્યારે મુક્ત થાય છે ત્યારે આત્મા, ભવનો પાર પામે છે. મનમાં ક્રોધ, ઇર્ષ્યા, નિન્દા, હિંસાવૃત્તિ, લોભ, કપટ, અહંકાર અને નિન્દા આદિ દોષો હોય છે ત્યાં સુધી બાહ્યના ગમે તેવા ક્રિયા વિગેરાના આડંબરથી મોક્ષની પ્રાપ્તિ થઇ શકતી નથી. મનમાં ઉત્પન્ન થતી વિષય વાસનાઓને હઠાવ્યા વિના પ્રભુની ભક્તિ કરી શકાતી નથી. પ્રભુની આજ્ઞા છે કે મારાપર પ્રેમ તમે જો ધારણ કરતા હોય તો મનમાં ઉત્પન્ન થનાર રાગાદિક દોષોનો જડ મૂળમાંથી દૂર કરો એજ ખરી ભક્તિ છે. આવી ખરી ભક્તિ વિના સ્વાર્થસાધક ઢોંગી ભક્તોની ઢોંગી ભક્તિ તે સંસાર વધારનારી છે એમ અવબોધવું. મનની શુદ્ધિ કર્યા વિના પ્રભુને હ્રદયમાં ધ્યેય રૂપે ધારી શકાતા નથી. સર્વે કામનાઓનો ત્યાગ કરીને જેઓ પોતાના હ્રદયને શુદ્ધ બનાવે છે અને અધિકાર પરત્વે ક્રિયામાર્ગમાં પ્રવૃત્ત થાય છે તેઓ પ્રભુને વિશુદ્ધ મનમાં લાવવાને સમર્થ થાય છે એમ શ્રીમદ્ ઉપાધ્યાયે અત્ર ગૂઢ રહસ્ય દર્શાવ્યું છે. વિશુદ્ધ મનમાં પ્રભુ આવવાથી આત્મામાં નવનિધિની ઋદ્ધિ ઉત્પન્ન થાય છે. ક્ષાયિકભાવની જ્ઞાનાદિક નવ લબ્ધિયોને નવનિધિની ઋદ્ધિ જૈન પરિભાષાવડે કહેવામાં આવે છે. શ્રીમદ્ કથે છે કે હે પ્રભો! તમે સાત રાજ ઉંચા જઇને બેઠા છો તોપણ તમે ભક્તિના યોગે ભક્તના મનમાં પેઠા છો એમાં કંઈ આશ્ચર્ય નથી. ધ્યાતા, ધ્યેય અને ધ્યાનનું ઐક્ય થતાં હે પ્રભો! અમો આત્માથી કર્મને ભિન્ન કરીને અર્થાત્ તે ભિન્ન છે એવો ઉપયોગ લાવીને કર્મનો છેદ કરીશું, અને સકલ કર્મનો ક્ષય કરીને હે પ્રભો ક્ષીરમાં નીર જેમ મળી જાય છે તેમ અમો પણ સિદ્ધ સ્થાનમાં તમારી સાથે મળી જઇશું. આત્માને પરમાત્મ સ્વરૂપ કરીને તમો જે સિદ્ધ-સ્થાનમાં છો ત્યાં આવીને હું પણ તમને મળીશ. એમ ઉપાધ્યાયજી પ્રેમ લક્ષણ ભક્તિના ઉભરાથી પ્રભુની સાથે જાણે વાતોજ ના કરતા હોય એવી રીતે કથે છે. ભક્તિ રસમય સ્તવનાથી ઉપાધ્યાયના હ્રદયપટમાં ભક્તિદ્વારા પ્રભુનું ચિત્ર કેવું ચિતરાયું હતું તેનું જ્ઞાન વાચ-કોને થયા વિના રહેતું નથી. જૈન શૈલી પ્રમાણે અને પોતાના હ્રદયોલ્લાસથી ભક્ત કવિએ

શાંતિના સ્તવનમાં પ્રભુને ભેટવાની જે ભાવના ભાવી છે તે અદ્‌ભુત છે. પ્રભુને ભેટવા માટે જે શબ્દો દ્વારા હૃદયોદ્‌ગારો કાઢયા છે તેનું સૂક્ષ્મ મનન કરીને તેમાં ઉંડા ઉતરીને સ્તવનનો પ્રદેશ અવલોકીએ છીએ તો તેની અપૂર્વ રમણીયતા દેખાય છે. શાન્તિનાથના સ્તવનમાં તેમણે પ્રભુને ભેટવાના અર્થાત્ પ્રભુને મળવાના સંબંધમાં પોતાના વિચારોને ભક્તિરૂપે વહેવરાવીને સમ્યક્ત્વાદિ ગુણોવડે પ્રભુની પ્રાપ્તિ જણાવી છે, અને ધ્યાનવડે પ્રભુની પ્રાપ્તિ થાય છે, તેમ સિદ્ધ કરી બતાવ્યું છે. પ્રભુના ધ્યાનમાં જ્ઞાન, દર્શન અને ચારિત્રનો સમાવેશ થાય છે એમ પણ દર્શાવ્યું છે. ધ્યાનની પરિણતીમાં ધ્યાતા પ્રભુના સ્વરૂપની સાથે એકમેક બની જાય છે, અને તેથી તે પ્રભુને સંપ્રાપ્ત કરે છે. અનુભવ દર્શનથી પરોક્ષદશામાં પ્રભુનું દર્શન કરવાને ભક્ત સમર્થ બને છે. પ્રભુ ઉપર પ્રેમી બનેલો ભક્ત ક્ષણે ક્ષણે પ્રભુનું ધ્યાન ધરે છે, તેથી તે પ્રભુનું અદ્‌ભુત રૂપ દેખી શકે છે, અર્થાત્ અનુભવી શકે છે. શ્રીમદ્‌ના સ્તવનથી તેઓએ પોતે એવો અનુભવ કર્યો છે એવું પરોક્ષ દશામાં જણાય છે. એમ તેમના સ્તવન ઉપરથી માલુમ પડે છે. તે સ્તવન નીચે મુજબઃ—

## શાંતિનાથ સ્તવન.

ધન દિન વેલા ધન ઘડી તેહ, અચિરાનો નંદન જિનજી ભેટશુંજી;  
લહીશુંરે સુખ દેખી મુખચંદ, વિરહ વ્યથાનાં દુઃખ સવિ મેટશુંજી. ૧

જાણ્યોરે જેણે તુજ ગુણ લેશ, બીજારે રસ તેહને મન નવિ ગમેજી;  
ચાખ્યોરે જેણે અમી લવલેશ, બાકસ બુકસ તસ ન રૂચે કિમેજી. ૨

તુજ સમકિત રસ સ્વાદનો જાણ, પાપ કુભક્તે બહુ દીન સેવિયુંજી;  
સેવે જો કર્મને યોગે તોહિ, વાંછે તે સમકિત અમૃત ધુરે લિખ્યુંજી. ૩

તાહરૂ ધ્યાન તે સમક્તિ રૂપ, તેહજ જ્ઞાનને ચારિત્ર તેહજ છેજી;  
તેહથારે જાએ સઘળાં પાપ, ધ્યાતારે ધ્યેય સ્વરૂપે હોયે પછેજી. ૪

દેખીરે અદ્‌ભૂત તાહરૂં રૂપ, અચરિજ ભવિક અરૂપી પદવરેજી;  
તાહરી ગત તું જાણે દેવ, સમરણ ભજન તે વાચક જશ કરેજી. ૫

શ્રીમદ્‌ના ભક્તિમય એક સ્તવનપર જો બરાબર ભાવાર્થ જોવામાં આવે તો એક મોટો ગ્રન્થ થઈ જાય તેથી અત્ર તેમના ભક્તિના સ્તવનનું સંક્ષેપથી અલ્પ શબ્દમાં દિગ્દર્શન કરવામાં આવે છે. શ્રીમદ્ ભક્તિરસમાં રસીલા થઇને પરમાત્માને ભેટવા અત્યન્ત ઉત્સુક બની ગયા છે. અને તેઓ પરમાત્માની ભક્તિમાં લીન થઇને લોક અર્થાત્ દુનિયાની રીઝનો અનાદર કરે છે. દુનિયાને રીઝવવી અને પ્રભુને રીઝવવા એ બન્ને કાર્ય સાથે બનતાં નથી. મનુષ્યો દુનિયાને રીઝવવા પ્રયત્ન કરે છે તોપણ તે દુનિયાની રીઝરૂપ કાર્ય પાર પડતું નથી. એક મનુષ્યને રીઝવવામાં આવે છે તો અન્ય વિચારવાળો મનુષ્ય નાખુશ થાય છે. મનુષ્યોની એક સરખી મતિ નથી અને તેથી તેઓના ભિન્ન ભિન્ન વિચારો હોય છે તેથી કોઇથી સઘળી દુનિયા રીઝવી શકાતી નથી. ઉત્તમ ભક્ત મનુષ્યો દુનિયાને રીઝવવા પ્રયત્ન કરતા નથી. ભરત ચક્રવર્તિની શાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થયું અને એક તરફ ઋષભદેવ ભગવાન પધાર્યાના સમાચાર સાંભળ્યા. આ બન્નેમાંથી પહેલી પૂજા કોની કરવી એવો વિચાર કરીને ભરતરાજાએ ચક્રરત્નની રીઝ ત્યાગીને ઋષભદેવનું દર્શન કર્યું. દુરારાધ્ય લોક છે. દોરંગી દુનિયા છે. સઘળી દુનિયા કોઇનાથી રીઝ પામી નથી અને પામનાર નથી, માટે દુનિયાદારીની રીઝ ત્યાગીને

અને લોક ગમે તે બોલે તેની પરવા ન કરતાં પરમાત્માની પ્રસન્નતા પ્રાપ્ત કરવી એવા વિચારની ધૂનમાં આવી જઇને શ્રીમદ્ યશોવિજયજી એક પરમાત્માની રીઝમાં પોતાનું મન લગાડે છે તે મલ્લિનાથના સ્તવનથી માલુમ પડે છે:—

**तथा च मल्लिनाथ स्तवनः—**

તુજ મુજ રીઝની રીત, અટપટ એહ ખરીરી;
લટપટ નાવે કામ, ખટપટ ભાંજ પરીરી. ૧

મલ્લિનાથ તુજ રીત, જન રીઝે ન હુએરી;
દોય રીઝણુને ઉપાય, સાહમુ કાંઈ ન જુએરી. ૨

દુરારાધ્ય છે લોક, સહુને સમ ન શરીરી;
એક દુહવાએ ગાઢ, એક જો બોલે હસીરી. ૩

લોક લોકોત્તર વાત, રીઝવે દોય જીઉઈરી;
તાત ચક્રધર પૂજ્ય, ચિન્તા એહ હુઈરી. ૪

રીઝવવો એક સાંઈ, લોક તે વાત કરેરી;
શ્રી નયવિજય સુશિષ્ય, એહિજ ચિત્ત ધરેરી. ૫

કવિ પોતેજ પાત્ર બનીને ભક્તિ વિષયક હૃદયની સ્ફુરણાઓને શબ્દોદ્વારા બહાર કાઢે છે ત્યારે તે ભક્તિ વિષયાદિનો સ્વાભાવિક કવિ ગણી શકાય છે. શ્રીમદ્ ભક્તિના પાત્ર બનીને દુનિયાની પરવાનો ત્યાગ કરીને પ્રભુને રીઝવવા માટે ખરો નિશ્ચય પ્રગટ કરે છે તેથી તેઓ ભક્તિની કોટિમાં કેટલી બધી ઉચ્ચતા મેળવે છે તેનો વાચકો પોતાની મેળે ખ્યાલ કરશે. કેટલાક શુષ્ક જ્ઞાનીઓનાં હૃદય તપાસવામાં આવે છે તો મારવાડની ભૂમિની પેઠે સૂકાં હોય છે; તેઓના હૃદયમાં પ્રભુ પ્રેમ ન હોવાથી જગત્પ્રતિ ઉચ્ચ પ્રેમ હોતો નથી તેથી તેઓનું મન ઉદાસ લાગે છે. શ્રીમદ્ ઉપાધ્યાયજી મહાન્ તાર્કિક શિરોમણિ અને મહાન્ તત્વજ્ઞાની હોવા છતાં તેમના હૃદયરૂપ પર્વતમાંથી ભક્તિનાં પ્રેમ ઝરણો વહે છે અને તેથી તે પોતાના આત્માની ઉચ્ચતા ધારણ કરવા કેટલા બધા પયત્નશીલ થયા છે તે વાચકોને સ્વયમેવ જણાશે.

અનુભવ જ્ઞાનવડે પ્રભુના સ્વરૂપની ઝાંખી.

ઉપાધ્યાયજી જે પ્રભુની સ્તવના કરે છે તેમાં જ્ઞાન ગર્ભિત પ્રેમ તો દેખાયા વિના રહેતોજ નથી. તે પરમાત્માનું ધ્યેયરૂપે જે વર્ણન કરે છે તે અનુભવ પામીને કરે છે એમ સહેજે તેમના સ્તવનથી માલુમ પડી આવે છે. ઉપાધ્યાયજી વીશમા મુનિસુવ્રત સ્વામિના સ્તવનમાં પ્રભુના ગુણોની સેવનારૂપ ભક્તિનો ઉલ્લેખ કરીને પોતાનો અપૂર્વ અનુભવ રસ પ્રગટ કરે છે. તેઓ કથે છે કે હે પ્રભુ તું જાગતો છે, મારા હૃદયથી કદી દૂર થતો નથી. હે પ્રભુ જ્યારે તારો ઉપકાર સંભારીએ છીએ ત્યારે આનંદ પ્રગટે છે. પ્રભુના ઉપકારથી ગુણોવડે ભરાયલા મનમાં એક અવગુણ સમાઈ શકતો નથી, આવી ઉપકારભાવના પ્રકટ થાય છે, તેને આ બાબતનો અનુભવ આવે છે. પ્રભુના ગુણોની સાથે જે આત્માના ગુણો અનુબંધી થાય છે તે અક્ષયરૂપે પરિણમે છે. પ્રભુનો શુદ્ધ પ્રેમ ખરેખર અક્ષયપદ દેવા સમર્થ બને છે. પ્રભુનું સ્વરૂપ ખરેખર અક્ષરવડે ગોચર નથી. અનુભવ જ્ઞાનવડે પ્રભુના સ્વરૂપની ઝાંખી થાય છે. ઇત્યાદિવડે મુનિ સુવ્રતની અપૂર્વ સ્તવના નીચે પ્રમાણે કરે છે:—

## મુનિસુવ્રત સ્તવન.

મુનિસુવ્રત જિન વંદતાં, અતિ ઉલ્લસિત તન મન થાયરે;
વદન અનુપમ નિરખતાં, માહરાં ભવભવનાં દુઃખ જાયરે.
માહરાં ભવભવનાં દુઃખ જાય, જગતગુરૂ જાગતો સુખકંદરે,
સુખકંદ અમંદ આણંદ, પરમગુરૂ જાગતો, સુ. ૧
નિશદિન સુતાં જાગતાં, હઇડાથી ન રહે દૂરરે;
જબ ઉપકાર સંભારીએ, તવ ઉપજે આનન્દ પૂરરે. તવ. ૨
પ્રભુ ઉપકાર ગુણે ભર્યા,-મન અવગુણ એક ન સમાયરે;
ગુણ ગુણ અનુબંધી હુઆ, તેતો અક્ષયભાવ કહાયરે. તે...જ...સુ. ૩
અક્ષયપદ દીએ પ્રેમ જે, પ્રભુનું તે અનુભવ રૂપરે;
અક્ષર સ્વર ગોચર નહિ, એતો અકલ અમાય અરૂપરે. એ...જ...સુ. ૪
અક્ષર થોડા ગુણ ઘણા, સજ્જનના તે ન લિખાયરે;
વાચક જશ કહે પ્રેમથી, પણ મનમાંહે પરખાયરે. પ...જ...સુ. ૫

શ્રીમદ્ સમ્યગ્જ્ઞાન ગાભત શુદ્ધ પ્રેમ વડે અપૂર્વ વીર્યોલ્લાસ પ્રગટાવીને પ્રભુને ધ્યેયરૂપે પોતાના હૃદયની આગળ ખડા કરીને અને તે સાક્ષાત્ મળ્યા હોય એવી વૃત્તિને બનાવીને બીજા મુનિસુવ્રતના સ્તવનમાં નીચે પ્રમાણે વદે છેઃ—

સમ્યક્ત્વ પ્રાપ્તિ.

### સ્તવન.

આજ સફલ દિન મુજ તણો, મુનિ સુવ્રત દીઠા;
ભાગી તે ભાવઠ ભવતણી, દિવસ દુરિતના નીઠા. આજ. ૧
આંગણે કલ્પવેલી ફળી, ઘન અમિયના વુઠા;
આપ માગ્યા તે પાસા ઢળ્યા, સુરસમકિત તુઠા. આજ. ૨
નિયતિહિત દાન સન્મુખ હુએ, સ્વપુણ્યોદય સાથે;
જશ કહે સાહિબે મુગતિનું, કરિયું તિલક નિજ હાથે. આજ. ૩

ઉપરના સ્તવનમાંથી શ્રીમદ્નો ગૂઢ આન્તરિક રહસ્ય બહાર કાઢવાની અત્યંત આવશ્યકતા છે. શ્રીમદ્ ઉપાધ્યાયજી ભરૂચમાં જ્યારે ગયા હશે તે વખતમાં આ સ્તવન રચાયું હોય એમ માલુમ પડે છે. ભરૂચમાં મુનિસુવ્રત સ્વામીનું જિન મન્દિર છે. "જગ ચિંતામણી" ચૈત્યવંદનમાં પણ ભરૂચમાં મુનિસુવ્રત સ્વામી છે તેનું દિગ્દર્શન કર્યું છે. જૈનોના કેટલાક ગ્રન્થોમાં લખ્યું છે કે કોઇને અમુક સંયોગોમાં પ્રાયશ્ચિત્ત લેવું હોય તો ભરૂચ જઇ ત્રણ ઉપવાસ કરીને મુનિસુવ્રત સ્વામીની આરાધના કરવી. આરાધના કરવાથી મુનિસુવ્રત સ્વામીના અધિષ્ટાયક દેવતા પ્રસન્ન થાય છે અને જે જે પ્રશ્ન પૂછવામાં આવે છે તેના ઉત્તર આપે છે. આલોચના દેવી, કેટલા ભવમાં મુક્તિમાં જવું, ઇત્યાદિ પ્રશ્નોના ઉત્તર શાસનદેવતા આપે છે. જૈન ગ્રન્થોના આધારે શ્રીમદ્ ઉપાધ્યાયજીએ પણ મુનિસુવ્રત સ્વામીનાં દર્શન કરીને ત્રણ ઉપવાસની તપશ્ચર્યા કરી હતી અને તેથી સમ્યક્ત્વીદેવ તેમના ઉપર પ્રસન્ન થયા હતા અને તેમને મુક્તિવધુની પ્રાપ્તિ અમુક ભવમાં થશે એમ કહ્યું હતું, તેવી બીના ઉપરના સ્તવનમાંથી નીકળી આવે છે. ભવિતવ્યતાના યોગે તેઓ અમુક ભવમાં મુક્તિ જવાના છે એમ દેવતાના મુખે સાંભળવાથી "સાહિબે મુગતિનું કરિયું તિલક નિજ હાથે" એવું ગાન કર્યું જણાય છે.

આ તેમના સ્તવન ઉપરથી અને કિંવદન્તીના આધારે આવો ઉલ્લેખ કરવામાં આવે છે. એટલું તો કહેવું પડે છે કે ઉપાધ્યાયજીને સમ્યકત્વ પ્રાપ્ત થયું હતું અને એ વાત તેમણે મુનિ સુવ્રતસ્વામિના અધિષ્ટાયક દેવ પાસેથી સાંભળીનેજ મુક્તિરૂપ સ્ત્રી વરવાનું સમ્યકત્વરૂપ તિલક પ્રભુએ મારા કપાળપર કર્યું એવો ઉલ્લેખ કર્યો છે. ઉપાધ્યાયની આવી ઉચ્ચ ભક્તિ જોતાં તેમને સમ્યકત્વ પ્રગટયું હતું એમ કહ્યા વિના ચાલતું નથી. પ્રભુની ભક્તિથી જેણે કષાયાદિનો નાશ કર્યો છે એવા ઉપાધ્યાયજીને અલ્પભવ સંસાર બાકી હોય અને થોડાજ ભવમાં તેમને મુક્તિ મળવાની હોય એમ અમારૂ હૃદય કહે છે. **શ્રીપાલ રાસ**માં પણ તેમણે નીચે પ્રમાણે કહ્યું છેઃ—

મારે તો ગુરૂ ચરણપસાયે, અનુભવ દિલમાંહી પેઠો;
ઋદ્ધિ વૃદ્ધિ પ્રગટી ઘટમાંહી, આતમ રતિ હુઇ બેઠોરે. મુજ. ૧૦
ઉગ્યો સમકિત રવિ ઝલહલતો, ભરમ તિમિર સવિ નાઠો;
લગતગતા દુર્નય જે તારા, તેહનો બલ પણ ઘાઠોરે. મુજ. ૧૧

(શ્રીપાળ રાસ—ચોથો ખંડ.)

ઇત્યાદિ જોતાં તેમને સમ્યકત્વ પ્રગટયું હતું એમ નિશ્ચય થાય છે.

ભક્તિનો પ્રવાહ.

ઉપાધ્યાયજી ભક્તિમાર્ગના પ્રદેશમાં બહુ ઉંડા ઉતરેલા લાગે છે. શુદ્ધ પ્રેમથી મનુષ્ય પરમાત્માનો ઉપાસક બને છે. શુદ્ધ પ્રેમ રસના મહાસાગરમાં અહં અને મમત્વ વૃત્તિરૂપ લુણના ગાંગડાઓ ગળી જાય છે. શુદ્ધ પ્રેમરસમાં હૃદય જ્યારે લદબદ હોય છે ત્યારે હૃદયમાં દિવ્યદૃષ્ટિ ખીલે છે અને તેથી પરમાત્માના સ્વરૂપની ઝાંખી અવલોકી શકાય છે. ભક્તના મનમાં પ્રભુના સદ્‌ગુણો વ્યાપી રહે છે અને તેથી તે પરમાત્માના સંબંધમાં આવતો જાય છે. પરમાત્માના ગુણોમાં લીન બનેલો ભક્ત ખરેખર પોતાના આત્માને પરમાત્મ રૂપે નિહાળવા સમર્થ થાય છે. ભક્તના મનરૂપ ત્રાંબાને પરમાત્માનો પ્રેમ ખરેખર સુવર્ણરૂપ કરી દે છે. પરમાત્મા ઉપર સ્નેહ ધારણ કરવાથી મનમાં રહેલા દુર્ગુણોના સંસ્કારો ટળી જાય છે અને મન ખરેખર પરમાત્માના સ્નેહવડે ઉચ્ચ શુદ્ધ બને છે. ઉદકનો લેશ માત્ર જલધિમાં ભળીને અક્ષયપદને પામે છે, તેમ પ્રભુના ગુણોની સાથે શુદ્ધ પ્રેમ ધારણ કરીને ભક્તજન પણ અક્ષયપદને પામે છે. ચંદનની ગંધ તેની સ્વાભાવિક ગંધ છે, તેમ પરમાત્માની સાથે મળવું એ પણ શુદ્ધ સ્વાભાવિક સંબંધ છે. આત્મા તે પરમાત્મારૂપે થાય છે. પરમાત્માની સાથે શુદ્ધ પ્રેમ ધારણ કરતાં કરતાં શુદ્ધ પ્રેમનો પ્રવાહ અગ્નિના તણખાની પેઠે એટલો બધો વૃદ્ધિ પામે છે કે તેથી સઘળું જગત્ એક આત્મસમાન ભાસે છે, અને તેથી તે ભક્તના રાગદ્વેષનો વિલય થાય છે અને મુક્તદશા પ્રાપ્ત કરે છે. શુષ્ક જ્ઞાનીઓ પ્રભુના ઉપર પ્રેમ ધારણ કરી શકતા નથી તેથી તેઓ સાત્વિક ગુણના આનંદના અભિમુખ થઇ શકતા નથી, અને શુદ્ધ પ્રેમરસની ગંગામાં સ્નાન કરીને દિવ્યસૃષ્ટિમાં પ્રવેશ કરી શકતા નથી. ભક્તનો પરમાત્મા ઉપર અચળ પ્રેમ હોય છે તેથી તે શુદ્ધ પ્રેમ વડે પ્રભુની સેવના કરીને દિવ્યજીવનપ્રદ આનન્દ રસને આસ્વાદે છે. શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય ભક્ત બનીને ઉપર્યુક્ત પ્રેમથી પ્રભુનું સેવન કરે છે તે નીચેના સ્તવનથી જણાઈ આવશેઃ—

## યુગમ ધર સ્તવન.

શ્રી યુગમંધર સાહિબારે, તુમશું અવિહડ રંગ, મનના માન્યા,
ચોલ મજીઠ તણી પરેરે, તે તો અચલ અભંગ, ગુણના ગેહા. ૧
ભવિજન મન ત્રાંબુ કરેરે, વેધક કંચ્ચન વાન; મન.
ફરિ ત્રાંબુ તે નવિ હોયેરે, તે તુમ નેહ પ્રમાણ. ગુણ. ૨
એક ઉદક લવ જિમ મળ્યોરે, અક્ષય જલધિમાં સોય. મન.
તિમ તુમ શું ગુણ નેહલોરે, તુજ સમ જગ નહી કોઇ. ગુણ. ૩
તુજ શું મુજ મન નેહલોરે, ચંદન ગંધ સમાન; મન.
મેલ હુઓ એ મૂલગોરે, સહજ સ્વભાવ નિદાન. ગુણ. ૪
વપ્રાવજય વિજ્યા પુરીરે, માત સુતારાનંદ, મન.
ગજ લંછન પ્રિય મંગલારે, રાણી મન આણંદ. ગુણ. ૫
સુદઢરાય કુલ દિનમણિરે, જય જય તું જિનરાજ. મન.
શ્રી નયવિજય વિબુધ તણોરે, શિષ્યને દિઓ શિવરાજ. ગુણ. ૬

શુદ્ધ પ્રેમ ઉદ્‌ગારોથી પ્રભુની સ્તવના કરીને શ્રીમદ્દે પોતાની ભક્તિરૂપ નદીનો પ્રવાહ ખરેખર હૃદયમાં અપૂર્વ વહેવરાવ્યો છે, તેથી તેમના આત્માની શુદ્ધતાનું અનુમાન વાચકો પોતાની મેળે કરી લેશે.

અહિંસા સૂત્રનો બોધ.

શ્રીમદ્ જ્ઞાન ગર્ભિત ભક્તિના વિષયમાં જેમ ઉંડા ઉતર્યા હતા, તેમ ક્રોધાદિક દોષોને ટાળવાના ઉપદેશમાં પણ કારૂણ્ય ભાવથી ઉપદેશક થઇને લોકોને ગુર્જર ભાષામાં સારો ઉપદેશ આપે છે. તેમની બનાવેલી સજ્જાયો વાંચીને દોષ નિવારક ઉપદેષ્ટા કવિરાજનાં કેટલાંક કાવ્યો જનવૃન્દ સમક્ષ રજુ કરવામાં આવે છે. જગતમાં પ્રાણીઓની હિંસા અટકાવવા માટે હિંસા પાપસ્થાનકની સજ્જાયમાં હિંસા કરવાથી હિંસક મનુષ્ય અનેક પ્રકારનાં કર્મ બાંધે છે એમ જણાવે છે. પ્રાણીઓની હિંસા કરનાર સંસારમાં અનેક પ્રકારનાં દુઃખ પામે છે. તત્સંબંધી કેટલીક ગાથાઓ નીચે લખવામાં આવે છેઃ—

પાપસ્થાનક પહેલું કહ્યુંરે, હિંસા નામ દુરંત,
મારે જે જગ જીવનેરે, તે લહે મરણ અનન્તરે–પ્રાણી જિનવાણી ધરો ચિત્ત. ૧
માતપિતાદિ અન્તનારે, પામે વિયોગ તે મન્દ;
દારિદ્ર દોહગ નવિ ટળેરે, મિલે ન વલ્લભ વૃન્દરે. પ્રાણી. ૨
હોયે વિપાકે દશ ગુણરે, એક વાર કિયું કર્મ,
શત સહસ્ત્ર કોડી ગમેરે, તીવ્ર ભાવના મર્મરે. પ્રાણી. ૩
મર કહેતાં પણ દુઃખ હુવેરે, મારે કિમ નવિ હોય,
હિંસા ભગિની અતિ બુરીરે, વૈશ્વાનરની જોયરે. પ્રાણી. ૪
તેહને જોરે જે હુવારે, રૌદ્ર ધ્યાન પ્રમત્ત,
નરક અતિથી તે નૃપ હુવારે, જિમ સુભૂમ બ્રહ્મદત્તરે. પ્રાણી. ૫
રાય વિવેક કન્યા ક્ષમારે, પરણાવે જસ સાય,
તેહ થકી દૂરે ટલેરે, હિંસા નામ બલાયરે. પ્રાણી. ૬

હિંસાથી આત્માની નીચ દશા થાય છે અને હિંસાથી અનેક ભવમાં પાપકર્મના વિપાકો ભોગવવા પડે છે ઈત્યાદિ કહીને હિંસાથી મનુષ્યોની વૃત્તિ પાછી હઠાવીને દયાની વૃત્તિ ખીલવવાને શ્રીમદ્ ઉપાધ્યાય પોતાની ફરજ અદા કરે છે.

સત્યનો ઉપદેશ.

શ્રીમદે સત્યનો ઉપદેશ આપતાં કહ્યું છે કે સત્યના સમાન કોઇ ધર્મ નથી. અને અસત્યના સમાન કોઇ અધર્મ નથી. અસત્ય બોલવાથી વૈર, ખેદ અને અવિશ્વાસની વૃદ્ધિ થાય છે. અને જે સત્ય બોલે છે તેની મન, વાણી અને કાયા પવિત્ર થાય છે અને તેનો આત્મા પરમાત્માની પ્રાપ્તિ કરી શકે છે. સત્યથી જગતના સર્વ વ્યવહારો ચાલે છે. સત્યથી પ્રતિષ્ઠાની વૃદ્ધિ થાય છે. આર્યાવર્તના મનુષ્યો પૂર્વે સત્ય વાણી પ્રાયઃ વિશેષતઃ વદતા હતા. આર્યાવર્તની અધોગતિ કરનાર અસત્ય છે. અસત્ય વદનારા મનુષ્યોથી ભારત ભૂમિની અવનતિ થાય છે. ગમે તેવા સંકટોમાં પણ સત્ય વ્રતનું પાલન કરવાથી વચનની સિદ્ધિ થાય છે એમ શ્રીમદ જણાવે છેઃ—

જે સત્યવ્રત ધરે ચિત્ત, હોયે જગમાંહે પવિત્ર,
આજ હો તેહનેરે નવિ ભય, સુર વ્યંતર યક્ષથીજી;
જે નવી ભાંખે અલીક, બોલે ઠાવું ઠીક,
આજ હો ટેકેરે સુવિવેકે, સુજશ તે સુખ વરેજી.

ઈત્યાદિ ગાથાઓથી તેમની સત્યવાણી બોલવાની તથા મનુષ્યો સત્ય બોલે તે તરફ કેટલી બધી રૂચી હતી તે તેમનાં ઉપરનાં વાક્યોથી માલુમ પડે છે.

ચોરીનો નિષેધ.

શ્રીમદ્ ચોરીરૂપ પાપકર્મના ત્યાગ સંબંધી ઉત્તમ બોધ દે છે. અને મનુષ્યોને ચોરીના પાપકર્મથી પાછા હઠાવવા શુભ પ્રયત્ન કરે છે. મહાત્માઓના ઉપદેશથી મનુષ્યો ચોરીકર્મનો ત્યાગ કરે છે, તેથી મનુષ્યોને અને રાજાને પણ શાન્તિ મળે છે. મુનિઓ ગામેગામ ફરીને ચોરી નહિ કરવાનો ઉપદેશ દે છે તેથી મુનિઓ જગતમાં પૂજ્યતાને પાત્ર ઠરે છે. બાલ્યાવસ્થાથી ચોરી કરવાની ટેવ પડે છે અને તે ઉમર વધતાં વૃદ્ધિ પામે છે, ઉપાધ્યાયજી તતસંબંધી કહે છે કેઃ—

ચોર તે પ્રાયે દરિદ્રી હુયે, ચોરીથી હો ધન ન ઠરે ને ટકે;
ચોરનો કોય ધણી નહિ, પ્રાય ભૂખ્યું હો રહે ચોરતું પેટ કે. ચોરી. ૨
જિમ જલમાંહિ નાખીઓ, તેલ આવે હો જલમાં અયગોલકે;
ચોર કઠોર કરમ કરી, જાયે નરકે હો તિમ નિપટ નિટોલકે. ચોરી. ૩
નાઠું પડયું વળી વિસર્યું, રહ્યું રાખ્યું હો થાપણ કરી જેહ કે;
તૃણ તુ સત્ર ન લીજીએ, અણદીધું હો કિહાં કોઇનું જેહ કે. ચોરી. ૪

અબ્રહ્મચર્યનો ઉપદેશ.

**અબ્રહ્મચર્ય**નો ત્યાગ કરવા સંબંધી શ્રીમદ્ નીચે પ્રમાણે ઉપદેશ આપે છેઃ–

## चतुर्थ अब्रह्मचर्य पापस्थानक सज्झाय.

પાપસ્થાનક ચોથું વર્જીએ, દુર્ગતિ મૂલ અબંભ;
જગ સવિ મુજ્યો છે એહમાં, છંડે તેહ અચંભ. પાપ. ૧
રૂડું લાગેરે એ ધૂરે, પરિણામે અતિ ક્રૂર;
ફલ કિંપાકના સારિખું, વરજે સજ્જન દૂર. પાપ. ૨

અધર વિદ્રુમ સ્મિત ફૂલડાં, કુચફલ કઠીન વિશાલ;
રામા દેખી ન રાચીએ, એ વિષવેલી રસાલ. પાપ. ૩
પ્રબલ જ્વલિત અયપુતલી, આલિંગન ભલું તંત;
નરક દુઆર નિતંબિની, જ્ઘન સેવન એ દુરંત. પાપ. ૪
દાવાનલ ગુણુ વન તણે, કુલમશી કૂર્ચક એહ;
રાજધાની મોહરાયની, પાતક કાનન મેહ. પાપ. ૫
પ્રભુતાએ હરિ સારિખો, રૂપે મદન અવતાર;
સીતાયેરે રાવણ યથા, છંડો તુમે નરનાર. પાપ. ૬
દશશિર રણમાંહે રોલિયાં, રાવણ વિવશ અખંબ,
રામે ન્યાયેરે આપણો, રોપ્યો જગ જય થંભ. પાપ. ૭
પાપ બંધાએરે અતિ ઘણાં, સુકૃત સકલ ક્ષય જાય,
અબ્રહ્મચારિનું ચિંતવ્યું, કદીય સફળ નવિ થાય. પાપ. ૮
મંત્રફળે જગ જશ વધે, દેવ કરેરે સાનિધ્ય,
બ્રહ્મચર્ય ધરે જે નરા, તે પામે નવનિધ. પાપ. ૯
શેઠ સુદર્શનને ટળી, શૂળી સિંહાસન હોય,
ગુણ ગાયે ગગનેરે દેવતા, મહિમા શીયળનો જોય. પાપ. ૧૦
મૂળ ચારિત્રનું એ ભલું, સમકિત વૃદ્ધિ નિદાન,
શીળ સલિલ ધરે જિકે, તસ હોય સુજસ વખાણ. પાપ. ૧૧

શ્રીમદ્ ઉપાધ્યાયજી બાલ્યાવસ્થાથી બ્રહ્મચારી હતા. બ્રહ્મચર્ય પાળવાથી થતા ગુણોનો તેમણે અનુભવ કર્યો હતો તેથી તે મહાપુરૂષ ખરેખર વ્યભિચાર આદિ દોષોથી થતા કુકાર્યદાને વર્ણવી લોકોને બ્રહ્મચર્ય તરફ આકર્ષે છે. ગૃહસ્થાવાસમાં પુરૂષ ખરેખર પરસ્ત્રી કામી થઈને તથા લંપટ થઈને બ્રહ્મચર્યથી ભ્રષ્ટ થાય છે, તેમજ સ્ત્રીઓ પરપુરૂષથી લંપટ થઇને બ્રહ્મચર્યથી ભ્રષ્ટ થાય છે. શીયળ અથવા બ્રહ્મચર્યવ્રત પાળવાથી અનેક પ્રકારનાં પાપકર્મોથી મનુષ્ય દૂર રહે છે. વ્યભિચાર આદિ અબ્રહ્મચર્યથી મનુષ્યો દુર્ગતિમાં પ્રવેશ કરે છે. કામના વિષયમાં જગત્ મુંઝાયું છે. જે મનુષ્ય ખરેખર કામને જીતે છે તેજ ભીષ્મપિતામહની પેઠે જગત્‌માં પોતાની કીર્ત્તિ અમર કરે છે. કામાસક્તિ ધારણ કરનારાઓ આત્માની શક્તિઓને પગતળે કચરી દે છે, અને દુર્ગુણોના પાસમાં પક્ષીની પેઠે ફસાય છે. ઉપરની સજ્જાયમાં ઉપાધ્યાયે જેવું વર્ણવ્યું છે તે પ્રમાણે વ્યભિચારી પુરૂષ વા સ્ત્રીના હાલ થાય છે. પરસ્ત્રીના રાગથી રાવણ સરખા રાજાની પણ દુર્દશા થઇ તો અન્યનું શું કહેવું? અબ્રહ્મચર્ય ખરેખર મોહનૃપતિની રાજધાની છે અને પાપરૂપ વનને ખીલવવાને માટે તો મેઘ સમાન છે. જેણે જગતના ગુરૂ બનીને જગત્‌ને બ્રહ્મચર્યના માર્ગમાં દોરવવું હોય તેણે બ્રહ્મચર્ય વ્રત ધારણ કરવુ જોઇએ. કામવિષય લંપટી કુગુરૂઓ પત્થરની નાવ સમાન છે. પરસ્ત્રીના મોહથી આર્યભૂમિના નૃપતિઓની દુર્દશા થઈ છે. પરસ્ત્રીના મોહથી ગુર્જર દેશના રાજા કરણઘેલાએ ગુર્જર દેશને સદાને માટે પરતંત્ર કર્યો, અને તેની બૂરી દશા થઈ. દ્રૌપદીની લાજ લૂંટવાને તત્પર થએલા કૌરવોના પાપથી પાંડવોએ યુદ્ધનો નિશ્ચય કર્યો અને તેથી દેશની અને મનુષ્યોની દુર્દશા થઈ. પરસ્ત્રીના મોહથી સિદ્ધરાજ જયસિંહે ચન્દ્રસમાન ઉજ્વલ એવી પોતાની કીર્તિમાં ડાઘ લગાડયો. પરસ્ત્રી લંપટત્વદોષથી કેટલાક રાઠોડો રજપુતોની પડતીમાં કારણભૂત થઈ પડયા. પરસ્ત્રીહરણ,

પરસ્ત્રી લંપટપણાના દોષથી કેટલાક મુસલમાન બાદશાહોએ હિંદુસ્થાનમાં ઘોરયુદ્ધ કરીને હજારો મનુષ્યોના પ્રાણ લેઇને દેશમાં અશાન્તિ ફેલાવીને ભારતભૂમિને અવનતિએ પહોંચાડી. સ્ત્રીઓના મોહમાં ફસાવાથી મનુષ્યો કામવાસનાને આધીન થઇને વિવેકનો ત્યાગ કરીને દુર્ગુણમાર્ગમાં ચાલે છે. ધર્મગુરૂઓ સંબંધી વિચાર કરતાં પણ જણાય છે કે જે જે ધર્મગુરૂઓ બ્રહ્મચર્યથી ભ્રષ્ટ થઇને કામના તાબે થયા છે તેઓએ પોતાની અને પોતાના ધર્મની અવનતિ કરી છે. જે ધર્મગુરૂઓ કામના આધીન થઇને લલનાના દાસ બને છે, તેઓ પોતે તરી શકતા નથી અને અન્ય મનુષ્યોને પણ તારવાને શક્તિવાન્ બની શકતા નથી. ધર્મ ગુરૂઓ બ્રહ્મચર્યને ધારણ કરી પોતાની દેશની અને ધર્મ માર્ગની ઉન્નતિ કરી શકે છે. ગૃહસ્થ દશામાં વીશ વર્ષ પર્યંત બ્રહ્મચર્ય પાળી શકાય એવાં ગુરૂકૂળો સ્થાપન કરીને ઉછરતા બાળકોને કેળવીને બ્રહ્મચારી બનાવવા જોઇએ અને કામને તાબે કરી શકે એવા ઉપાયો યોજવામાં આવશે તો ધર્મની ઉન્નતિ થઈ શકશે.

**ક્રોધ ત્યાગ કરવાનો ઉપદેશ.**

શ્રીમદ્ ક્રોધ નામના દોષને ત્યાગવામાં પણ સારો ઉપદેશ આપે છે. ક્રોધથી જ્ઞાનનો નાશ થાય છે. ક્રોધી મનુષ્યના હૃદયમાં સત્યજ્ઞાન સ્ફુરતું નથી અને તે ક્રોધાવેશે અનેક પ્રકારનાં પાપકર્મ કરે છે. સંયમનો ઘાત કરનાર ક્રોધ છે. પૂર્વ કોટિ વર્ષ પર્યંત સંયમ પાળ્યું હોય છે તોપણ ક્રોધથી બે ઘડીમાં તેનો નાશ થાય છે. ક્રોધરૂપ અગ્નિ જેના હૃદયમાં ઉત્પન્ન થાય છે તેને પણ બાળે છે અને પ્રાયઃ અન્ય મનુષ્યોના સદ્ગુણોને પણ સામગ્રી પામીને બાળે છે. ઇત્યાદિ બાબતને શ્રીમદ્ નીચેની સજ્જાયથી કથે છેઃ—

ક્રોધ તે બોધ નિરોધ છે, ક્રોધ તે સંયમ ઘાતીરે;
ક્રોધ તે નરકનું બારણું, ક્રોધ દુરિત પક્ષપાતીરે. પાપ. ૧.

પાપ સ્થાનક છઠું પરિહરો, મન ધરી ઉત્તમ ખંતીરે;
ક્રોધ ભુજંગની જાંગુલી, એહ કહી જયવંતીરે. પાપ. ૨.

પૂરવ કોડી ચરણ ગુણે, ભાવ્યો છે આતમ જેણેરે;
ક્રોધ વિવશ હુતા દોય ઘડી, હારે સવિફળ તેણેરે. પાપ. ૩.

બાળે આશ્રમ આપણો, ભજના અન્યને દાહેરે;
ક્રોધ કૃશાનું સમાન છે, ટાલે પ્રશમ પ્રવાહેરે. પાપ. ૪.

**અહંકાર ત્યાગનો ઉપદેશ.**

ક્રોધ દોષ ત્યાગવા સંબંધી આ પ્રમાણે સજ્જાયનું ઉલ્લેખન કરીને ઉપાધ્યાયે અહંકારનો ત્યાગ કરવા સંબંધી પણ ઉત્તમ ઉપદેશ દીધો છે. **प्रज्ञामद, तपमद, लक्ष्मीमद, सत्तामद** આદિ અહંકારના વશ થઈને મનુષ્યો આત્માની ઉન્નતિમાં પોતાના હાથે વિઘ્નો નાખે છે. અહંકારને જીતવો એ કંઇ સામાન્ય કાર્ય નથી. માનના ત્યાગ સંબંધી ઉપાધ્યાયે બહુ સારો બોધ આપ્યો છેઃ—

માને રાજ્ય ખોયું લંકાનું રાવણે, નરનું માન હરે હરિ આવી ઐરાવણે,
થૂલિભદ્ર શ્રુતમદથી પામ્યા વિકાર એ, માને જીવને આવે નરક અધિકાર એ. માને. ૪.
વિનય શ્રુત તપશીલ ત્રિવર્ગ હણે સવે, માને તે જ્ઞાનનો ભંજક હોય ભવો ભવે,
લુંપક છેક વિવેક નયનો માન છે, એહને છાંડે તાસ ન દુઃખ રહેય છે. માને. ૫.

કપટ ત્યાગનો ઉપદેશ. કપટ અર્થાત્ માયાના ત્યાગ સંબંધી શ્રીમદ્ સારો બોધ આપે છે તે પૈકી થોડી ગાથાઓ નીચે લખવામાં આવે છે:—

પાપસ્થાનક કહ્યું આઠમું, સુણો સન્તાજી,
છંડો માયા મૂલ, ગુણવંતાજી.
કષ્ટ કરે વ્રત આદરે, સુણો સન્તાજી,
માયાએ તે પ્રતિકૂળ, ગુણવંતાજી. ૧

નગન વાસ ઉપાસીયા, સુણો સન્તાજી,
શીથ લીએ કૃશ અન્ન, ગુણવંતાજી.
ગર્ભ અનંતા પામશે, સુણો સન્તાજી;
જો છે માયા મન્ન, ગુણવંતાજી. ૨

કેશ લોચ મલ ધારણા, સુણો સંતાજી;
ભૂમી શયા વ્રત યાગ, ગુણવંતાજી.
સુકર સકલ છે સાધુને, સુણો સન્તાજી;
દુષ્કર માયા ત્યાગ, ગુણવંતાજી. ૩

કપટ યા માયાથી મનુષ્યો ઉચ્ચ કોટીપર આવી શકતા નથી. તપ, જપ, પ્રભુભજન, વગેરે કરવામાં આવે તોપણ જેના હૃદયમાં કપટ છે તેનું કલ્યાણ થઇ શકતું નથી. ગ્રહસ્થો વા ત્યાગીઓને કપટનો ત્યાગ કરવો દુર્લભ છે. અનેક પ્રકારની સ્વાર્થી આશાઓને તાબે થઇ મનુષ્યો કપટ કરે છે, પણ તેથી તેઓ અજ્ઞાનરૂપ અંધકારમાં પ્રવેશ કરે છે. ઉત્તમ મનુષ્યો મહાન્ લાભને માટે પણ કપટ કરતા નથી, જેના હૃદયમાં કપટ છે તેનાથી પરમાત્મા દૂર હોય છે. કપટી મનુષ્ય ખરેખર વિશ્વાસનો ઘાત કરે છે, અને પમાણિકતારૂપ કલ્પવૃક્ષને મૂળમાંથી છેદી નાખે છે. પૂર્વે આર્યાવર્ત્તમાં સરલ મનુષ્યો ઘણા હતા. તેથી દેવભૂમીની પેઠે આયાવર્તની સર્વત્ર કીર્તિ પ્રસરી હતી. " ખાડો ખોદે તે પડે " તેની પેઠે કપટી મનુષ્ય અન્તે પોતાનો નાશ પોતાના હાથે કરે છે. ખારી ભૂમિમાં જેમ વનસ્પતિ ઉગી નીકળતી નથી તેમ કપટીના હૃદયમાં ધર્મબીજ પણ ઉગી નીકળતું નથી. કપટના પ્રપંચનો નાશ કરીને મનુષ્યોને સરલ બનાવવા ઉપાધ્યાયજીએ શુભોપદેશ દીધો છે તેની કિમ્મત ઉત્તમ વાચકો સ્વયમેવ કરી લેશે.

લોભ અને રાગને માટે પણ શ્રીમદે ઉત્તમ આશયોથી સજ્ઝાઓ લખી છે. દ્વેષ દોષનો નાશ કરવા માટે ઉપાધ્યાયજીના હૃદયમાં જે પ્રવાહ વહ્યો છે તે નીચે લખવામાં આવે છે.

દ્વેષ ત્યાગનો ઉપદેશ.

## द्वेष पापस्थानक.

**द्वेष न धरिये लालन द्वेष न धरिये, द्वेष तज्वाथी लालन शिवसुख वरिये लालन. शिव॥**
**पापस्थानक ए अग्यारमुं कूडुं, द्वेष रहित होय चित्तसवि रुडुं. चित्त ॥ १ ॥**

ચરણકરણ ગુણ બની ચિત્રશાલી, દ્વેષ ધૂમે હોય તે સવીકાલી. લાલન. હો. ૨
દોષ બેતાલીશ શુધ આહારી, ધૂમ્ર દોષે હોય પ્રબલ વિકારી. લાલન. પ્ર. ૩
ઉગ્ર વિહારને તપ જપ કિરિયા, કરતાં દ્વેષ તે ભવમાંહિ ફરિયા. લાલન. ભ. ૪
યોગનું અંગ અદ્વેષ છે પહેલું, સાધન સવિ લહે તેહથી વહેલું. લાલન. તે. ૫
નિર્ગુણને ગુણવંત ન જાણે, ગુણવંતને ગુણ દ્વેષમાં તાણે. લાલન. દ્વે. ૬

આપ ગુણીને વલી ગુણ રાગી, જગમાંહે તેહની કીરતિ જાગી. લાલન. કી. ૭
રાગ ધરી જે જિહાં ગુણ લહિયે, નિર્ગુણ ઉપરે સમચિત્ત રહિયે. લાલન. સમ. ૮
ભવતિથિ ચિંતન સુજસ વિલાસે, ઉત્તમના ગુણ એમ પ્રકાશે. લાલન. એમ. ૯

દ્વેષનું સ્વરૂપ અને દ્વેષથી થતી હાનિનું સ્વરૂપ શ્રીમદ્દે સારી રીતે પ્રકાશ્યું છે. મોટા મોટા જ્ઞાની મુનિવરો પણ દ્વેષ દોષે અન્યોના સદ્‌ગુણોને દેખી શકતા નથી. જેના હૃદયમાં દ્વેષ નથી તે પ્રભુના માર્ગમાં આવે છે. દ્વેષનો ત્યાગ કર્યા વિના કોઈ પણ મનુષ્ય ધર્મના પગથીયાપર પાદ મૂકી શકતો નથી. નિર્ગુણ મનુષ્યો ગુણવંતના ગુણોને જાણી શકતા નથી. ઉલટા ગુણવંતના ગુણોને દ્વેષથી તાણે છે, અને ગુણોને અવગુણ રૂપે બતાવવા પ્રયત્ન કરે છે. જે મનુષ્યને પોતાના સદ્‌ગુણોપર વિશ્વાસ નથી તે અન્યોપર દ્વેષ કરે છે. હિન્દુસ્તાનની અને આર્યજનોની પાયમાલી કરાવનાર દ્વેષ છે. દ્વેષથી કોઇનું પણ સારૂં દેખી શકાતું નથી. અને પોતાનું શ્રેયઃ પણ કરી શકાતું નથી. શ્વાનોની પેઠે જે મનુષ્યોમાં દ્વેષ રહ્યા કરે છે તેઓ તે દેશને, નાતને અને જાતને પણ ભય પેદા કરે છે. ધર્મના અનેક પ્રકારની ક્રિયાઓ કરનાર મનુષ્યોના હૃદયને પણ દ્વેષ છોડતો નથી. દ્વેષથી જગતમાં મનુષ્યો અનેક પ્રકારનાં પાપ કરે છે. દ્વેષી મનુષ્યના હૃદયમાં એક જાતનો આન્તરિક અગ્નિ સળગ્યા કરે છે, અને તેથી તે મનુષ્યોના પ્રાણ બાળીને ભસ્મ કરે છે. જગતમાંથી જો એકલો દ્વેષ જતો રહે તો આ દુનિયા સ્વર્ગસમાન બની શકે. ઉપાધ્યાયજીના મનમાં દ્વેષના ઉપર બહુ તિરસ્કાર હતો તેથી તેઓએ ઉપર પ્રમાણે લખ્યું છે. શ્રીમદ્ ઉપાધ્યાયજીએ નિન્દાનો ત્યાગ કરવા સંબંધી મનુષ્યોને ઉત્તમ બોધ આપ્યો છે. તે નીચે લખવામાં આવે છે.

નિન્દા ત્યાગ.

સુંદર પાપસ્થાનક તજો સોલમું, પરનિંદા અસરાલ હો;
સુંદર નિન્દક જે મુખરી હુવે, તે ચોથો ચંડાલ હો. સુંદર. ૧

સુંદર જેહને નિન્દાનો ટાળ છે, તપકિરિયા તસ ફોક હો;
સુંદર દેવ કિલ્વિષ તે ઉપજે, એ ફલ રોકા રોક હો. સુંદર ૨

સુંદર ક્રોધ અજીરણ તપતણું, જ્ઞાન તણો અહંકાર હો;
સુંદર પરનિન્દા કિરિયા તણો, વમન અજીરણ આહાર જો. સુંદર. ૩

સુંદર નિધાનો જેહ સ્વભાવ છે, તાસ કથન નવિ નન્દ હો;
સુંદર નામ ધરી જે નિન્દા કરે, તેહ મહામતિ મન્દ હો. સુંદર. ૪

સુંદર રૂપ ન કોઇ ધારીયે, દાખિયે નિજ નિજ રંગ હો;
સુંદર તેહમાં કાંઈ નિન્દા નહિ, બોલે બીજું અંગ હો. સુંદર. ૫

સુંદર એહ કુશિલીણી ઈમ કહે, ક્રોધ હુઓ જેહ ભાંખે હો;
સુંદર તેહ વચન નિન્દા તણું, દશવૈકાલીક સાખે હો. સુંદર. ૬

સુંદર દોષ નજરથી નિન્દા હુવે, ગુણ નજરે હુએ રાગ હો;
સુંદર જગ સવિ ચાલે માદલ મઢયો, સર્વગુણી વીતરાગ હો. સુંદર ૭

સુંદર નિજ મુખ કનક કચોલડે, નિન્દક પરિમલ લેઈ હો;
સુંદર જેહ શ્રવણા પરગુણ ગ્રહે, સંત તે વિરલા કોઇ હો. સુંદર ૮

**સુંદર પરપરિવાદ વ્યસન તજો, મ કરો નિજ ઉત્કર્ષ હો;**
સુંદર પાપકર્મ એમ સવિ ટલે, પામે શુભ જશ હર્ષ હો. સુંદર ૯

સુજ્ઞ વાંચકો ! આ સજ્જાયનો ભાવાર્થ સુગમ હોવાથી સ્વયમેવ અવબોધી શકાશે. ઉપાધ્યાયે નિન્દા કરનારને ચોથા ચંડાળની ઉપમા આપી છે. નિન્દા ઉપર ઉપાધ્યાયનો કેટલો બધો તિરસ્કાર હતો, તે તેમનાં વાક્યોથી જાણી શકાય છે. જેને નિન્દા કરવાની ટેવ પડી છે તેનું સાધુપણું, શ્રાવકપણું, મનુષ્યત્વ ને તપ, જપ, અને ક્રિયાઓ ફોક અર્થાત્ નિષ્ફલ છે, નિન્દા કરનાર સાધુ તપસ્વિ ઢેડ જાતિના દેવતા તરીકે થાય છે. તપનું અજીરણ ક્રોધ છે, જ્ઞાનનું અજીરણ અહંકાર છે, આહારનું અજીરણ વમન છે, અને ક્રિયાનું અજીરણ નિન્દા છે. ક્રિયા કરનારાઓમાં નિન્દાનો દોષ વિશેષતઃ દેખવામાં આવે છે. ધર્મની ક્રિયા કરનારા કેટલાક જૈનો વા અન્યો ક્રિયાઓ કરીને નિન્દા દોષમાં ફસાય છે, અને તેથી તેઓ હૃદયની શુદ્ધિ કરવાને શક્તિમાન થતા નથી. શ્રીમદ્ ઉપાધ્યાયજીએ ધર્મની ક્રિયા કરનારાઓને નિન્દા કરતાં દેખ્યા હશે તેથી ક્રિયાઓ કરનારમાં નિન્દા દોષ મોટા ભાગે રહે છે એમ લખ્યું છે. જૈનોમાં હાલ પણ કેટલાક ક્રિયાનું અજીરણ નિન્દારૂપે બતાવી આપે છે. મૂઢ મનુષ્યોમાં નિન્દાનો દોષ વધી પડેલો જોવામાં આવે છે. નામ દેઇને કોઇની પણ નિન્દા ન કરવી જોઇએ. સુજ્ઞ મનુષ્યો પ્રાણાન્તે પણ નામ દેઇને કોઇની નિન્દા કરતા નથી. દોષ દ્દષ્ટિથી મનુષ્યોમાં નિન્દાની ટેવ વધે છે, અને ગુણાનુરાગ દ્રષ્ટિથી નિન્દાદોષનો નાશ કરી શકાય છે. જગતમાં એક મનુષ્યમાં સર્વ પ્રકારના ગુણો હોતા નથી. કોઇનામાં સદ્ગુણો વિશેષ હોય છે અને દુર્ગુણો અલ્પ હોય છે. અને કોઇનામાં દુર્ગુણો ઘણા હોય છે અને ગુણો થોડા હોય છે. નિન્દા કરનાર મનુષ્ય દુર્જન તરીકે જગતમાં ગણાય છે. અને રાક્ષસ તરીકે જગત્માં સજ્જનોને ભય કરનાર થાય છે. નિન્દા કરનારો નિન્દાદોષનો ત્યાગ કરે એજ ઉપાધ્યાયજીના ઉપદેશનો આશય છે. એ પ્રમાણે દોષોના ત્યાગ સંબંધી ઉપદેશ આપીને, મનુષ્યોને સદ્ગુણોના માર્ગ તરફ દોરનાર શ્રીમદ્નો આપણે જેટલો ઉપકાર માનીએ તેટલો અલ્પ છે.

વસ્તુવર્ણન શક્તિ.

શ્રીમદ્ ઉપાધ્યાયજી વસ્તુવર્ણન કરવામાં પણ સારી નિપુણતા ધરાવે છે. રાજાનું, નગરનું, વા અમુક પદાર્થનું વર્ણન કરવામાં, તે કાળના કવિયોની શૈલીને અંગીકાર કરીને, વસ્તુનું વર્ણન મનોરંજન થાય તેવી રીતે કરે છે. અઢારમા સૈકાના કવિરાજ પ્રેમાનંદની પેઠે, યશોવિજયજી પણ વસ્તુવર્ણન કરવામાં ઉત્તમ કવિની ગરજ પુરી પાડે છે. ઉપાધ્યાયકૃત વસ્તુવર્ણન વિષયની કેટલીક કડીઓ નીચે લખવામાં આવે છે.

## શ્રીપાલરાસ–ખંડ ત્રીજો–ઢાલ છઠ્ઠી.

**એક દિન એક પરદેશીયો, કહે કુમરને અદ્ભુત ઠામરે;**
સુણ યોજન ત્રણસેં ઉપરે, છે નયર કંચનપુર નામરે. જુઓ જુઓ
અચરિજ અતિ ભલું. ૧

તિહાં વજ્રસેન છે રાજીયો, અરિકાલ સબલ કર વાલરે;
તસ કંચનમાલા છે કામિની, માલતીમાલા સુકુમાલરે. જુઓ. ૨
તેહને સુત ચારની ઉપરે, ત્રૈલોક્ય સુંદરી નામરે;
પુત્રી છે વેદની ઉપરે, ઉપનિષદ્ યથા અભિરામરે. જુઓ. ૩

રંભાદિક જે રમણી કરી, તે તો એહ ઘડવાકર લેખરે;
વિધિને રચના બીજી તણી, એહનો જય જસ ઉલ્લેખરે. જુઓ. ૪
રોમાગ્રે નિરખે તેહને, બ્રહ્મદ્વય અનુભવ હોયરે;
સ્મર અદ્વય પૂરણદર્શને, તેહને તુલ્ય નહિ કોયરે. જુઓ. ૫
નૃપે તસ વર સરિખો દેખવા, મંડપ સ્વયંવર કીધરે;
મૂલ મંડપ થંભે પૂતલી, મણિ કંચનમય સુપ્રસિદ્ધરે. જુઓ. ૬
ચિહું પાસ વિમાણા વલીસમી, મંચાતિ મંચની શ્રેણિરે;
ગોરવ કારણ કણ રાશિ જે, ઝીંપી જે ગિરિવર તેણીરે. જુઓ. ૭
તિહાં પ્રથમ પક્ષ આષાઢની, બીજે છે વરણ મુહુત્તરે;
શુભ બીજ! બીજ તે કાલ છે, પુષ્યવંતને હેતુ આયત્તરે. જુઓ. ૮
એમ નિસુણી સોવન સાંકલું, કુંઅરેં તસ દીધું તાવરે;
ઘરે જઇને કુબ્જા કૃતિ ધરી, તિહાં પહોતો હાર પ્રભાવરે. જુઓ. ૯
મંડપે પેસંતો વારીયો, પોલીયાને ભૂષણ દેઇરે;
તિહાં પહોતો મણિમય પૂતલી, પાસે બેઠો સુખ સેઇરે. જુઓ. ૧૦
ખરદંતો નાક તે નાનડું, હોઠ લાંબા ઉંચી પીઠરે;
આંખ પીલી કેશ કાબરા, રહ્યો ઉભો માંડવા હેઠરે. જુઓ. ૧૧
નૃપ પૂછે કેઇ સોભાગિયા, વલી વાગીયા જાગીયા તેજરે;
કહો કુણ કારણ તુમે આવિયા, કહો જિણ કારણ તમો હેજરે. જુઓ. ૧૨
તવ તે નરપતિ ખડખડ હસે, જુઓ જુઓ એ રૂપનિધાનરે;
એહને જે વરશે સુંદરી, તેહનાં કાજ સર્યાં વલ્યાં વાનરે. જુઓ. ૧૩
ઇણ અવસરે નરપતિ કુંઅરી, વર અંબર શિબિકા રૂઢરે;
જાણીયેં ચમકતી વીજલી, ગિરિ ઉપર જલધિ ગૂઢરે. જુઓ. ૧૪
મુત્તાહર હારે શોભતી, વરમાલા કર માંહે લેઇરે;
મૂલમંડપ આવી ગુરૂ કુંઅરને, સહસા શુચિરૂપ લોઇરે. જુઓ. ૧૫
તે સહજ સ્વરૂપ વિભાવમાં, દેખે તે અનુભવ યોગરે;
ઇણિ વ્યતિ કરે તે હરખિત હુઈ, કહે હુઓ મુજ ઇષ્ટ સંયોગરે. જુઓ. ૧૬
તસ દ્રષ્ટિ સરાગ વિલોકતો, વિચેં વિચેં વામન રૂપરે;
દાખે તે કુંવરી સુલ્લહી, પરિપરિ પરખે કરી ચૂંપરે. જુઓ. ૧૭
સાચિંતે નટનાગર તણી, બાજી વાજી પ્લુતેં જેમરે;
મન રાજી કાજી શું કરે, આ જીવિત એહશું પ્રેમરે. જુઓ. ૧૮
હવે વર્ણવે જે જે નૃપ પ્રત્યે, પ્રતીહારી કરી ગુણ પોષરે;
તે તે હિલે કુંઅરી દાખવી, વય રૂપને દેશના દોષરે. જુઓ. ૧૯
વરણવતાં જસ મુખ ઉજલું, હેલંતાં તેહનું શ્યામરે;
પ્રતિહારી થાકી કુંઅરને, સા નિરખે રતિ અભિરામરે. જુઓ. ૨૦
છે મધુર યથોચિત શેલડી, દધિ મધુ સાકર ને દ્રાખરે;
પણ જેહનું મન જીહાં વેધિયું, તે મધુર ન બીજાં લાખરે. જુઓ. ૨૧

ઈણુ અવસરે થંભની પૂતલી, મુખે અવતરી હારનો દેવરે;
કહે ગુણ ગ્રાહક જો ચતુર છે, તો વામનવર તતખેવરે. જુઓ. ૨૨
તે સુણિ વરીઓ તે કુંઅરીયે, હાથે નિજ અતિહી કુરૂપરે;
તે દેખી નિભૃંત્સે કુબ્જને, તવ રૂઠા રાણા ભૂપરે. જુઓ. ૨૩
ગુણ અવગુણ મુગ્ધા નવિ લહે, વરે કુબ્જતજી વર ભૂપરે;
પણ કન્યા રત્ન ન કુબ્જનું, ઉકરડે શો વર ધૂપરે. જુઓ. ૨૪
તજ માલ મરાલ અમેં કહું, તું કણ છે અતિ વિકરાલરે;
જો એન તજે તો એ તાહરૂં, ગલે નાલ લૂણે કર વાતરે. જુઓ. ૨૫
તવ હસીય ભણે ઈસ્યું, તુમે જો નવિ વરિયા એણુરે;
તો દુર્ભગ રૂસો મુલ કિસ્યું, રૂસો ન વિધીશું કેણુરે. જુઓ. ૨૬
પરસ્ત્રી અભિલાષના પાતકી, હવે મુઝ અસિધારા તિથરે;
પામી શુદ્ધિ થાઓ તમે સવે, દેખો મુઝ કેવા હત્થરે. જુઓ. ૨૭
ઇમ કહે કુબ્જે વિક્રમ તિસ્યું, દાખ્યું જેણે નરપાત નઠરે;
ચિત્ત ચમક્યા ગગને દેવતા, તેણે સંતતિ કુસુમની વુઠરે. જુઓ. ૨૮
હુઓ વજ્રસેન રાજા ખુશી, કહે બલપરે દાખવો રૂપરે;
તેણે દાખ્યું રૂપ સ્વભાવનું, પરણાવે પુત્રી ભૂપરે. જુઓ. ૨૯
દીયો આવાસ ઉત્તંગ તે, તિહાં વિલસે સુખ શ્રીપાલરે;
નિજ તિલકસુંદરી નારીશું, જીમ કમલાશું ગોપાલરે. જુઓ. ૩૦
ત્રીજે ખંડે પૂરણ થઈ, એ છઠ્ઠી ઢાલ રસાલરે;
જસ ગાતાં શ્રી સિદ્ધચક્રનો, હોય ઘર ઘર મંગળ માળરે. જુઓ. ૩૧

પૃષ્ટ ૧ થી પૃષ્ટ ૩૦ સુધી અમદાવાદ મધ્યે ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટિંગ પ્રેસમા પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યાં.

# શ્રીપાલ રાસ.

## શ્રીમદ્‌ની વીરરસ વર્ણનશક્તિ.

### ( કડખાની દેશી. )

ચંગરણરંગ મંગલ હુઆં અતિઘણાં, ભૂરિ રણતૂર અવિદૂર વાજે;
કૌતુકલાખ દેખણ મલ્યા દેવતા, નાદ દંદુભિતણે ગગન ગાજે. ચં. ૧
ઉગ્રતા રણભૂમિ તિહાં શોધિયેં, રોધિયેં કરી અવધિ શસ્ત્ર પૂજા;
બોધિયેં સુભટ્ કુલવંશ શંસાકરી, યોધિયેં કવણવિણ તુઝ દૂજા. ચં. ૨
ચરચિયેં ચારૂચંદન રસેં સુભટતનુ, અરચિયેં ચંપકેં મુકુટ સીસેં;
સોહિયેં હત્થ વરવીર વલયેં તથા, કલ્પતરૂ પરિ બન્યા સુભટ દીસેં. ચં. ૩
કોઇ જનની કહે જનક મત લાજવે, કોઇ કહે મારૂં બિરૂદ રાખે;
જનક પતિપુત્ર તિહું વીરજસ ઉજલા, સોહિધન જગતમાં અણિય આખે. ચં. ૪
કોઈ રમણિ કહે હસિય તું સહિર્શાકિમ, સમર કરવાલ શર કુંતધારા;
નયનબાણે હણ્યો તુજમેં વશકિયો, તિહાંન ધીરજ રહ્યો કર વિચારી. ચં. ૫
કોઇ કહે માહરો તું મોહ મત કરે, મરણજીવન તુજન પીઠ છાંડું;
અધરસ અમૃત રસ દોય તુઝ સુલભ છે, જગતજય હેતુ હો અચળ ખાંડું. ચં. ૬
ઈમ અધિક કૌતકેં વીરરસ જાગતે, લાગતે વચન હુઆ સુભટ તાતા;
સૂરપણ ક્રૂર હુઇ તિમિર દલ ખંડવા, પૂર્વ દિશી દાખવે કિરણ રાતાં. ચં. ૭
રોપિરણ થંભ સંરંભ કરી અતિઘણો, દોઇદલ સુભટ તવ સબલ જૂઝે;
ભૂમિનેં ભોગતા જોઇ નિજયોગતા, અમલ આરોગતા રણ મૂંઝે. ચં. ૮
નીર જીમતીર વરસે તદાયોધ ઘન, સંચરેં બગ પરેં ધવલ નેજા;
ગાજદલ સાજ રૂતુ આઈ પાઉસ તણી, વીજજીમ કુંત ચમકે સતેજા. ચં. ૯
ભંડ બ્રહ્મંડ શત ખંડ જે કરી શકે, ઉછલે તેહવા નાલ ગોલા;
વરસતા અગ્નિ રણ ગગન રોષેં ભર્યાં, માનું એ યમતણા નયણ ડોલા. ચં. ૧૦
કેઇ છેદેં શરેં અરિતણાં શિર સુભટ, આવતા કેઇ અરિબાણ ઝાલેં;
કેઈ અસિછિન્ય કરિકુંભ મુગતા ફલેં, બ્રહ્મરથ વિહંગ મુખ ત્રાસ ઘાલે. ચં. ૧૧
મદ્ય રસ સદ્ય અનવદ્ય કવિપદ્ય ભર, બંદિજન બિરૂદથી અધિક રસિયા;
ખોજ અરિફોજની મોજધરિ નવિ કરે, ચમકભર ધમક દેઇ માંહિ ધસિયા. ચં. ૧૨
વ્યાલ વિકરાલ કરવાલ હત સુભટ શિર, વેગ ઉછલિત રવિ રાહુ માને;
ધૂલિ ધોરણી મિલત પગન ગંગા કમલ, કોટી અતરિત રથ રહત છાને. ચં. ૧૩
કેઇ ભટ ભારમરિ શીસ પરિહાર કરી, રણ રસિક અધિક જૂજે કબંધે;
પૂર્ણ સંકેત હિત હેત જય જય રવેં, નૃત્ય મનુ કરત સંગીત બદ્ધે. ચં. ૧૪
ભૂરિ રણતૂર પૂરે ગયણ ગડગડે, રથ સબલ શૂર ચકચૂર ભાજે;
વીર હક્કાય ગય હય ઘુલે ચિહું દિશે, જે હુવે શૂર તસ કોણ ગાંજે. ચં. ૧૫
તેહ ખિણમાં હુઇ રણમિલી ઘોરતર, રૂધિર કર્દમ કરી ભરી અંત પૂરી;
પ્રીતિ હુઇ પૂર્ણ વ્યંતર તણા દેવને, સુભટને હોંશ નવિ રહિ અધૂરી. ચં. ૧૬

દેખિ શ્રીપાલ ભટ ભાંજિયું સૈન્ય નિજ, ઉઠવે તવ અજીત સેન રાજા;
નામ મુજ રાખવો જો ફરિ દાખવો, હો સુભટ વિમલ કુલ તેજ તાજા. ચં. ૧૭
તેહ ઇમ બૂજતો સૈન્ય સજી જૂઝતો, વાંટિયો જત્તિ સયસાત રાણે;
તે વદે નૃપતિ અભિમાન ત્યજી હજીય તું, પ્રણમી શ્રીપાલ તિહાં એહ જાણે. ચં. ૧૮
માન ધન જાસ માને ન તે હિત વચન, તેહશું જૂઝતો નવિય થાકે;
બાંધિયો પાડિ કરી તેહ સત સ્ત્ય ભટે, હુઓ શ્રીપાલ જસ પ્રગટ વાકે. ચં. ૧૯
પાય શ્રીપાળને આણિયો તેહ નૃપ, તેણે છોડાવિયો ઉચિત જાણી;
ભૂમિ સુખ ભોગવો તાત મત ખેદ કરો, વદત શ્રીપાલ એમ મધુર વાણી. ચં. ૨૦
ખંડ ચોથે હુઈ ઢાલ ચોથી ભલી, પૂર્ણ કડખા તણી એહ દેશી;
જેહ ગાવે સુજસ એમ નવ પદ તણો તે લહે રૂદ્ધિ સવિ શુદ્ધ લેશી. ચં. ૨૧

## જંબુસ્વામિના રાસમાંથી, રાજગૃહ નગરવર્ણન.

હવેરે રાજગૃહ નગર છે, સકલ નગર શિણગારરે;
ઉજ્વલ જિન ગૃહ મંડલી, જીહાં હિમગિરિ અનુકારરે. ૧
ચરિત્ર સુણો ગુણવંતનું, પવિત્ર હોયે જિમ કાનરે;
ચિત્ત ચમકે આવે ચાતુરી, વાધે મતિ વળે વાનરે. ચરિ. ૨
જિહાં જીન ચૈત્યમાં ધૂપનો, દેખી ધૂમ અગાસીરે;
મર્દલ ગર્જિત ધન ભમે, શિખી નિત્ય નૃત્ય ઉલ્લાસરે. ચ. ૩
જેહમાં સૌધે ફટિક દ્યુતિ, છબી મરકતની અલાધીરે;
માનું ગંગાએ આવી ઝીલવા, યમુના રવિ અંક દાધીરે. ચ. ૪
જેને હરવી માનુજલ નિધિ, દુઃખભર લંકા કંપાવીરે;
મુખ નવિ દાખે અમરાવતી, અલકા નામેજ ચાવીરે. ચ. ૫
રાજ્ય કરે તિહાં નરપતી, શ્રેણીક જસગુણ શ્રેણીરે;
જીન ભુવનમાંહે વીસ્તરી, પાવન જેવ ત્રીવેણીરે. ચ. ૬
જેહને તેજે પરાભવ્યો, ભાનુ ભમે માનુ ગગનેરે;
ઉષ્ણ હુઆ તસ કીરણ તે, તાસ અમર્ષ ને અગ્નિરે. ચ. ૭
તાસ સભામાંહે શોભતો, રૂષભદત્ત હુઓ શેઠરે;
ધનદત્તે તેહજ ધનપતિ, બીજો કુબેર તે હેઠરે. ચ. ૮
પંથ તરૂફળ જળસર પરે, તસધન સવીહીત આવેરે.
જેહસ્યું સુરતરૂ તોળીઓ ઉંચો ગયો લઘુ ભાવેરે. ચ. ૯
ઇંદ તે જેહને નિત્ય રહે, કર અગ્ને સતકોટીરે;
ચંદ તે સકળ કળા વર્યો, પદવી તસ સવિ મોટીરે. ચ. ૧૦
ધારિણી સદ્ધર્મ ચારિણી, ચિત્ત તારણી હુઇ તાસરે;
કારણી સુખદુઃખ વારિણી, મનોહારિણી સુવિલાસરે. ચ. ૧૧
રૂપે તે રંભા હરાવતી, ભાવતી ચિત જીન વયણારે;
સુલલિત શીલ સોહામણી, સહજ સલુણનડાં નયણારે. ચ. ૧૨
મિલિત રહે નખમાંસ જ્યું, તે દંપતી સસનેહેરે,

નવ નવ રંગ ભરે રમે, એકજ જીવ હોય દેહોરે. ચ. ૧૩
એક દીન ધારિણી ચીંતવે, સુતવિણુશ્યો જયવારોરે,
સીંચે હ્રદય જસ સુત અમી, તેહનો ધન્ય અવતારોરે. ચ. ૧૪
ચિંતાએ તેણે હુઇ દુર્બળી, નિર્બંધે પ્રિય પુછીરે,
તેહ ચિંતા પ્રિય મન ઠવે, પણ નવી હોય તે ઓછીરે. ચ. ૧૫
એહ ચિત્ત દુઃખને વિસારવા, શેઠ વૈભારે તે પહુ તારે,
વાયુ આરોહી ગગને ચઢ્યા, રથ ઘોષે મૃગ બીહતારે. ચ. ૧૬
ગિરિ પ્રિય હસ્ત આલંબને, ધારણિ ચઢીય લોભારે,
અંગુલીએ કરી દાખવે, પ્રિય ઉપવન તણી શોભારે. ચ. ૧૭
એહ બીજો રડી ફળનમી, દાડિમ રાતે ફુલેરે;
મદ નવી શિખે હ્રદયે ગડે, જગત્રને માનું અમુલેરે. ચ. ૧૮
એ સહકારની મંજરી, કોકિલ કલરવ ગુરૂણીરે;
વિકસિત એહ કુસુમલતા, માનુહસિત તરૂપરણિરે. ચ. ૧૯
જંબુ કદંબ પ્રિયાળએ, તાલ તમાલ વિશાળરે,
જાઈ જુઈ મચકુંદએ, કંદ એ હર્ષના ચાળારે. ચ. ૨૦
મોટા એ દ્રાક્ષના માંડવા, સુઅડલા રૂઅડલા આવેરે.
મધુર એ મધુકર રણઝણે, સ્વાગત માનુ જણાવેરે; ચ. ૨૧
શ્રાદ્ધ યશોમિત્ર દેખીઆ, રૂષભે તીહાં સિદ્ધ પુત્રોરે;
જાશો કિહાં પુછ્યું તવ કહે, ઈહાં સોહમ છે પવિત્રોરે. ચ. ૨૨
આવો તો થાવો અગ્રેસરી, વંદનનો ધરો ભાવોરે;
દંપતિ તેહ સાથે ચાલ્યા, દીઠા મુનિ સુભાવોરે. ચ. ૨૩
ક્રોધજળ ન સમજલ ધરૂ, માન મહાતરૂ હસ્તિરે,
દંભ ઉરગ વિષ જાંગુલી, લોભ સમુદ્ર અગસ્તિરે. ચ. ૨૪
ઈંદ્રિય સકળને વશ કર્યા, વશ કર્યો મનનો સંચારોરે,
આતમધ્યાનમાં ઝીલતા, પામ્યા ભવતણો પારોરે. ચ. ૨૫
તેહની દેશના સાંભળી, સિદ્ધ જંબુરૂપ પુછેરે,
ધારિણિ પણ અવસર લહી, કહે મુજસુત છે કે નવી છેરે. ચ. ૨૬
સાવદ્ય મુનિને નવી પુછીએ, સિદ્ધ કહે જંબુ નામરે,
એ અવસર પુછ્યે સુત હોશે, સિંહ સ્વપ્ન સુરધામિરે. ચ. ૨૭
ધારિણિ કહે જંબુ દેવતા, ઉદ્દેશે તો હું કરશુંરે,
આંબિલ ઇગસો અઠોત્તરા, ઇમ મન વંછીત વરશુંરે. ચ. ૨૮
હવે મુનિ વંદીને દંપત્તિ, આવ્યા નીજ ઘર બારેરે,
સિંહ સ્વપ્ન દેખે અન્યદા, ધારિણિ ચિત્ત ઉદારેરે. ચ. ૨૯
કુક્ષે વિદ્યુન્માળી અવતર્યો, દોહદ હુઆ શુભ પુર્યારે,
સમગ્ર પુણ્યે સુત જનમીઆ, સુજસ વિલાસ પડૂરારે. ચ. ૩૦

# જંબુસ્વામી દીક્ષા લેવા નીકળે છે તે વખતનું વર્ણન નીચે પ્રમાણે.

( ઢાળ. તુજબાવનીની ) એ દેશી.

શુભતીરથ ઉદકે સ્નાન કરી મનોહાર, અંગરાગતે કીધા બાવના ચંદનસાર.
ચિત્તમાહી અણુમાન્યું શુકલધ્યાનહેં ભૂર, બાહિર આવી લાગ્યું ઉજ્વલ માનું કપૂર. ૧
મણિકંચન ભૂષણ સબલ ઝળાહળતેજ, સોહેતનુ પેર્યા હઇડે હાર સહેજ;
સર્વાંગ અલંકૃત કલ્પવૃક્ષ પરે છાજે, મનમાં નિરાગિ પણ એ કલ્પ ન ભાજે. ૨
વરદેવ અનાદ્રત સાનિધ્ય પુરણહાર, શણગારે સઘળે પુરણ જંબુ કુમાર,
શિરછત્ર વિરાજે રજનીકર અનુકાર, બિહુ પાસે લટકે ચામર ચંચળ ચ્યાર. ૩
બહુમૂલ રતનમય મંગળરંગ અભંગ, શિબિકા આરોહે જેમ મૃગપતિ ગિરિશૃંગ,
દાન બહુ વિધદીજે કીજે સબલ મંડાણ, પંચ શબ્દાવાજે ગાજે ઢોલ નિશાન. ૪
ભુંગળ ભેરી ને ફેરીવાજે વંશ ને વીણા, તાલતંબલ કંસાલને નાદે સુરપણ લીણા,
સરલી સરણાઇ ચહચહે ચિહું દિશીચાવી, ગુણમર્દલ વર્દલ શ્રીમંડલે છબી ફાવી. ૫
તત થાથા થેઇ થેઈ થુંગન થુંગન નાચે, સુદ્ધાંત સંગીતે પગપગ નવરસ માચે,
બિરૂદાવલી બોલે ગુણ અવદાતે ભાટ, જયજય સહુ બોલે મલીયા લોકના ઠાઠ. ૬
આગે તેજી તુરંગમ કંચન્ જડીત પલાણ, એરાકી આરબી કંબોજા કેકાણ,
તુરકી ખુરાસાણી પાણીપંથા નવરંગ, કાસ્મીરી અનુપમ પંચ ભદ્ર અતિ ચંગ. ૭
મદ્ ઝરતા કુંજર જાણેસ નિર્જર શૈલ, અંબર લાગી અંબાડી સુરગજસ્યું કરે મેળ,
ધવલ ધોરી જોતરીયા રથની કીધી તૈયારી, શણગાર્યાં સાબેલા ધવલ મંગલ દીએ નારી. ૮
ગાય ગીત સુહાગણ પહેરી નવલા વેશ, મદમુદિત હુઆ સવી ગામ અને સન્નિવેશ,
કેઇ ચઢ્યારે સુખાસન કેઇ ચઢયા ચકડોળ, અતિ ચતુર વિચક્ષણ કરે ઘણા રંગરોળ. ૯
અષ્ટ મંગલ ચાલે આગે વળી ચાટુકાર, અસિકુંત ફલક ગ્રહ નર્મકા રતિકાર,
તિલ નાખ્યા ન તળે આવે તિમ હુઆ પંથ, ધરણીનો કણ પણ ન રહ્યા કોઇ અપંથ. ૧૦
ઉત્સવ જુએ નરનારી બારી ચઢી ચૌબારી, વ્યાકુળ થઇ વાદિત્ર શબ્દ સુણી સવી નારી,
તુર દૂધજમાતા કલિકજ્જલ સિંદુર, ષટ હોએ વલ્લભ સ્ત્રીને સહજસતુર. ૧૧
ગાજા વાજા સુણીને અર્ધ તિલક કરી એક, અર્ધાંજન દ્રગ એક જોવા ચાલી છેક,
એક ઉર પહેરે એકજ ચરણ પખાલે, અરધી કંચુકી પહેરી જોવા કેઇક ચાલે. ૧૨
ધસમસતી કોઇક કજ્જલ ગલ્લે ઘાલે, કસ્તુરી લોચન ઠવતી આઘી ચાલે,
બાવના ચંદન રસ પાય લગાડે બાલા, અળતો હ્રદય સ્થલે લાહી કરે ચકચાળા. ૧૩
કટિમેખલ કંઠે ઘાલી ઉતાવળી દોડે, એકહાર એકાવળી શેણી તટે નિજ જોડે,
ભુજવલ્લિ નેપુર કંકણ ઘાલે પાયે, પહેરણ ઓડણના વસ્ત્ર વિપર્યય થાયે. ૧૪
ઢળતા ઘીના લાડુ આ મુકે તે ગાડુ આગે, લાડુ આસમ નારીને જોવાનો રસ જાગે,
બાળ રોતાં મુકે મારગે પરનાં બાળ, રોતાંનિજ બાળક ભ્રાન્તિ લીએ સુકુમાલ. ૧૫
પરિધાન શિથિલ હુઓ ગાટ બંધન ન કરાયે, વાયુવેગે મસ્તક ઓઢણ ઉડી જાયે,
ઇમ જોતાં વધુજન હુઓ કુમારી રૂપ, કૌતુકીને પણ તવ કૌતુક લાગ્યું અનુપ. ૧૬
ઇમ કૌતુક ઉત્સવે ઉપવને કુમાર, થાય જય જય નંદા જય જય ભદ્રા ઉચ્ચાર;
શિબિકાથી ઉતરે માતુ સંસારથી તેહ, ગુરૂ સ્વામી સધર્મ વંદે સુજસ સનેહ. ૧૭

ઇત્યાદિ.

સમુદ્રવહાણ સંવાદમાં, સમુદ્ર અને વહાણના સંવાદનું, ગુણદોષ તરીકે સારી રીતે વર્ણન કર્યું છે. વસ્તુવર્ણનશક્તિ ખરેખર ઉપાધ્યાયજીની ઉત્તમ હતી, એમ વાચકો સ્વયમેવ વિચારી શકશે. ઉપાધ્યાયજીના વખતમાં યતિયોના શિથીલપણાથી સંવેગી મુનિમાર્ગ, ઉત્પન્ન થવાથી તથા સ્થાનકવાસી વગેરેની ચર્ચાથી અનેક પ્રકારના ધર્મશાસ્ત્રો સંબંધી ગ્રન્થો લખવાની આવશ્યકતા હતી તેથી તેઓએ ચરિત્રો લખવામાં પોતાનું જીવન ઘણું લંબાવ્યું નથી–શ્રીપાલ અને જંબુસ્વામીના રાસથી ચરિત્ર સંબંધી પદ્યરચનામાં કવિતાશક્તિ ઘણી હતી તેનો ખ્યાલ કરી શકાય છે.

**શ્રીમદ્‌નો અધ્યાત્મ જ્ઞાનમાં પ્રેમ અને તેમનું પાંડિત્ય.**

શ્રીમદ્ ઉપાધ્યાયનો અધ્યાત્મજ્ઞાનપર બહુ પ્રેમ હતો. અધ્યાત્મજ્ઞાનમાં તે બહુ ઉંડા ઉતર્યા હતા. એમ તેમના બનાવેલા અધ્યાત્મિક ગ્રન્થોથી સિદ્ધ થાય છે. તેમનાં નીચેનાં વાક્યોથી તેઓ ઉત્તમ અધ્યાત્મજ્ઞાની હતા એમ વાચકોને જણાશે.

આતમજ્ઞાને જેહનું રે, ચિત્ત ચોકસ ઠહરાત;<br>
તેહને દુઃખ કહ્યું નહી રે, બીજાના દીન દુઃખી જાતરે.—પત્ર—૬૧<br>
જંબુરાસ.

આતમજ્ઞાને મગન જે, તે સવિ પુદ્ગલનો ખેલરે;<br>
ઇન્દ્રજાલ કરી લેખવે, ન મલે તિહાં દેઇ મન મેલરે. ન. સં. ૩૯<br>
જાણ્યો ધ્યાયો આતમા, આવરણ રહિત હોય સિદ્ધરે;<br>
આતમજ્ઞાન તે દુઃખ હરે, એહિજ શિવહેતુ પ્રસિદ્ધરે. એ. સં. ૪૦<br>
શ્રીપાલરાસ. પત્ર. ૧૫૬

અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાયરે;<br>
ભેદ છેદ કરી આતમા, અરિહંત રૂપી થાયરે.<br>
વીર જીનેશ્વર ઉપદિશે, સાંભળજો ચિત્ત લાઇરે;<br>
આતમધ્યાને આતમા, રૂદ્ધિ મળે સવિ આઇરે. વીર. ૧<br>
રૂપાતીત સ્વભાવ જે, કેવલ દંસણ નાણીરે;<br>
તે ધ્યાતાં નિજ આતમા, હોયે સિદ્ધ ગુણખાણીરે. વીર. ૨<br>
ધ્યાતાં આચારજ ભલા, મહા મંત્ર શુભ ધ્યાનીરે;<br>
પંચ પ્રસ્થાને આતમા, આચરજ હોય પ્રાણીરે. વીર. ૩<br>
નય સજ્જાયે રત સદા, દ્વાદશ અંગનો ધ્યાતારે;<br>
ઉપાધ્યાય તે આતમા, જગ બંધવ જગ ભ્રાતારે. વીર. ૪<br>
અપ્રમત્ત જે નિત્ય રહે, નવિ હરખે નવિ શોચેરે;<br>
સાધુ સુધા તે આતમા, શું મુંડે શું લોચેરે. વીર. ૫<br>
સમ સંવેગાદિક ગુણા, ક્ષય ઉપશમ જે આવેરે;<br>
દર્શન તેહજ આતમા, શું હોય નામ ધરાવેરે. વીર. ૬<br>
જ્ઞાનાવરણી જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાયરે;<br>
તો હોય એહજ આતમા, જ્ઞાન અબોધતા જાયરે. વીર. ૭<br>
જાણો ચારિત્ર તે આતમા, નિજ સ્વભાવમાંહિ રમતોરે;<br>
લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહ વને નવિ ભમતોરે. વીર. ૮

ઇચ્છા રોધે સંવરી, પરિણતિ સમતા યોગેરે,
તપ તે એહિજ આતમા, વર્તે નિજ ગુણ ભોગેરે; વીર. ૯
અષ્ટ સકળ સમૃદ્ધિની, ઘટ માંહે રૂદ્ધિ દાખીરે;
તિમ નવ પદ રૂદ્ધિ જાણજો, આતમરામ છે સાખીરે. વીર. ૧૩
યોગ અસંખ્ય છે જિન કહ્યા, નવપદ મુખ્ય તે જાણોરે;
એહ તણે અવલંબને, આતમધ્યાન પ્રમાણોરે. વીર. ૧૪
ઢાલ બારમી એહવી, ચોથે ખંડે પૂરીરે;
વાણી વાચક જસ તણી, કોઇ નયે ન અધુરીરે. વીર. ૧૫

શ્રીપાળરાસ. ચોથો ખંડ. પત્ર. ૧૮૪

જિહાં લગે આતમ દ્રવ્યનું, લક્ષણ નવિ જાણ્યું;
તિહાં લગે ગુણઠાણું ભલું, કેમ આવ્યે તાણ્યું. આતમ. ૨૨
આતમ અજ્ઞાને કરી, જે ભવદુઃખ લહીએ.
આતમ જ્ઞાને તે ટળે, એમ મન સદ્દહીએ. આતમ. ૨૩
જ્ઞાન દશા જે આકરી, તેહ ચરણ વિચારો.
નિર્વિકલ્પ ઉપયોગમાં, નહીં કર્મનો ચારો. આતમ. ૨૪
ભગવતી અંગે ભાખીઓ, સામાયિક અર્થ;
સામાયિક પણ આતમા, ધરો શુધ્ધો અર્થ. આતમ. ૨૫
લોકસાર અધ્યયનમાં, સમકિત મુનિભાવે;
મુનિભાવે સમકિત કહ્યું, નિજ શુદ્ધ સ્વભાવે. આતમ. ૨૬
કષ્ટ કરો સંજમ ધરો, ગાળો નિજ દેહ;
જ્ઞાનદશા વિણ જીવને, નહીં દુઃખનો છેહ. આતમ. ૨૭
બાહિર યતના બાપડા, કરતાં દુહવાયે;
અંતર યતના જ્ઞાનની, નવિ તેણે થાયે; આતમ. ૨૮
રાગ દ્વેષ મલ ગાળવા, ઉપશમ જલ ઝીલો;
આતમ પરિણતિ આદરી, પરપરિણતિ પીલો. આતમ. ૨૯
હું એહનો એ માહરો, એ હું એણી બુદ્ધિ;
ચેતન જડતા અનુભવે, ન વિમાસે શુદ્ધિ. આતમ. ૩૦
બાહિર દ્રષ્ટિ દેખતાં, બાહિર મન ધાવે;
અન્તર દ્રષ્ટિ દેખતાં, અક્ષય પદ પાવે. આતમ. ૩૧
ચરણ હોય લજ્જાદિકે, નવિ મનને ભંગે;
ત્રીજે અધ્યયને કહ્યું, એમ પહેલે અંગે. આતમ. ૩૨
અધ્યાતમ વિણ જે ક્રિયા, તે તનુમળ તોલે;
મમકર આદિક યોગથી, એમ જ્ઞાની બોલે. આતમ. ૩૩
હું કરતા પર ભાવનો, એમ જેમ જેમ જાણે;
તેમ તેમ અજ્ઞાની પડે, નિજ કર્મને ઘાણે. આતમ ૩૪
પુદ્ગલ કર્માદિક તણો, કર્તા વ્યવહારે;
કર્તા ચેતન કર્મનો, નિશ્ચય સુવિચારે. આતમ. ૩૫

કર્તા શુદ્ધ સ્વભાવનો, નય શુધ્ધે કહિયે.
કર્તા પરપરિણામનો, બેઉ કિરિયા ગ્રહિયે. આતમ. ૩૬
સવાસો ગાથાનું સ્તવનની ઢાલ.

ઇત્યાદિ અનેક વાકયોથી ઉપાધ્યાયજીએ અધ્યાત્મજ્ઞાનનો મહિમા ગાયો છે. દ્રવ્યાનુયોગ અને અધ્યાત્મજ્ઞાનની એકતા થાય છે. દ્રવ્યાનુયોગ વિનાનો જ્ઞાની તે ખરેખરો અધ્યાત્મ જ્ઞાની બની શકતો નથી. દ્રવ્યાનુયોગ જ્ઞાન વિનાનો અધ્યાત્મ જ્ઞાની કોઇ સ્યાદ્વાદશૈલી પ્રમાણે બની શકતો નથી. દ્રવ્યાનુયોગના જ્ઞાનથી ખરેખરૂં આત્મજ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. આત્મજ્ઞાન વિનાની ક્રિયા તે હિસાબમાં ગણાતી નથી. જ્ઞાનની પદવી મહાન્ છે. અને આત્મજ્ઞાન વિનાની ક્રિયા ખરેખર આત્માના સદ્ગુણોને પ્રકાશ કરવા સમર્થ થતી નથી.

શ્રી દ્રવ્યગુણ પર્યાયના રાસમાં શ્રીમદ્ ઉપાધ્યાયજી જ્ઞાન અને ક્રિયાનું અંતર દેખાવતા છતા નીચે પ્રમાણે કથે છે.

## દોહા.

મધ્યમ કિરિયા રત હુએ, બાલક માને લિંગ.
ષોડ શકે ભાખ્યું ધુરે, ઉત્તમજ્ઞાન સુરંગ. ૨
જ્ઞાનરહિત જે શુભક્રિયા, ક્રિયારહિત શુભનાણ,
યોગ દ્રષ્ટિ સમુચ્ચય કહ્યો, અંતર ખજુઆ ભાણ. ૩
ખજુઆ સમી ક્રિયા કહી, નાણભાણ સમજોય,
કલિયુગ એહ પટંતરો; વિરલા બુજે કોય. ૪
જ્ઞાનવંતહ કેવલી, દ્રવ્યાદિક અહિનાણ,
બૃહત્ કલ્પના ભાષ્યમાં, સરિખા ભાષ્યા જાણ. ૫
જ્ઞાન પરમગુણ જીવનો, નાણ ભવાર્ણવ પોત,
મિથ્યા મતિ તમ ભેદવા, નાણ મહા ઉદ્યોત. ૬
પ્રકરણરત્નાકર ભાગ ૧ પત્ર. ૪૧૦

એ યોગે જો લાગે રંગ, આધા કર્માદિક નહિ ભંગ,
પંચ કલ્પ ભાષ્યે ઇમ ભણ્યું, સદ્ગુરૂ પાસે ઇસ્યું મેં સુણ્યું. ૪
બાહ્ય ક્રિયા છે બાહિર યોગ, અંતર ક્રિયા દ્રવ્ય અનુયોગ,
બાહ્યહીન પણ જ્ઞાન વિશાલ, ભલો કહ્યો મુનિ ઉપદેશ માલ. ૫
દ્રવ્યાદિક ચિન્તાએ સાર, શુકલધ્યાન પણ લહિએ પાર;
તે માટે એહિજ આદરો, સદ્ગુરૂ વિણમત ભૂલા ફરો. ૬

બાલક લિંગને અર્થાત્ બાહ્યવેષને દેખી ધર્મ માને છે. મધ્યમ મનુષ્ય ક્રિયાઓમાં આસકત થાય છે અને ઉત્તમ જ્ઞાની ખરેખર જ્ઞાનમાં રંગાય છે. ધર્મજ્ઞાન વિનાની ક્રિયા ખજુઆસમાન પ્રકાશક છે અને ક્રિયા વિનાનું જ્ઞાન સૂર્યની સમાન પ્રકાશક છે. એમ હરિભદ્ર સૂરિ યોગદ્રષ્ટિ સમુચ્ચય ગ્રન્થમાં કહે છે.

કલિયુગમાં આવું એનું અન્તર વિરલ મનુષ્યો અવબોધી શકે છે, શ્રુતજ્ઞાની અને કેવલ જ્ઞાનીને બ્રુહત્કલ્પ ભાષ્યમાં સમાન કહ્યા છે. આત્માનો પરમગુણ જ્ઞાન છે. સંસારરૂપ સમુદ્ર તરવાને માટે જ્ઞાન એ મોટી આગબોટ સમાન છે, મિથ્યાત્વ અંધકારનો નાશ કરવાને જ્ઞાનરૂપ સૂર્યની આવશ્યકતા સર્વ જ્ઞાનીઓએ સ્વીકારી છે. દ્રવ્યાનુયોગજ્ઞાનની પરિપકવ દશા થતાં આત્મરમણતા થાય છે.

અધ્યાત્મજ્ઞાન વિનાના મનુષ્યો આત્માના ગુણોનો પ્રકાશ કરવાને શક્તિમાન્ થતા નથી. શ્રીમદ્ ઉપાધ્યાયજીએ અધ્યાત્મજ્ઞાનનો આનન્દઘનજી પાસેથી વિશેષ અનુભવ મેળવ્યો હતો. તેમના છેલ્લા વર્ષોનું તેમનું મન અધ્યાત્મજ્ઞાન પ્રતિ વળ્યું હતું. છેલ્લા પન્નર વર્ષમાં તેઓ અધ્યાત્મજ્ઞાનમાં વિશેષતઃ રમણતા કરતા હતા અને અધ્યાત્મ દિશાના રસપોષક ગ્રન્થોને લખતા હતા એમ તપાગચ્છના એક હેમસાગર યતિના મુખેથી પરંપરાએ સાંભળ્યું છે. આવા મહા પ્રભાવક જ્ઞાની ગીતાર્થ મુનિવરનાં છેલ્લાં વર્ષ અધ્યાત્મજ્ઞાન, ધ્યાન, અને ધર્મ ક્રિયામાં, વહન થયાં હતાં એમ લેખકને તેમના ગ્રન્થોરૂપ આરીસામાં જોતાંમાં નિશ્ચય થાય છે અધ્યાત્મજ્ઞાનનો વિસ્તાર કરવા ગુર્જર ભાષામાં શ્રીપાલરાસ, જંબુસ્વામીરાસ, અને દ્રવ્ય ગુણ પર્યાયના રાસમાં ઉત્તમ બોધ આપ્યો છે. હિન્દુસ્થાની અને ગુર્જર ભાષામિશ્ર જેવી ભાષામાં સમાધિશતક, સમતાશતક, જશવિલાસ વગેરે ગ્રન્થો રચીને મનુષ્યો ઉપર મહાન્ ઉપકાર કર્યો છે.

અધ્યાત્મસાર, અધ્યાત્મોપનિષત્, જ્ઞાનસાર વગેરે ગ્રન્થો લખી સંસ્કૃત ભાષાજ્ઞ મનુષ્યો ઉપર પણ મહાન્ ઉપકાર કર્યો છે. અત્ર ગુર્જર ભાષાના ગ્રન્થોમાં લખેલા અધ્યાત્મજ્ઞાનનો વિષય ચર્ચવામાં આવે છે તેથી અધ્યાત્મજ્ઞાનાદિ પુષ્ટિમાટે સંસ્કૃત ભાષાના ગ્રન્થોની સાક્ષી આપી નથી. અધ્યાત્મ જ્ઞાનમાં ઉપાધ્યાયજી બહુ ઉંડા ઉતર્યા હતા. આવી દશાવાળા મહાપુરૂષનું સાધુચારિત્રજીવન ખરેખર ઉત્તમોત્તમ હતું, એમ તેમના હૃદયના ઉભરાઓ કહી આપે છે. શ્રીમદ્ ઉપાધ્યાયજી તે વખતમાં ચાલતા એકાન્ત મતોનું ખંડન કરીને સત્ય દર્શાવવામાં પાછા પડતા નહોતા.

તત્ત્વજ્ઞાન વિનાના અને માનપૂજા કીર્તિના, ધર્મના તાપે લક્ષ્મી લેનારા અને ધમાધમ ચલાવનારા લાલચુ કેટલાક ધર્મોપદેશકો જૈનાગમથી વિરૂદ્ધ વર્તતા હતા અને જૈનાગમોથી વિરૂદ્ધ ભાષણ કરતા હતા તેઓને સુધારવાને સીમંધર સ્વામિનું સ્તવન રચીને તેઓને વચનના ફટકા મારીને ઉત્તમ બોધ આપવા અને તેમજ ધર્મેચ્છુઓ સત્યમાર્ગમાં દોરાય, અને ધર્મમાર્ગમાં સડો પેઠો હોય તે દૂર થાય અને કુધારાઓનો ત્યાગ કરીને જૈનો સુધર્મના અસલનામાર્ગ ઉપર આવે એ હેતુથી નીચે પ્રમાણે સીમંધર પ્રભુને વિજ્ઞપ્તિ કરે છે.

સ્વામી સીમંધર વીનતિ—સુણો માહરી દેવરે,
તાહરી આણ હું શિરધરૂં—આદરૂં તાહરી સેવરે. સ્વામી૦ ૧
કુગુરૂની વાસનાપાશમાં—હરિણ પરે જે પડયા લોકરે,
તેહને શરણ તુજ વિણ નહિ—ટળવલે બાપડા ફોકરે. સ્વામી૦ ૨
જ્ઞાન દર્શન ચરણ ગુણ વિના—જે કરાવે કુલાચારરે.
લુંટી તેણે જગ દેખતાં—કિહાં કરે લોક પોકારરે. સ્વામી૦ ૩
જે નવિ ભવ તર્યા નિરગુણી—તારશે કેણીપેરે તેહરે,
એમ અજાણ્યા પડે ફંદમાં—પાપબંધે રહ્યા તેહરે. સ્વામી૦ ૪
કામ કુંભાદિક અધિકનું—ધર્મનું કો નવિ મૂલરે,
દોકડે કુગુરૂ તે દાખવે—શું થયું એહ જગસૂલરે. સ્વામી૦ ૫
અર્થની દેશના જે દીએ—ઓલવે ધર્મના ગ્રન્થરે,
પરમ પદનો પ્રગટ ચોરથી—તેહથી કેમ વહે પન્થરે. સ્વામી૦ ૬
વિષયરસમાં ગૃહી માચિયા—નાચિયા કુગુરૂ મદપૂરરે,
ધુમધામે ધમાધમ ચલી—જ્ઞાનમારગ રહ્યો દૂરરે. સ્વામી૦ ૭

કલહકારી કદાગ્રહ ભર્યાં—થાપતા આપણા બોલરે,
જિન વચન અન્યથા દાખવે—આજતો વાજતે ઢોલરે. સ્વામી૦ ૮
કેઇ નિજ દોષને ગોપવા—રોપવા કેઇ મત કન્દરે,
ધર્મની દેશના પાલટે—સત્ય ભાવે નહી મન્દરે. સ્વામી૦ ૯
બહુ મુખ બોલ એમ સાંભલી—નવિ ધરે લોક વિશ્વાસરે,
ઢૂંઢતા ધર્મને તે થયા—ભમર જેમ કમલ નિવાસરે. સ્વામી ૧૦

---

શ્રીમદ્ ઉપાધ્યાય સીમંધર પ્રભુને વિનવે છે કે માહરી વિજ્ઞપ્તિ હે પ્રભો તમે સાંભળો. હું ત્હારી આજ્ઞા શિરપર ધરીને ત્હારી સેવા કરૂં છું. કુગુરૂની વાસનાના પાસમાં હરિણની પેઠે લોકો પડયા છે તેને હે પ્રભો ત્હારા વિના કોઈ શરણ નથી–જ્ઞાન, દર્શન અને ચારિત્ર વિના જેઓ કુલાચાર કરાવે છે અને આત્માના સદ્ગુણો તરફ સેવકોનું લક્ષ્ય ખેંચતા નથી તેઓએ જગતના દેખતાં ભકતોની ભાવરૂદ્ધિપર લુંટ ચલાવી છે. હવે લોકો કયાં જઇને પોકાર કરી શકે ઇત્યાદિ વચનોથી કુગુરૂના અશુભાચારો અને કલ્પિત ઉપદેશનો પરિહર કરીને જૈનોને સન્માર્ગ તરફ આણવા પ્રયત્ન કરે છે. આત્માના સદ્ગુણો તરફ લક્ષ નહિ રાખતા અને પ્રમાદના વશ થઇ ગએલાઓને શ્રીમદે સારી રીતે ઉપદેશ આપ્યો છે. "સવાસો ગાથાના સ્તવન" માં તેમણે વ્યવહાર અને નિશ્ચયનય એ બે નયની સ્થાપના સિદ્ધ કરીને એકાન્ત-વાદીઓને બોધ આપ્યો છે. તેમના શિરપર આવી પડેલી આગમાનુસારે સત્ય સુધારકની ફરજ સારી રીતે તેમણે અદા કરી છે-મૂર્તિમાન્યતા તેમણે શાસ્ત્રોના પાઠથી સિદ્ધ કરી આપી છે. પ્રભુની પૂજા કરવાથી આત્માના સદ્ગુણોની વૃદ્ધિ કરી શકાય છે તે પણ તેમણે સિદ્ધ કરી આપ્યું છે. ગૃહસ્થોએ પોતાના અધિકાર પ્રમાણે દયા પાળવી જોઇએ અને તેમણે શ્રાવકના એકવીસ ગુણોને શ્રાવક થતા પહેલાં પ્રાપ્ત કરવા જોઇએ. છેવટે જઘન્યથી પણ અમુક ગુ-ણોને પ્રાપ્ત કરવા જોઈએ. એમ દર્શાવીને ગૃહસ્થોના સદ્ગુણોનો માર્ગ પ્રકાશિત કર્યો છે. મનુષ્યમાત્રનું મન કોઈ પણ ધર્મના આચારની સાથે સંબંધ વાળું છે. ધર્માચારના અધિ-કારભેદે, ભેદ પડે છે. ગૃહસ્થો અને સાધુઓના ધર્માચાર ભિન્ન છે. સાધુઓને પંચ મહાવ્રત પાળવાનાં હોય છે અને શ્રાવકોને બારવ્રત વા એકવ્રત અને તે ન બનેતો અવિરતી દશામાં પણ સમ્યકૃત્વ સહિત ભક્તિ, પ્રેમ, ભ્રાતૃભાવ, પૂજા, દાન, અને દયા વિગેરે સદ્ગુણો ખિલ-વવાના હોય છે. શ્રીમદે સાધુઓ અને ગૃહસ્થ શ્રાવકોને પોતપોતાના ધર્માચારો પાળવા માટે ઉત્તમ બોધ આપ્યો છે–સાડાત્રણસેં ગાથાનું સ્તવન, દોઢસો ગાથાનું સ્તવન, અને સુગુરૂ, કુગુરૂની સજ્ઝાય વગેરેમાં ઉત્તમ બોધ આપ્યો છે. શ્રીમદ્ મુનિવર હોવાથી સાધુ ધર્મની ક્રિયાઓને સારી પેઠે કરતા હતા. ગામોગામ વિહાર કરીને ઉપદેશ દેતા હતા. બે સંધ્યા વખત ષડ્ આવશ્યકની ક્રિયા કરતા હતા. ગરીબ અને ધનવંતને સમાન ગણતા હતા. સના-તન જૈન સિદ્ધાંતોના અનુસારે ઉપદેશ દેઇને જૈનોને વર્ત્તમાન કાળમાં કરવા યોગ્ય કાર્યો જણાવતા હતા. પ્રતિક્રમણના ઉચ્ચ આશયોને પદ્યરૂપે ભાષામાં રચીને જૈનોના ઉપર મહાન્ ઉપકાર કર્યો છે. ષડ્ આવશ્યકોના હેતુઓ બહુ ઉત્તમ છે. આવશ્યક ક્રિયાઓનાં સૂત્રોનું રહસ્ય જો બરાબર દલીલો પૂર્વક સમજાવવામાં આવે તો પ્રત્યેક જૈનોને તેનો ઉત્તમ લાભ મળી શકે. જૈનશાસ્ત્રોમાં ઉત્તમ આચારોનું વર્ણન કરવામાં આવ્યું છે. પ્રથમના વખતમાં જૈનો

**વ્યવહાર ધર્માચાર્ય શ્રીમદ્ના વિચારો.**

નીતિ આદિના ઉત્તમ આચારને ધારણ કરતા હતા. શ્રીમદે ઉત્તમ આચારોને દર્શાવવામાં કમર કસીને મહેનત કરી છે. **आचारः खलु प्रथमो धर्म्मः** આચાર તે પ્રથમ ધર્મ છે. સદાચાર વિના મનુષ્ય શોભિ શકતો નથી. સદાચારને કેટલાક વિદ્વાનો નીતિધર્મ કહે છે અને તેનો જૈન દર્શનમાં માર્ગાનુસારી ગુણો અને વૃતોમાં સમાવેશ કરવામાં આવ્યો છે. દયા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, મમત્વ ત્યાગ, વિનય, વિવેક, પરોપકાર, દાન, સ્વાર્થ ત્યાગ, શાંતતા સમતા, ગુણાનુરાગ દ્રષ્ટિ, સત્યમાર્ગ કથન, શુદ્ધ પ્રેમ, નમ્રતા, સેવા, અને સંપ વગેરે સદ્ગુણો વિનાની ધર્મક્રિયાઓ અને ધર્મદેવ શોભિ શકતો નથી. સદ્ગુણો વિનાની ક્રિયાઓ શોભિ શકતી નથી. તેમજ ઉપર યુક્ત સદ્ગુણો વિના ન્યાય, વ્યાકરણ અને ભાષાનું પાંડિત્ય તથા ધન અને સત્તાનો અધિકાર પણ શોભિ શકતો નથી. સદાચાર અને ઉત્તમ જ્ઞાનથી મનુષ્યો શોભિ શકે છે—સાધુઓ વા ગૃહસ્થો ઉત્તમ જ્ઞાન અને દયા, સત્ય આદિ ઉત્તમ આચારો વિના પોતાના અધિકારને શોભાવિ શકતા નથી. ઇત્યાદિ આચારોને તે સૈકામાં જણાવનાર મહાપુરૂષ શ્રીમદ્ યશોવિજયજીનો જેટલો ઉપકાર માનવામાં આવે તેટલો ન્યૂન છે.

શ્રીમદે વૈરાગ્યનો ઉપદેશ ઉત્તમ પદ્ધતિથી આપ્યો છે. જંબુસ્વામિના રાસમાં તેમણે પોતાના હૃદયમાં રહેલા વૈરાગ્યના ઉભરાઓ શબ્દોદ્વારા બહાર કાઢયા છે.

**શ્રીમદ્નો અનુપમ વૈરાગ્યોપદેશ.**

જંબુસ્વામી પોતાની સ્ત્રીઓને સંસારની અસારતા નીચે પ્રમાણે સમજાવે છે તે અધ્યાત્મના શોખિન સાક્ષરોને ખરેખર મનન કરવા યોગ્ય છેઃ—

જંબુ કહે સુખ વિષયનું, અલ્પ અપાય અનન્ત;
સ્યું તેણે શમસુખ ભલું, આતમરામ રમંત. ૧

સર્વ વિષય કષાય જનિત, તે સુખ લહે સરાગ;
તેહથી કોટિ અનન્ત ગુણ, મુનિ લહે ગતરાગ. ૨

સરસત્રથી પણ વિષય સુખ, અતિ થોડું દુઃખ કોડ;
ઇહાં મધુબિંદુ રસ કથા, સાંભળ આળસ છોડ. ૩

દુઃખ ઘણો ભવકૂપમાં સુખ મધુબિન્દુ સમાન;
ઉદ્ધરશે આવી મળ્યો, સદ્ગુરૂ ધરી વિમાન. ૪

કૂપથકી નવિ નીકળે, ગુરૂ ધરે જ્ઞાન વિમાન;
તે અભાગ્ય શેખરતણું, જાણો જૂઠ ગુમાન. ૫

વામા વયણ વિલાસથી, ચુકયા ચતુર અનેક;
જસચિત્ત આગમ વાસિયો, તેહની ન ટળી ટેક. ૬

મૃગતૃષ્ણા જલ સમવડે, વનિતા વયણ વિલાસ;
પહેલાં લાલચ લાયકે, પછે કરે નિરાશ. ૭

વહે પુરને માછલી, દીસે તેહ અનેક;
સામે પુરે વિષયને, ઉતરે તે સુવિવેક. ૮

આતમ રતિ આતમ તૃપ્ત, આતમ ગુણ સંતુષ્ટ;
જે હોય તે સુખીયા સદા, કીશું કરે અરિ દુષ્ટ. ૯

તનહી જળે મનહી જળે, વિષય તૃષા ન બુઝાય;
જ્ઞાન અમૃતરસ સિંચતાં, તૃષા સકલ મિટ જાય. ૧૦

શ્રી યશોવિજયકૃત જંબુસ્વામીનો **રાસ.**

અંતે વિયોગ સંયોગનેરે, ભોગ કુપિત અહિભોગ;
મરણ જન્મ આગે સહીરે, પરિણામે એ દુઃખ યોગરે.
બળે ઇન્દ્રિય તાપે લોગરે, સંસ્કારે પણ દુઃખ શોગરે;
સ્કંધ તરભાર ઉપભોગરે, પડે આરતે સઘળા લોકરે.— બળે૦

---

બહુ અનીરવિષ વિષયમાં, એક ખાયો દુઃખકાર;
એકદ પાયોહિ દુઃખ દીએ, પંડિત કરો વિચાર. ,,
બહુ અન્તર વિષ વિષયમાં, વરણુ અધિક અધિકાર્ત;
એક મરણ દીએ વિષ તે, વિષય મરણ બહુ જાત. ,,
ચક્રવર્તિ ભોજનતણી, ઇચ્છા કર્યે શું હોય;
ઘર સંપત્તિ સરખે સુખે, વર્ત્યે દુઃખ ન કોય. ,,
કોડીએ કિમ કોડીની, મણિની પહાણે કેમ;
ઇચ્છા પુગે ભવસુખે, શિવની મુજ નવિ નેમ. ,,
સોજાતું જેમ જાડપણું, વધ્યતું મંડન જેમ;
ભવ ઉન્માદ વિષય વિષમ, ભાસે મુજ મન તેમ.

ઇત્યાદિ ગુર્જર ભાષામાં વૈરાગ્યનો તેમણે સારો ઉપદેશ દીધો છે. સંસ્કૃત ગ્રન્થોમાં તો તેમણે વૈરાગ્યનું ઉત્તમ વર્ણન કર્યું છે. અત્ર ગુર્જર ભાષાના સાહિત્યદ્વારા તેમણે વૈરાગ્યનો જે ઉપદેશ આપ્યો છે તેની પર્યાલોચના કરવામાં આવી છે. સંસારના પદાર્થોમાં જેઓ અત્યંત મમત્વ ધારણ કરીને મોજમઝામાં પડી રહે છે તેઓ મન, વાણી, કાયા અને ધનનો ભોગ આપીને પોતાની તથા જગતની ઉન્નતિ કરવાને શક્તિમાન્ થતા નથી. જે રાજાઓ તથા સામાન્ય મનુષ્યો બાહ્ય પદાર્થોમાં અહં મમત્વ ધારણ કરીને સંસારમાં વિષયભોગ ભોગવવામાં અમૂલ્ય જીવનનો વ્યય કરે છે તેઓ જગતના દુઃખમાં ભાગ લેવાને પ્રાયઃ પોતાની વસ્તુઓનો ત્યાગ કરી શકતા નથી. વૈરાગ્યથી બાહ્ય પદાર્થોમાં બંધાએલું મમત્વ ઉઠવાથી મનુષ્ય ખરેખર પોતાને પ્રાપ્ત થએલી વસ્તુઓને અન્યમનુષ્યો વગેરેના ભલા માટે વાપરે છે. દુનિયાના મનુષ્યોનું ભલું કરવા વૈરાગ્યથી જેણે કાયા ઉપરનું મમત્વ ઉતાર્યું છે એવા ભક્તો, દાનવીરો અને શૂરો કાયાનો પણ ત્યાગ કરવાને માટે અચકાતા નથી. વૈરાગ્યથી વિષયેચ્છાઓ ઉપર કાબુ મુકી શકાય છે અને અનીતિના માર્ગમાંથી ચિત્તને પાછું હઠાવી શકાય છે. દુનિયામાં અલિપ્ત રહીને સ્વફરજોને અદા કરવામાં વૈરાગ્યની ઘણી જરૂર છે. વૈરાગ્ય વિના સાધુઓ બ્રહ્મચર્ય પાળવાને માટે શક્તિમાન્ થતા નથી. વિષયાસક્તિનો ત્યાગ કરનારા ખરેખર વૈરાગી મનુષ્યો ગણી શકાય છે. શ્રીમદ્‌ને ઉત્તમ જ્ઞાન ગર્ભિત વૈરાગ્યની દશા પ્રાપ્ત થઇ હતી એમ તેમના રચેલા ગ્રન્થોથી અનુમાન કરી શકાય છે.

**શ્રીમદ્‌ની વિશાળ દૃષ્ટિ અને ગુણાનુરાગ**

ઉપાધ્યાયજી એ સમાધિતંત્ર નામનો દિગમ્બરી ગ્રંથ હતો તેમાં અધ્યાત્મજ્ઞાનનું સરસ વિવેચન કર્યું હતું. ઉપાધ્યાયજીએ તે ગ્રન્થનું હિન્દુસ્થાની ભાષામાં દોધક છંદમાં ભાષાન્તર કર્યું. દિગમ્બર ગ્રન્થનું શ્વેતામ્બર મુનિ ભાષાન્તર કરીને પોતાના અનુયાયીઓને લાભ આપનાર અને તેનો દાખલો બેસાડનાર આ પ્રથમ મુનિને સર્વ માન ઘટે છે. જૈન શ્વેતામ્બર આગમોથી જે અવિરૂદ્ધ હોય અને તેમાં બન્નેના વિચારોનું સામ્ય હોય એવા ગ્રન્થોનું

ભાષાન્તર કરવામાં અવિરોધ જણાયાથી શ્રીમદે વિશાળ દૃષ્ટિથી આ કાર્ય કર્યું છે. દિગમ્બરાચાર્ય કૃત અષ્ટ સહસ્રી નામના સંસ્કૃત ગ્રંથ ઉપર પણ ઉપાધ્યાયજીએ વિવરણ કર્યું છે અને તે કાર્ય કરીને વિશાળ દૃષ્ટિનું અનુકરણ અન્યોને કરવાનો માર્ગ ખુલ્લો કરી આપ્યો છે. અદ્યાપિપર્યન્ત દિગમ્બરોના કોઇ વિદ્વાને શ્રીમદ્ ઉપાધ્યાયની પેઠે વિશાળ દૃષ્ટિ ધારીને શ્વેતામ્બરોના કોઇ ગ્રન્થ ઉપર વિવેચન કર્યું હોય એમ જોવામાં આવતું નથી. શ્વેતામ્બર જૈન શાસ્ત્રનો પરિપુર્ણ અભ્યાસ કરીને ગીતાર્થ બનેલા સાધુઓ દેશકાળના અનુસારે જૈન શાસ્ત્રના અવિરૂદ્ધ એવા ગ્રન્થોનું વિવેચન કરીને પોતાની વિદ્વતાનો ખ્યાલ અન્યને દેખાડી આપે છે. યોગ પાતંજલ સૂત્રના ચોથા પાદ ઉપર શ્રીમદ્ યશોવિજયજીએ સંસ્કૃતમાં ટીકા કરીને વિશાળ દૃષ્ટિનો ખરેખરો ખ્યાલ આપ્યો છે. શ્રીમદ્ હરિભદ્રસુરિએ બૌદ્ધોના એક ન્યાયગ્રન્થ ઉપર ટીકા કરીને બૌદ્ધો ઉપર વિશાળ દૃષ્ટિનો દાખલો બેસાડયો હતો. વેદાન્તીઓના રચેલ વ્યાકરણ ન્યાય અને કાવ્યોના ગ્રન્થોપર કેટલાક જૈન સાધુઓએ સંસ્કૃત ટીકાઓ રચીને સાહિત્યને પુષ્ટિ આપી છે. દિગંબરના ગ્રન્થ ઉપર ટીકા કરનાર ઉપાધ્યાયજી પ્રાયઃ પેહેલા નંબરે છે. શ્રીમદ્ યશોવિજયજીનો પૂર્વના વિદ્વાનો ઉપર અને સમકાલીન વિદ્વાનો ઉપર ઉત્તમ ગુણાનુરાગ હતો. શ્રીમદ્ હરિભદ્રસૂરિ ઉપર તેમનો અત્યંત રાગ હતો, તે તેમના ગ્રન્થોથી સિદ્ધ થાય છે. શ્રીમાન્ માનવિજય ઉપાધ્યાયે બનાવેલો ધર્મસંગ્રહ નામનો ગ્રન્થ તેમણે શોધ્યો હતો. શ્રી વિનયવિજયજીએ શ્રીપાલરાસ અધુરો મૂકીને સ્વર્ગગમન કર્યું તે રાસ પણ તેમણે પુરો કર્યો. શ્રીમદ્ આનન્દઘનની અષ્ટપદી બનાવીને તેમના ગુણ ગાયા. શ્રીમદ્ હરિભદ્રસુરિના ગ્રન્થોપર ટીકા કરી. ઇત્યાદિનું અવલોકન કરતાં તેઓ ગુણાનુરાગદૃષ્ટિધારક હતા એમ સિદ્ધ થાય છે. અધ્યાત્મસારમાં ભગવદ્ગીતાના કેટલાક શ્લોકોને દાખલ કરીને તેમણે ગુણાનુરાગની દૃષ્ટિને સિદ્ધ કરી આપી છે. તેઓએ યુવાવસ્થામાં વાદવિવાદના ગ્રન્થો રચ્યા છે, તે સંબંધી જાણવાનું કે તે વખતમાં તે જૈનોમાં એક અદ્વિતીય વિદ્વાન હતા. જૈન ધર્મના રક્ષણ માટે તેમના માથે આવી પડેલી ફરજને તેમના વિના કોઇ અદા કરી શકે તેવું ન હોવાથી તેમણે પોતાની ફરજ અદા કરી છે. ધર્મનો પ્રચાર કરવાને માટે તેમની નસોનસમાં લોહી ઉછળતું હતું; તે વખતમાં એવા મહાન્ પુરૂષ જો ન હોત તો જૈનોને ઘણું સહન કરવું પડત. અઢારમા સૈકામાં જૈનોના સુભાગ્યે શ્રીમદ્નો જન્મ થયો હતો. હાલ જે મુનિવરો સારીરીતે આચાર પાળે છે. તેમાં શ્રીમદ્ના રચેલા ગ્રન્થો પણ ઉપકારક છે એમ કહ્યા વિના ચાલતું નથી. જો તેમણે સત્યવિજયપન્યાસને મદદ ન કરી હોત તો પાછળથી કેટલાક સૈકા સુધી ઉત્તમ આચારશીલ સાધુઓ પાકી શકત નહિ.

**શ્રીમદ્ની સહનશીલતા, અને ગુરૂકૂળવાસ તથા આચાર્યની આજ્ઞામા વર્તવું.**

દુનિયામાં વકતા અગર લેખક વિદ્વાનને તે વખતના જમાનામાં ઘણું દુઃખ સહન કરવું પડે છે. વિદ્વાનની દૃષ્ટિ ખરેખર ભવિષ્યના સમયને અનુમાનથી અવલોકી શકે છે. શ્રીમદે પણ ભવિષ્યનો સમય અવલોકયો હતો. યતિયોનો જો શિથીલાચાર વૃદ્ધિ પામસે અને મમત્વપ્રતિબંધમાં યતિઓ સપડાશે તો શ્વેતાંમ્બર મૂર્તિપૂજક વર્ગને ઘણી હાનિ પોહોંચશે એવો મનમાં વિચાર કરીને શિથીલાચારનું ખંડન કરવા માંડયું અને શિથિલ યતિઓનું ખંડન કર્યું તેથી ઘણા યતિઓની લાગણી દુઃખાઇ. તે યતિઓએ આચાર્યને કહ્યું શિથીલાચારી યતિઓએ ઉપાધ્યાયને હલકા પાડવા વિરૂદ્ધતા દર્શાવી આચાર્યનું ચિત્ત પણ ફેરવ્યું

તોપણ તેઓ તરફથી ઘણી ઉપાધીઓ સહન કરીને તથા ઉપદેશ દેઇને સંવેગી સાધુઓ આગળ વધે અને તેઓની વૃદ્ધિ થાય એવો ઉપદેશ તથા ગ્રન્થોદ્વારા માર્ગ કરી આપ્યો. સંવેગી સાધુની શાખા તેમના વખતમાં ઉત્પન્ન થઈ હતી. શ્રીમદ્ યશોવિજયજી પોતે વિદ્વાન્ છતાં શ્રી વિજયપ્રભસૂરિની આજ્ઞા પ્રમાણે વર્તતા હતા અને ગુરૂકૂળવાસમાં રહીને સાધુ-ઓએ શાસ્ત્રોનો અભ્યાસ કરવો જોઇએ તથા ચારિત્ર પાળવું જોઇએ એમ તેમણે ગુર્જર ભાષાના ગ્રન્થોમાં જણાવ્યું છે. પેહેલાં તેઓ વિજયસિંહ સૂરિની આજ્ઞામાં હતા. તેઓ સ્વર્ગસ્થ થયા બાદ શ્રીવિજયપ્રભ સૂરિની આજ્ઞા પ્રમાણે વર્તતા હતા. શ્રી વિજયપ્રભ સૂરિના યુવરાજનું નામ પોતાના ગ્રન્થમાં દાખલ કરવા તેમની માન્યતા પણ સ્વિકારી છે. તે તે વખતના આચાર્યની પરંપરા સદા ચાલ ચાલે અને યતિઓ સુધરે એવો તેમના મનમાં શુદ્ધ ભાવ હતો. શ્વેત વસ્ત્રદ્વારા સાધુઓની પરંપરા વર્તે એવી તેમની ભાવના હતી, પણ તે વખતના કેટલાક યતિઓએ તેમની વાણીને હિસાબમાં ગણી નહિ તેથી હાલ પરંપરાએ યતિઓની પડતી દશા દેખીને કયા જૈનના મનમાં ખેદ ઉત્પન્ન થયા વિના રહે ? સંવેગી સાધુઓ પ્રતિદિન ઉત્તમ આચારશીલ થવાથી યતિઓ તરફ શ્રાવકોની બેદરકારી વધવા માંડી. સામ્પ્રત કાળના સાધુઓએ પણ આ દાખલાનો સારાંશ ગ્રહણ કરવો જોઇએ.

---

## શ્રીમદે કયા આચાર્યના વખતમાં કઇ સાલમાં કયા ગ્રન્થો રચ્યા.

| | વિક્રમ સંવત. | ગામ. | કયા આચાર્યના સમયમાં. |
|---|---|---|---|
| શ્રીપાલ રાજાનો રાસ. | ૧૭૩૮ | રાન્દેર | વિજયપ્રભસૂરિ. |
| દોઢસો ગાથાનું સ્તવન. | ૧૭૩૩ | અમદાવાદ પાસે ઇન્દલપરામાં. | વિજય પ્રભસૂરિ રાજ્યમાં અને વિજયરત્ન યુવરાજના સમય. |
| સમકિત સડસઠ બોલની સજ્જાય... | ... | ... | વિજયપ્રભસૂરિ. |
| અગીઆર અંગની સજ્જાય. | ૧૭૪૪ | સુરતબંદર. | વિજયપ્રભસૂરિરાજ્યમાં બગોઇ શ્રાવિકા અને મંગલશાના પુત્ર રૂપચંદ ભાઇ અને માણેક-શાને અગીઆર અંગ સંભળાવ્યાં |
| પ્રતિક્રમણ ગર્ભહેતુ સજ્જાય. | ૧૭૪૪ | સુરત બંદર | વિજયપ્રભસૂરિ રાજ્યમાં |
| માન એકાદશીના દોઢસો કલ્યાણકનું ગુણણું. | ૧૭૩૨ | ખંભાત. | વિજયપ્રભસૂરિ રાજ્યમાં |
| સાડા ત્રણસો ગાથાનું સ્તવન. | ... | ... ... | વિજયસિંહ સૂરિરાજ્યમાં |
| જંબુસ્વામીનો રાસ. | ૧૭૩૯ | ખંભાત. | વિજયપ્રભસૂરિ રાજ્યમાં |
| સમુદ્ર વહાણ સંવાદ. | ... | ... ... | વિજયપ્રભસૂરિ રાજ્યમાં. |
| નિશ્ચય વ્યવહારનું સ્તવન. | ૧૭૩૪ | | વિજયપ્રભસૂરિ રાજ્યમાં. |

શુદ્ધ ગુર્જર ભાષાના ગ્રન્થો શ્રીમદે પોતાની પાછળની જીંદગીમાં બનાવ્યા હોય એમ લાગે છે. શ્રીમદ્ યશોવિજયજીએ રચેલ શ્રીપાલરાસ અને જંબુસ્વામીના રાસમાં શ્રી વિજયદેવ સૂરિ પટ્ટધર તરીકે શ્રી વિજયપ્રભસૂરિને લખ્યા છે. શ્રી વિજયદેવ સૂરિની પાટપર શ્રી વિજય-સિંહ સૂરિ થયા છે અને તેમની એટલે વિજયદેવસૂરિની પાટપર શ્રી વિજયપ્રભસૂરિ થયા છે. બન્ને રાસમાં વિજયદેવ સૂરિની પાટપર વિજયપ્રભસૂરિ લખ્યા છે. સંવત ૧૭૩૮માં રાન્દેર-માં શ્રી વિનયવિજયજીએ સ્વર્ગ ગમન કર્યું છે. ૧૭૩૮ની સાલથી વિજયદેવ સૂરિની પાટપર શ્રી વિજયસિંહ સૂરિનું નામ ન લખવામાં આવ્યું તેનું કારણ બરાબર સમજાતું નથી. સુરત સગરામપરાના દેરાસર પાસની એક દેહેરીના લેખમાં પણ શ્રી વિજયસિંહસૂરિનું નામ દેખવામાં આવતું નથી. તત્ સંબંધી નિર્ણય કરવાને માટે પૂરતાં સાધનો વડે ભવિષ્ય-માં કંઇ નિર્ણય પર આવી શકાય.

**શ્રીમદ્ના ઉપયોગ-ની તીવ્રતા અને તેમની જૈનોમાં પ્ર-માણિકતા તથા પૂ-જ્યતા.**

શ્રીમદ્નો ઉપયોગ એટલો બધો તીવ્ર હતો કે આગમોના અનુસારે ગ્રન્થો લખતાં કોઇ ઠેકાણે ચૂકયા નહોતા. તેમણે સ્તવનમાં ઠાણાની સાક્ષી આપી છે તેનો અર્થ કેટલાક ઠાણાંગસૂત્ર કરીને તેમાં તે સાક્ષી નથી એમ કહીને ઉપાધ્યાયજી એક ઠેકાણે ચૂકી ગયા એમ કહે છે કે તેમને કહેવાનું કે ઠાણા નામનું પ્રકરણ છે અને તે લીંબડીના જૈન ભંડારની ટીપમાં મેં પ્રત્યક્ષ વાંચ્યું છે. શ્રીમદ્ યશોવિજયજી વિહાર કરીને લીંબડી ગયા હતા અને ત્યાં ઠાણા પ્રકરણ જોઈને તેમણે તેની સાક્ષી આપી છે; માટે શ્રીમદ્ના અખંડ ઉપયોગની પ્રશંસામાં જરા માત્ર પણ ન્યુનતા આવતી નથી. શ્રીમદ્ના ગ્રન્થોની પ્રમાણિકતા એકી અવાજે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન કોમ સ્વિકારે છે. ખરતરગચ્છના દ્રવ્યાનુયોગના ઉત્તમજ્ઞાની શ્રીમદ્ દેવચન્દ્રોપાધ્યાયે તેમના રચેલા જ્ઞાનસાર ગ્રન્થ ઉપર ટીકા કરીને તેમની પ્રમાણિકતા અને તેમની પૂજ્યતા સ્વિકારી છે. અઢારમા સૈકામાં શ્રી જ્ઞાનવિમલસૂરિએ તેમના ગ્રન્થોપર ભાષાના ટબા પૂરીને તેમના ગ્રન્થોની પ્રમાણિકતા તથા પૂજ્યતા સ્વિકારી છે. ઓગણીસમા સૈકામાં થએલા પિસ્તાલીશ હજાર ગુજરાતી કાવ્ય ગાથાઓના રચનાર શ્રીમાન્ પદ્મવિજયજીએ તેમના બનાવેલા સાડા ત્રણુસો ગાથાના સ્તવન ઉપર ટબો પુરીને તેમની પ્રમાણિકતા તથા પૂજ્યતા સ્વિકારી છે. વીશમા સૈકામાં પન્યાસ ગંભીરવિજયજીએ તેમના બનાવેલા અધ્યાત્મસાર અને જ્ઞાનસાર ઉપર ટીકા રચીને તેમની પૂજ્યતામાં વૃદ્ધિ કરી છેઃ લેખકે પણ તેમના સમાધિશતક અને પર-માત્મ જ્યોતિ ઉપર વિવેચન કરીને તેમની સેવા, ભક્તિ અને પૂજ્યતા સ્વિકારીને યશોગાન કર્યું છે. તેમની પાચ્છળ થનાર વિદ્વાન આચાર્યો, ઉપાધ્યાયો, પન્યાસો અને સાધુઓ વગેરે જૈનો-એ તેમની એકી અવાજે પ્રશંસા કરી છે. તેમનું નામ અમર રાખવાને માટે મહેસાણા અને કાશી વગેરેની સંસ્કૃત પાઠશાળાઓ સાથે " **यशोविजय संस्कृत पाठशाला** " વગેરે સ્થાપન કરી તેમના નામદેહને શોભાવ્યો છે. શ્રીમદ્ હતા તે વખતે તેમના વિરોધિઓ, પ્રતિસ્પર્ધીઓ અને ગુણાનુરાગીઓ એમ ત્રણ પ્રકારના મનુષ્યો હતા. વિરોધિઓ તો તેમને હલકા પાડવાને પ્રયત્ન કરતા હતા. પ્રતિસ્પર્ધીઓ તેમના ગુણોને ઇર્ષ્યાથી કથી શકતા નહોતા અને જે ગુણાનુરાગી હતા તેઓ તેમના જીવન સમયમાં ગુણો દેખતા હતા. સુધા-

રકો, ઉપદેશકો અને મહાત્માઓની બાબતમાં આ પ્રમાણે પ્રાયઃ બન્યા કરે છે. વીશમા સૈકાના મહાવિદ્વાન્ ન્યાયાંભોનિધિ શ્રીમદ્ આત્મારામજી ઉર્ફે વિજયાનંદ સૂરિશ્વરની બાબતમાં પણ તેમ જોવામાં આવે છે. ઉપાધ્યાયની પાછળ તેમની પૂજ્યતામાં, કીર્તિમાં અને પ્રમાણિકતામાં વધારો થતો દેખવામાં આવે છે. દુનિયા પચ્ચાસ વર્ષ પાછળ છે અને જ્ઞાનીઓ પચ્ચાસ વર્ષ આગળ છે આવી કહેવતમાં પણ અમુક અંશે અમુકની બાબતમાં સત્યતા અવલોકવામાં આવે છે. અઢારમા સૈકામાં ઉપદેશ ક્ષેત્રમાં યોદ્ધાની પેઠે ઘુમીને આત્મભોગ આપીને ઉપદેશ દેનાર અને ભવિષ્યની પ્રજાને માટે અનેક ગ્રન્થોરૂપ જ્ઞાનલક્ષ્મીને મૂકી જનાર શ્રીમદ્ યશોવિજયજીનું નામ જૈનોના હૃદયમાં કોતરાઇ રહ્યું છે.

**શ્રીમદે ગુજરાતી ભાષામાં રચેલો છેલ્લો ગ્રન્થ અને સંસ્કૃતમાં રચેલો છેલ્લો ગ્રન્થ.**

પ્રતિક્રમણગર્ભહેતુની સજ્ઝાયો અગીઆર અંગની સજ્ઝાઓ તરીકે તેમણે ગુજરાતી ભાષામાં છેલ્લી રચના કરી હતી. સંસ્કૃત ભાષામાં જ્ઞાનસાર નામનો છેલ્લો ગ્રન્થ તેમણે સિદ્ધપુરમાં બનાવ્યો છે. કેટલાક અનુમાનોથી સિદ્ધપુરનું ચોમાસું સંવત ૧૭૪૦વા સંવત ૧૭૪૩નું લગભગ કહી શકાય. જો તેમણે લાગટ સુરતના સંઘને અગીઆર અંગ સંભળાવ્યાં હોય તો લગભગ ચાર વર્ષ સુધી સુરતમાંનાં લાગટ ચોમાસાં કહી શકાય તે અપેક્ષાએ લગભગ સંવત ૧૭૪૦ની સાલનું ચોમાસું પ્રાયઃ સિદ્ધપુર બની શકે, અને તેમણે લાગટ અગીઆરઅંગ સુરતના સંઘને ન સંભળાવ્યાં હોય તો સંવત ૧૭૪૩ની સાલનું ચોમાસું પ્રાયઃ સિદ્ધપુરમાં કલ્પી શકાય. સત્ય વાત તો જ્ઞાની જાણે. ભાવનગરના શાહ દીપચંદ છગનલાલે જ્ઞાનસારભાષા નામનો ઉપોદ્ઘાત બનાવ્યો છે તેમાં લખે છે કે "જ્ઞાનસાર" ગ્રન્થ સંવત ૧૭૩૮ અગાઉ લખ્યો હોય એવું અનુમાન થઇ શકે છે. કેમકે શ્રી વિનયવિજયજી મહારાજ રચિત શ્રીપાલનો રાસ કે જે પૂર્ણ કર્યા પહેલાં તેમનો સ્વર્ગવાસ થયો તે રાસ યશોવિજયજી મહારાજે સંવત ૧૭૩૮માં પૂર્ણ કર્યો, તે ગ્રન્થમાં સર્વ સમૃદ્ધિ અષ્ટકનું નામ દૃષ્ટિગોચર થાય છે.

"અષ્ટક સકલ સમૃદ્ધિની રૂદ્ધિ ઘટમાહે દાખીરે"

( ખંડ. ૪ ઢાલ ૧૨ ગાથા ૧૨–મુક્તિવિજયકૃત ટબાવાળી–પ્રત )

મર્હુમ શ્રાવક દીપચંદભાઇનું આ અનુમાન બરાબર બંધ બેસતું જણાતું નથી. છાપેલા શ્રીપાલ રાસમાં અષ્ટક સકલ સમૃદ્ધિને ઠેકાણે અષ્ટ સકલ સમૃદ્ધિની એ પદ કહ્યું છે; અને અષ્ટ સકલ સમૃદ્ધિની એ પદ બરાબર બંધ બેસતું જણાય છે. શ્રીપાલ રાસના ટબામાં અણિમા, લઘિમા આદિ અષ્ટ સિદ્ધિઓ આત્મામાં પ્રગટે છે તેમ જણાવ્યું છે અને જ્ઞાનસારમાં જણાવેલું સર્વ સમૃદ્ધિ અષ્ટક વાંચતાં માલુમ પડે છે કે તેમાં આઠ જુદી સમૃદ્ધિઓ છે, અને તેનો શ્રીપાલ રાસની સાથે કશો સંબંધ જણાતો નથી તેથી સર્વ સમૃદ્ધિ અષ્ટકની સાથે રાસમાં કહેલી બીનાનો સંબંધ ન બેસવાથી સંવત ૧૭૩૮ પહેલાં જ્ઞાનસાર બનાવ્યો હતો એમ કહેવામાં કોઇ આધાર જણાતો નથી. શ્રીમદ્ ઉપાધ્યાયજીની છેલ્લી ઉમરમાં જ્ઞાનસાર ગ્રન્થના ઉદ્ગારો અતિ શાન્તાવસ્થામાં નીકળવા જોઇએ અને તે સંસ્કૃતનો છેલ્લો ગ્રન્થ માનીને તેનો ભાવ પૂર્વક સ્વાધ્યાય કરવો જોઇએ.

શ્રીમદ્નો વિહાર ગુજરાત, માળવા, કાશી તરફનો દેશ, મારવાડ, મેવાડ, કાઠિયાવાડ,

**શ્રીમદ્દનો વિહાર ચોમાસાં અને તે કાળેજૈનોનીસંખ્યા.**

ચરોત્તર, ભરૂચ તરફનો નર્મદાપ્રદેશ, સુરત તરફનો પ્રદેશ, ઇત્યાદિ સ્થળે થએલો જણાય છે. યુવાવસ્થામાં કાશીમાં રહી વિદ્યાભ્યાસ કર્યો. કાશીથી નીકળતાં કાનપૂર, આગ્રા, જેસલમેર, જોધપુર, વગેરે તરફ થઇને વા માળવામાં થઇને ગુજરાત તરફ આવ્યા હોય એમ લાગે છે. ગુજરાત, કાઠિયાવાડ અને મારવાડનાં તીર્થોની યાત્રાઓ તેમણે કરેલી છે.

" વિમલાચલ નિત્ય વંદીએ " એ સ્તવન તેમણે સિદ્ધાચલની ભક્તિથી બનાવ્યું હતું. " અબ મોહે એસી આય બની, શ્રી સંખેશ્વર પાસ જિનેશ્વર " એ પદ તેમણે સંખેશ્વર પાર્શ્વનાથના દર્શન કરતી વખતે બનાવ્યું હતું તેથી તેઓ ચુંઆલ દેશમાં વિચર્યા એમ સિદ્ધ થાય છે. રાધનપુર પણ તેઓ પાસે હોવાથી ગયા હતા. પાટણ, અમદાવાદ, ખંભાત અને સુરતમાં તેમનાં ચોમાસાં થયાં હતાં. છેલ્લા વર્ષોમાં તેઓએ સુરતમાં ઘણાં ચોમાસાં કર્યાં. હતાં. સુરતમાં તે વખતે નવ લાખ મનુષ્યોની વસ્તી ગણાતી હતી. ભરૂચ પાસે નાકોરા ગામ છે ત્યાં તેઓ શેષકાલમાં ઘણા વખત સુધી રહેતા હતા. અદ્યાપિ પર્યંત ત્યાં તમનો ભંડાર છે. પણ પુસ્તકો વિખેરાઇ ગયાં છે. સુરતમાં તેમણે મંડનપાર્શ્વનાથનાં દર્શન કરીને તેમનું સ્તવન બનાવ્યું છે. હાલમાં મંડનપાર્શ્વનાથના દેરાસર પાસે દેવસુરગચ્છનો ઉપાશ્રય હતો ત્યાં તેમણે ચોમાસાં કર્યાં છે. રાન્દેરમાં તેઓ જ્યાં ઉતરતા હતા તે ઉપાશ્રય જૂનો હાલ પણ છે. અમદાવાદથી સુરતપર્યન્ત છેલ્લાં વર્ષોમાં તેમનો વિશેષ વિહાર થતો હતો.

શ્રીમદ્દના સમયમાં જૈનોની સંખ્યા આશરે ૪૦ થી ૫૦ લાખ સુધીની હતી અને સાધુ સંખ્યા ૮૦૦૦ થી ૧૦૦૦૦ સુધીની હતી અને સાધ્વીઓની સંખ્યા ૧૫૦૮૦ ની આશરે હતી.

**શ્રીમદ્દનું દેવપણે ઉત્પન્ન થવું અને તે સંબંધી ચમત્કાર.**

કેટલાક જૈનોમાં એવી કિંવદન્તી ચાલે છે કે શ્રીમદ્દ યશોવિજયજી કાળ કરીને દેવ થયા છે. તેમની દેહેરી પાસે જઇને તેમનાં પદો ગાનાર કેટલાક ભોજકોને તેમણે યતિ–વેશમાં દર્શન આપીને સંતુષ્ટ કર્યા છે. ઘણા લોકોને તેઓ દર્શન આપે છે. સત્ય તો જ્ઞાની જાણે પણ આવા મહા ધુરંધર મુનિવરનો આત્મા ઉત્તમ અવતારને પામ્યો હોય એમ લેખકનો આત્મા ધારે છે.

**ઉપસંહાર.**

ગુર્જરસાહિત્યપોષક ધર્મસાહિત્યદ્ધારા યુગ પ્રધાન શ્રુત કેવલી શ્રીમદ્દ યશોવિજયજી ઉપાધ્યાયના જીવનચરિત્રની રેખા કિંચિત્ દોરવામાં આવીછે, તેમાંથી સજ્જનો હંસ દષ્ટિવત્ સારભાગને ગ્રહણ કરો, એમ પ્રાર્થું છું. શ્રીમદ્દના જીવન ચરિત્રમાંથી શ્રદ્ધા, ભક્તિ, જ્ઞાન, ચારિત્ર, વૈરાગ્ય, ધ્યાન, પરમાર્થ, ત્યાગ ઉપદેશ, દાન, લઘુતા, ધૈર્ય, ગુણાનુરાગ, સત્યકથન, પરિસહ સહનશક્તિ, વ્યવહાર અને નિશ્ચય નયનું અનેકાન્તપણે પ્રતિપાદન, લેખક શક્તિ ગુરૂકૂળ વાસ માન્યતા, ધર્મસેવા, આત્માનું ધ્યાન, અધ્યાત્મવિલાસ, ધર્મસંરક્ષક શક્તિ, વિશાળ દૃષ્ટિ, વગેરે ઘણા ગુણો લેવાના મળે છે. જે માનવ બાંધવો તેમના ગ્રન્થોનું પરિપૂર્ણ અધ્યયન કરે છે તેઓને તેમના હૃદયનો અનુભવ લેવાના અનુમાનોથી સામગ્રી સંપ્રાપ્ત થાય છે, ને તેથી તેઓ શ્રીમદ્દના ગુણોનું ગાન કરે છે. તથાસ્તુ. ૐ **શાન્તિઃ ૩**

મુકામ. પાદરા. સંવત ૧૯૬૮ ફાલ્ગુન વદી ૧૨ **લેખક મુનિ બુદ્ધિસાગર.**

પૃષ્ટ. ૩૧ થી ૪૬ સુધી. શ્રી સત્યવિજય પ્રેસમાં શા. સાંકલચંદ હરીલાલે છાપ્યું—**અમદાવાદ.**

# શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થમાળામાં-પ્રગટ થયેલ ગ્રન્થો.

| ગ્રન્થાંક. | પૃષ્ઠ. | | | કીં. રૂ. આ. પા. |
|---|---|---|---|---|
| ૦. ભજન સંગ્રહ ભાગ ૧ લો+ ... | ૨૦૮ | ... | ... | ૦—૮—૦ |
| ૧. અધ્યાત્મ વ્યાખ્યાન માળા* ... | ૨૦૬ | ... | ... | ૦—૪—૦ |
| ૨. ભજન સંગ્રહ ભાગ ૨ જો+ ... | ૩૩૬ | ... | ... | ૦—૮—૦ |
| ૩. ભજન સંગ્રહ. ભાગ ૩ જો* ... | ૨૧૫ | ... | ... | ૦—૮—૦ |
| ૪. સમાધિ સતકમ્* ... | ૩૪૦ | ... | ... | ૦—૮—૦ |
| ૫. અનુભવ પચ્ચિશી× ... | ૨૪૮ | ... | ... | ૦—૮—૦ |
| ૬. આત્મપ્રદીપ ... ... | ૩૧૫ | ... | ... | ૦—૮—૦ |
| ૭. ભજન સંગ્રહ ભાગ ૪ થો× ... | ૩૦૪ | ... | ... | ૦—૮—૦ |
| ૮. પરમાત્મદર્શન ... ... | ૪૩૨ | ... | ... | ૦—૧૨—૦ |
| ૯ પરમાત્મજ્યોતિ× ... ... | ૫૦૦ | ... | ... | ૦—૧૨—૦ |
| ૧૦ તત્ત્વબિંદુ* ... ... | ૨૩૦ | ... | ... | ૦—૪—૦ |
| ૧૧. ગુણાનુરાગ (આવૃત્તિબીજી) ... | ૨૪ | ... | ... | ૦—૧—૦ |
| ૧૨. ૧૩. ભજન સંગ્રહ ભાગ ૫ મો તથા જ્ઞાનદિપીકા | ૧૯૦ | ... | ... | ૦—૬—૦ |
| ૧૪. તીર્થયાત્રાનું વિમાન ( આવૃતિ બીજી ) | ૬૪ | ... | ... | ૦—૧—૦ |
| ૧૫. અધ્યાત્મ ભજન સંગ્રહ ... | ૧૯૦ | ... | ... | ૦—૬—૦ |
| ૧૬. ગુરૂબોધ.× ... ... | ૧૭૨ | ... | ... | ૦—૪—૦ |
| ૧૭. તત્ત્વજ્ઞાનદિપીકા* ... ... | ૧૨૪ | ... | ... | ૦—૬—૦ |
| ૧૮. ગહુંલી સંગ્રહ ... ... | ૧૧૨ | ... | ... | ૦—૩—૦ |
| ૧૯. શ્રાવક ધર્મસ્વરૂપ ભાગ ૧ લો ( આવૃત્તિ ત્રીજી.) | ૪૦ | ... | ... | ૦—૧—૦ |
| ૨૦. ,, ,, ,, ભાગ ૨ જો ( આવૃત્તિ ત્રીજી. ) | ૪૦ | ... | ... | ૦—૧—૦ |
| ૨૧. ભજન પદસંગ્રહ ભાગ ૬ ઠો ×... | ૨૦૮ | ... | ... | ૦—૧૨—૦ |
| ૨૨. વચનામૃત ... ... | ૩૮૮ | ... | ... | ૦—૧૪—૦ |
| ૨૩ યોગદીપક. ... ... | ૨૬૮ | ... | ... | ૦—૧૪—૦ |

## વ્હેલો તે પહેલો કેમકે ઘણા ગ્રન્થો ખલાસ થયા છે.

+ આ નીશાની વાલા ગ્રન્થો માત્ર **વીશની** અંદર શીલક છે.
* આ નીશાની વાલા ગ્રન્થો માત્ર **એકસોની** અંદર શીલક છે.
× આ નીશાની વાલા ગ્રન્થો માત્ર **બસોની** અંદર શીલક છે.

## ગ્રન્થો નીચલા સ્થળેથી વેચાણ મળશે.

૧. **અમદાવાદ**—જૈન બોર્ડીંગ–ઠે. નાગોરીશરાહ.
૨. **મુંબઇ**—મેસર્સ મેઘજી હીરજીની કું,–ઠે. પાયધુણી.
૩. ,, —શ્રી અધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડળ–ઠે. ચંપાગલી.
૪. **પુના**—શા. વીરચંદ કૃષ્ણાજી.–ઠે. વૈતાલપેંઠ.